અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ માર્ચ ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૧૩ | અંક : ૨૪૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ૭ સૈન્યકર્મીને મોતને ઘાટ ઉતારી દીધા

# પાકિસ્તાનમાં આતંકવાદીઓએ આખી ટ્રેન હાઇજેક કરી

### ૧૦૦થી વધારે લોકોને બંધક બનાવ્યા છે આ સાથે ચેતાવણી પણ આપી છે કે, જો તેમની સામે કોઈપણ પ્રકારનું સૈન્ય અભિયાન ચલાવવામાં આવ્યું તો તમામને મોતને ઘાટ ઉતારી દેવામાં આવશે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૧ ।

પાકિસ્તાનમાં બલૂચ આર્મીએ આખી ટ્રેન હાઈજેક કરી લીધી છે. આ ટ્રેનમાં લગભગ ૪૦૦ લોકો હતા, જેમને આતંકવાદીઓએ બંધક બનાવ્યા હતા. પાકિસ્તાની સેના અપહરણકારોથી ટ્રેનને મુક્ત કરાવવાની કોશિષ કરી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બલૂચ આર્મીએ તમામ મુસાફરોને મુક્ત કરી દીધા છે, પરંતુ ટ્રેનમાં હાજર લગભગ ૧૪૦ સૈનિકોને બંધક બનાવી લીધા છે. સેના અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં ૯ સૈનિકોના મોત થયા છે.

પાકિસ્તાની સેનાએ ટ્રેનને હાઈજેકર્સથી મુક્ત કરાવવા એક્ટિવ થઈ છે. બલુચિસ્તાન લિબરેશન આર્મીએ એક નિવેદન જારી કરીને કહ્યું છે કે મશ્કાફ, ધાદર અને બોલાનમાં ટ્રેનનું સાવધાનીપૂર્વક હાઈજેક કરવામાં આવ્યું હતું. અમારા લડવૈયાઓએ પહેલાં ટ્રેનના પાટાને બોમ્બથી ઉડાવી દીધો હતો. ત્યારબાદ ટ્રેન રોકાઈ ગઈ હતી.

BLA કહે છે કે ટ્રેન ટ્રેક પર ઉભી રહેવાની સાથે જ અમારા લોકોએ ટ્રેનનો કબજો સંભાળી લીધો. આતંકવાદી સંગઠનોનું કહેવું છે કે જો પાકિસ્તાની સેના કોઈ કાર્યવાહી કરશે તો બધા ૧૨૦ બંધકોને મારી નાખવામાં આવશે. BLA એ પાકિસ્તાની સેનાને કડક ચેતવણી આપી છે કે જો તેમની સામે કોઈપણ પ્રકારનું લશ્કરી કાર્યવાહી શરૂ કરવામાં આવશે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. તેની સંપૂર્ણ જવાબદારી પાકિસ્તાની સેનાની રહેશે. બલૂચ લિબરેશન આર્મી (BLA) ના આતંકવાદીઓ દ્વારા જાફર એક્સપ્રેસનું



અપહરણ કર્યા બાદ પાકિસ્તાન સેનાએ જવાબી કાર્યવાહી શરૂ કરી છે. ભૂમિ દફોને પીછેહઠ કરવી પડી છે ત્યારબાદ હવે હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે. હેલિકોપ્ટર અને ફાઈટર જેટ ઘટનાસ્થફે મોકલવામાં આવ્યા છે. BLA ના માજીદ બ્રિગેડ, STOS, ફતાહ સ્ક્વોડ અને જીરાબ યુનિટના લડવૈયાઓ હજુ પણ મજબૂત સ્થિતિમાં છે. સંગઠને પાકિસ્તાની સેનાને ચેતવણી આપતા કહ્યું કે, તમારા સૈનિકોને બચાવવાની આ છેલ્લી તક છે. બંધકોમાં પાકિસ્તાન આર્મી, પોલીસ, આતંકવાદ વિરોધી દફ (ATF) અને ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) ના સક્રિય ફરજ બજાવતા કર્મચારીઓનો સમાવેશ થાય છે જેઓ રજા પર પંજાબ જઈ રહ્યા હતા. BLA એ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો પાકિસ્તાની સેના કોઈ બદલો લેશે તો બધા બંધકોને મારી નાખવામાં આવશે. BLAના પ્રવક્તા જિયાંદ બલોચે હુમલાની જવાબદારી લીધી અને કહ્યું કે આ કાર્યવાહી આયોજનબદ્ધ હતી અને તેમના લડવૈયાઓનો ટ્રેન અને મુસાફરો પર સંપૂર્ણ કબજો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, બલૂચ રાષ્ટ્રીય આંદોલનને નિર્ણાયક તબક્કામાં પહોંચાડવા માટે મુખ્ય નિર્ણય લેવામાં આવ્યા છે. આ બેઠકમાં એ વાત પર સંમતિ બની હતી કે, BRAS જલ્દી બલૂચ રાષ્ટ્રીય સેનાનું રૂપ લેશે. BRAS ના આગમનથી પાકિસ્તાનમાં ચીન દ્વારા ચલાવવામાં આવતા ઘણા CPEC પ્રોજેક્ટ્સ માટે મોટું જોખમ ઉભું થયું છે. બલૂચ રાજી અજોઈ સંગાર ની સંયુક્ત બેઠક બાદ એક નિવેદન રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં ભાગીદાર સંગઠનો - બલૂચ લિબરેશન આર્મી, બલૂચિસ્તાન લિબરેશન ફ્રન્ટ, બલૂચ રિપબ્લિકન ગાર્ડ્સ અને સિંધી લિબરેશન ઓર્ગેનાઈઝેશન સિંધુદેશ રિવોલ્યુશનરી આર્મીએ હાઈલેવલ ડેલિગેશનમાં ભાગ લીધો હતો.

## ન્યૂઝ બ્રિફ

### જર્મનીમાં કર્મચારીઓની હડતાળને કારણે ઘણી ફ્લાઇટ્સ રદ થઇ

। (એજન્સી) જર્મની, તા.૧૧ ।

જાહેર ક્ષેત્રના કર્મચારીઓ, સુરક્ષા કર્મચારીઓ અને એરપોર્ટ પરના અન્ય કર્મચારીઓએ મધરાતથી ૨૪ કલાકની હડતાળ શરૂ કરી હતી. કર્મચારીઓએ શુક્રવારે હડતાળની જાહેરાત કરી હતી. ફ્રેંકફર્ટ અને મ્યુનિક અને દેશના અન્ય તમામ મુખ્ય સ્થળો સહિત જર્મનીના ૧૩ એરપોર્ટ પર કામદારોની એક દિવસીય હડતાલને કારણે સોમવારે મોટાભાગની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી.જાહેર ક્ષેત્રના કર્મચારીઓ, સુરક્ષા કર્મચારીઓ અને એરપોર્ટ પરના અન્ય કર્મચારીઓએ મધરાતથી ૨૪ કલાકની હડતાળ શરૂ કરી હતી. કર્મચારીઓએ શુક્રવારે હડતાળની જાહેરાત કરી હતી.

### અમેરિકાએ રાજદૂતને ઘૂસવા પણ ન દીધા, એરપોર્ટથી જ કર્યા ડિપોર્ટ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમિગ્રેશન નિયમો કડક કરી દેવામાં આવ્યા છે. એવામાં તુર્કમેનિસ્તાનમાં પાકિસ્તાનના રાજદૂત કે.કે. અહેસાન વાગનને અમેરિકામાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. તેમજ એરપોર્ટ પરથી જ તેમને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. વિદેશ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ આ વાતની જાણકારી આપી હતી. ઈમિગ્રેશન સામે વાંધો ઉઠાવ્યા બાદ પાકિસ્તાનના રાજદૂત કેકે અહેસાન વાગનને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. પાકિસ્તાની રાજદૂત વાગન પાસે અમેરિકાના માન્ય વિઝા અને તમામ જરૂરી ટ્રાવેલ ડોક્યુમેન્ટ્સ હતા અને તેઓ અંગત મુલાકાત માટે લોસ એન્જલસ જઈ રહ્યા હતા.

### અસદના સમર્થકોની મહિલાઓ પર કરાયો જુલમ

# સીરિયામાં આક્રમક હિંસા, ચાર દિવસમાં ૧૦૦૦થી વધુના મોત

### આ વિસ્તારોમાં ૭૨ કલાકથી પાણી અને વીજ સપ્લાય સંપૂર્ણપણે બંધ છે મોતના આ આંકડા ૨૦૧૧ના ગૃહયુદ્ધ બાદ સૌથી વધુ છે

। (એજન્સી) સીરિયા, તા.૧૧ ।

સીરિયાના લતાકિયા અને તારતૂસમાં સુરક્ષા દળો અને અસદના સમર્થકો અલાવી સમુદાય વચ્ચે હિંસા થોભવાનું નામ લઈ રહી નથી. છથી ૧૦ માર્ચ દરમિયાન થયેલી હિંસામાં કુલ ૧૦૦૦ લોકોના મોત નીપજ્યા છે. આ વિસ્તારોમાં ૭૨ કલાકથી પાણી અને વીજ સપ્લાય સંપૂર્ણપણે બંધ છે. મોતના આ આંકડા ૨૦૧૧ના ગૃહયુદ્ધ બાદ સૌથી વધુ છે.



સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સ અનુસાર, સીરિયન સુરક્ષા દળોએ ૬ થી ૧૦ માર્ચના ચાર દિવસના ગાળામાં જ ૧,૦૧૮ લોકોની હત્યા કરી હતી. બશર અલ-અસદ ગયા વર્ષે ડિસેમ્બરમાં બળવા બાદ દેશ છોડીને રશિયા પલાયન કર્યું હતું. બાદમાં હયાત તહરિર અલ-શામ એ સીરિયાની સત્તા પર કબજો જમાવ્યો હતો. HTSના લડાકૂઓ હવે સીરિયન સેનાનો ભાગ છે. તેઓ અસદના સમર્થકો અને પૂર્વ સરકારના અધિકારીઓ પર અવારનવાર હુમલાઓ કરી રહ્યા છે.સીરિયન સરકારનું કહેવું છે કે બશર અલ-અસદના સમર્થકોએ સુરક્ષા દળો પર હુમલો કર્યો હતો, જે બાદ હિંસા શરૂ થઈ હતી. બીજી બાજુ અસદના સમર્થકો અને લડાકૂઓએ સુરક્ષા દળો પર તેમના રહેણાંક વિસ્તારોમાં બોમ્બ ફેંકવાની અને ગોળીબાર કરવાનો આરોપ લગાવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે સુરક્ષા દળોએ એક વ્યક્તિને પકડવાનો પ્રયાસ કર્યો ત્યારે સ્થિતિ વધુ ખરાબ થઈ હતી. સરકારે લતાકિયા અને ટાર્ટસમાં મોટી સંખ્યામાં સુરક્ષા દળોને તૈનાત કર્યા છે અને કર્ફ્યુનો આદેશ આપ્યો છે. રિપોર્ટ અનુસાર, અલાવી સમુદાયના લોકોને ટાર્ગેટ બનાવી મારવામાં આવી રહ્યા છે.

### એલન મસ્કે કહ્યુ- ‘દરરોજ થઇ રહ્યા છે સાયબર અટેક’

# એક જ દિવસમાં ત્રીજી વખત ડાઉન થયું ‘X’, સાયબર હુમલો યુક્રેનથી થયાનો આરોપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલન મસ્કનું માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ ‘X’ ફરી એકવાર વિશ્વભરમાં ડાઉન થયું છે. સોમવારે આ ત્રીજી વખત છે જ્યારે X ડાઉન ઠપ્પ થઈ ગયું છે. જેના કારણે યુઝર્સ લોગ ઈન કરી શકતા નથી. ઘણા યુઝર્સે ડાઉન ડિટેક્ટર વેબસાઈટ પર ફરિયાદો નોંધાવી છે.ડાઉન ડિટેક્ટર વેબસાઈટ અનુસાર, પ્રથમવાર સમસ્યા પહેલા બપોરે ૩:૩૦ વાગ્યે આવી હતી. પછી સાંજે ૭ વાગ્યે લોકોને લોગ ઈન કરવામાં સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. ત્રીજી વખત ૮ રાત્રે ૮:૪૪ વાગ્યે ફરીથી ડાઉન થયું હતું. વિવિધ સ્થળોએ લોકોને એપ અને સાઈટ પર સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. વિશ્વભરના ઘણા દેશોમાં યુઝર્સે ૪ને લઈને ફરિયાદ કરી હતી.યુનાઈટેડ કિંગડમ, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ભારત સહિત ઘણા દેશોએ અન્ય સોશિયલ મીડિયા સાઈટ્સ પર આ અંગે ફરિયાદ કરી હતી. વૈશ્વિક સ્તરે ૪૦,૦૦૦થી વધુ યુઝર્સે સેવામાં વિક્ષેપની ફરિયાદ કરી છે.




### શેરબજાર મોટી ઉથલપાથલ બાદ ફ્લેટ બંધ

# સેન્સેક્સ ૧૨ પોઈન્ટ ઘટીને ૭૪,૧૦૨.૩૨ પર બંધ થયું

### સન ફાર્મા, ICICI બેંક, શ્રીરામ ફાઇનાન્સ, BPCLના શેર નિફ્ટીના ટોચના લાભકર્તાઓની યાદીમાં સામેલ હતા

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

આજના ટ્રેડિંગ દરમિયાન, ટ્રેન્ટ, સન ફાર્મા, ICICI બેંક, શ્રીરામ ફાઈનાન્સ, BPCLના શેર નિફ્ટીના ટોચના લાભકર્તાઓની યાદીમાં સામેલ હતા. જ્યારે ઈન્ડસઈન્ડ બેંક, ઈન્ફોસિસ, બજાજ ફિનસર્વ, પાવર ગ્રીડ કોર્પ, એમ એન્ડ એમના શેર ટોચના ઘટાડાવાળા શેરોની યાદીમાં સામેલ હતા. ટ્રેડિંગ સપ્તાહના બીજા દિવસે શેરબજાર ફ્લેટ બંધ થયું. બીએસઈ પર સેન્સેક્સ ૧૨ પોઈન્ટ ઘટીને ૭૪,૧૦૨.૩૨ પર બંધ થયો. તે જ સમયે, NSE પર નિફ્ટી ૦.૧૭ ટકાના ઘટાડા સાથે ૨૨,૪૯૭.૯૦ પર બંધ થયો. આજના ટ્રેડિંગ દરમિયાન, ટ્રેન્ટ, સન ફાર્મા, ICICI બેંક, શ્રીરામ ફાઈનાન્સ, BPCLના શેર નિફ્ટીના ટોચના લાભકર્તાઓની યાદીમાં સામેલ હતા. જ્યારે ઈન્ડસઈન્ડ બેંક, ઈન્ફોસિસ, બજાજ ફિનસર્વ, પાવર ગ્રીડ કોર્પ, એમ એન્ડ એમના શેર ટોચના ઘટાડાવાળા શેરોની યાદીમાં સામેલ હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૦.૬ ટકા વધ્યો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૭ ટકા ઘટ્યો. મેટલ, રિયલ્ટી, ટેલિકોમ, તેલ અને ગેસ ૦.૫ ટકા વધ્યા, જ્યારે ઓટો, આઈટી, બેંક ૦.૫ ટકા ઘટ્યા.

### યુએસ પ્રમુખના વિશેષ દૂતનો દાવો

# ઝેલેન્સ્કીએ ટ્રમ્પને પત્ર મોકલ્યો, ઓવલની ઘટના અંગે માફી માગી

। (એજન્સી) ઝેલેન્સ્કી, તા.૧૧ ।

થોડા દિવસે પહેલા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમીર ઝેલેન્સ્કી વચ્ચે અમેરિકામાં મુલાકાત થઈ હતી, જેમાં બંને નેતાઓ વચ્ચે ઉગ્ર દલીલ થવાની ઘટના વિશ્વભરમાં ચર્ચાઈ હતી. ટ્રમ્પ-ઝેલેન્સ્કીની રકઝકે વિશ્વભરનું ધ્યાન ખેંચ્યું હતું અને આ વિવાદ મુદ્દે ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. ટ્રમ્પના વિશેષ દૂત સ્ટીવ વિટકૉફે દાવો કર્યો છે કે, ‘ઝેલેન્સ્કીએ ટ્રમ્પ સમક્ષ આજીજી કરી છે અને તેમણે પત્ર લખીને માફી માંગી છે.’ વિટકૉફે કહ્યું કે, ‘ઝેલેન્સ્કીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને એક પત્ર મોકલ્યો છે. તેમણે પત્રમાં ઓવલ ઓફિસમાં બનેલી ઘટના અંગે માફી માંગી છે. આ મુદ્દે અમારી ટીમ, યુક્રેનીઓ અને યુરોપીય લોકો વચ્ચે ઘણી ચર્ચા થઈ છે.’ વિટકૉફે ઝેલેન્સ્કીના નિર્ણયને મહત્ત્વનું પગલું ગણાવ્યું છે. વિટકૉફે પહેલા ખુદ ટ્રમ્પે અમેરિકી કોંગ્રેસના સંયુક્ત સત્રમાં સંબોધન દરમિયાન કહ્યું હતું કે, ‘અમેરિકા-યુક્રેન વચ્ચેના સંબંધો સુધારવાના પ્રયાસ હેતુ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી દ્વારા મને એક પત્ર મળ્યો છે. હું તેમના પત્રની પ્રશંસા કરું છું.’ ટ્રમ્પ અને ઝેલેન્સકી વચ્ચે ૨૮ ફેબ્રુઆરીએ કેમેરા સામે બોલાચાલી થઈ હતી. આ મામલો એ હદ સુધી પહોંચ્યો કે ઝેલેન્સકીને વ્હાઈટ હાઉસ છોડવાનું પણ કહેવામાં આવ્યું. ચર્ચા દરમિયાન ટ્રમ્પનું તીક્ષ્ણ વલણ સ્પષ્ટ દેખાતું હતું. તેમણે ખનિજ સોદા માટે યુક્રેન પર દબાણ કર્યું અને કહ્યું કે, ’કાં તો તમે સોદો કરો અથવા અમે (શાંતિ પ્રક્રિયામાંથી) બહાર થઈ જઈશું.’

**ન્યૂઝ બ્રિફ**

## દ્વારકાના મંદિરમાં હોળી-ફૂલડોલ ઉત્સવ ઊજવાશે

। (એજન્સી) દ્વારકા, તા.૧૧ ।

હોળી-ધૂળેટીના પર્વને લઈને દેવભૂમિ દ્વારકા જગત મંદિરમાં ફૂલડોલ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેમાં દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ પગપાળા યાત્રા કરી ભગવાનના દર્શનાર્થે જતા હોય છે. આગામી હોળી-ફૂલડોલ ઉત્સવને લઈને દ્વારકાધીશ મંદિર વહીવટદાર કચેરી દ્વારા સત્તાવાર વિગત જાહેર કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ શુક્રવારે ફાગણ સુદ પૂનમના દિવસે દ્વારકા જગત મંદિરમાં હોળી-ફૂલડોલ ઉત્સવ ઊજવાશે. ત્યારે ભગવાનના દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હોળી અને ધૂળેટી પર્વની ઉજવણીનું દ્વારકાના જગત મંદિરમાં ખૂબ મહત્ત્વ છે, ત્યારે દ્વારકામાં ફૂલડોલ ઉત્સવને ધ્યાનમાં રાખીને જગતમંદિરમાં ભગવાનના દર્શનનો સમય બદલવામાં આવ્યો છે. જેમાં ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ સવારના ૬:૦૦ વાગ્યે શ્રીજીની મંગળા આરતી થશે. આ પછી બપોરના ૧:૦૦ વાગ્યે મંદિર બંધ થયા બાદ ફૂલડોલ ઉત્સવ શરૂ થશે. જેમાં ૧:૩૦ વાગ્યે આ ઉત્સવની આરતી કરવામાં આવશે, જેના ૨:૩૦ વાગ્યા સુધી દર્શન કરી શકાશે. આ પછી ૨:૩૦ થી ૫:૦૦ વાગ્યા સુધી મંદિર બંધ રહેશે. જો કેઆ પછી સાંજે નિત્યક્રમ પ્રમાણે ભગવાનના દર્શન અને આરતી કરવામાં આવશે.

## વડોદરા નજીક ઓર સંગ નદીમાં મગરે વધુ એક ગ્રામજનનો શિકાર કર્યો

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા નજીક નદીમાં મગરો દ્વારા વારંવાર ગ્રામજનો ઉપર હુમલા કરવાના બનાવો બની રહ્યા છે ત્યારે વડોદરા નજીકથી પસાર થતી ઓરસંગ નદીમાં મગરે કરેલા હુમલામાં વધુ એક ગ્રામજનનું મોત નિપજયું છે. ચાણોદ નજીક સતીસણા મૂળ ડેડીયાપાડા ના વતની પાર્સિંગ ભાઈ વસાવા ગઈકાલે નમતી બપોરે ગામડી ગામે ઓરસંગ નદીમાં માછલી મારવા ઉતર્યા હતા એ દરમિયાન વગેરે તેમના પર હુમલો કર્યો હતો. બનાવને નજરે જોનારા લોકોએ બુમરાણ મચાવતાં ગ્રામજનો દોડી આવ્યા હતા પરંતુ પાર્સિંગ ભાઈનો કોઈ પત્તો જણાયો ન હતો. બનાવની જાણ ફોરેસ્ટ અને પોલીસ વિભાગને કરાતા ફાયર બ્રિગેડ અને એન ડી આર એફની મદદ લેવામાં આવી હતી.આખી રાત મહેનત કર્યા બાદ આજે સવારે મૃતકનો મૃતદેહ મળી આવ્યો હતો. જેથી ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ દ્વારા પોસ્ટ મોર્ટમ માટે તજવીજ કરવામાં આવી હતી. ફેબ્રુઆરી પછી મગરીઓનો બ્રીડિંગ ટાઈમ હોવાથી લોકોને નદી કિનારે સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

### ચોક્કસ આંગડિયા પેઢી મારફતે સોમવારે સવારે કરોડોના હવાલા પણ પડી ગયા

# ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ મેચ પર ગુજરાતમાં જ કરોડો રૂપિયાનો સટ્ટો રમાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફી રમાતી હોય અને ભારતની ટીમ ફાઈનલમાં રમતી હોય એટલે બુકીઓ-સટોડિયાઓ માટે તો જાણે કે અવસર આવ્યો હોય તેવો ઘાટ થાય. ભારત-ન્યુઝીલેન્ડની ફાઈનલ પર અમદાવાદ શહેર સહિત સમગ્ર રાજ્યમાં લગભગ એકાદ હજાર કરોડનો સટ્ટો રમાયો હતો અને બીજી દિવસે સોમવારે સવારે તો ચોક્કસ આંગડિયા પેઢી દ્વારા તેના હવાલા પણ પાડી દેવાયા હતા. જોકે પોલીસે ઓનલાઈન સટ્ટો રમાડતા ઘણા લોકોને ઝડપી પણ લીધા હતા. જોકે મોટા બુકીઓ તો પોલીસની પકડ બહાર બેસીને સટ્ટો રમાડતા હતા. જ્યારે કેટલાક બુકીઓ ખાસ દુબઈ પ હોંચી ગયા હતા.દેશ અને દુનિયાભરમાં ક્રિકેટ પર રમાતા સટ્ટાના માસ્ટર માઈન્ડ ગુજરાત અને ભારતના જ છે. આ સટોડિયાઓએ ભારતમાં પોલીસ અને તંત્રનું દબાણ વધતાં દેશ છોડી દીધો છે.

મોટા ભાગના બુકીઓ દુબઈમાં સેટલ થઈ ગયા છે. જો કે તમામની સામે ભારતમાં કેસ ચાલી રહ્યા છે. દુબઈમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ મેચ પર ભારત જીત માટે ફેવરિટ હતું. તેમ છતાં મેચ દરમિયાન ઘણા ચડાવ-ઉતાર જોવા મળ્યા હતા. હવે સટ્ટો માટેની એપ્લિકેશન દ્વારા બુકીઓ ઓનલાઈન સટ્ટો રમાડી રહ્યા છે. સટ્ટા બેટિંગની એપ્લિકેશનને આધારે બુકીઓએ કરોડોનો સટ્ટો લીધો હતો. અમદાવાદમાં હવે ઠેર ઠેર બુકીઓના માણસો સટ્ટા બેટિંગની એપ્લિકેશનો આઈડી પાસવર્ડ મેળવીને સટ્ટો રમાડતા થઈ ગયા છે.

માત્ર ગુજરાતમાં જ એકાદ હજાર કરોડનો સટ્ટો રમાયો હતો. ચાંદખેડા પોલીસે બાતમીના આધારે ચામુંડા કાફેમાં રેડ કરી હતી. કાફેમાં બેસીને ભારત-ન્યુઝીલેન્ડની ફાઈનલ મેચ પર સટ્ટો રમતા રિતેશ ઠક્કરને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીનો ફોન કબજે લઈને તપાસ કરતા એક આઈડી મળી આવ્યું હતું. જે આઈડી તેણે સોશિયલ મીડિયામાં આવતી સાઈટ પરથી ખરીદ્યું હોવાનું સામે આવ્યું છે. જ્યારે પીસીબીની ટીમે બાતમીના આધારે ગોતા દેવનગર ચાર રસ્તા પાસે નહેરૂનગર વાળા માર્કેટમાં રેડ કરી હતી. અહીંથી પોલીસે રાજેશ વનજાણી (રહે. વાડજ)ને ઝડપી પાડી તેનો ફોન કબજે લીધો હતો. જેમાં મળેલું આઈડી તેણે રોકી તલરેજા પાસેથી એક લાખમાં લીધું હોવાનું સામે આવ્યું છે. તો બીજી તરફ સોલા પોલીસે સોલા સિવિલ હોસ્પિટલની સામેથી પિન્ટુ ઠાકોરને સટ્ટો રમતા ઝડપી પાડ્યો હતો. આરોપીએ સાવન દવે પાસેથી ૧૨ હજારમાં આઈડી લીધું હોવાનું સામે આવતા હવે પોલીસે આઈડી આપનાર લોકોને શોધખોળ હાથ ધરી છે.

### આમ આદમી પાર્ટી દ્વારા સ્માર્ટ મીટરનો વિરોધ

# સુરતમાં સ્માર્ટ મીટરને લઈને રાજકારણ શરૂ થયું

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

સુરત શહેરમાં આમ આદમી પાર્ટી દ્વારા સ્માર્ટ મીટરનો વિરોધ કરવામાં આવ્યો. જિલ્લા કલેક્ટર કચેરી સૂત્રોચ્ચાર કરીને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા સ્માર્ટ મીટરનો વિરોધ કરાયો. સાથે જ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ત્યાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી હાથ ન ધરવામાં આવે તે બાબતે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને રજૂઆત કરવામાં આવી. જેથી હાલ સુરતમાં આ સ્માર્ટ મીટરનો મુદ્દો હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. જેમાં આમ આદમી પાર્ટીએ કરેલા આ કામને લઈને શહેરમાં ચર્ચા મચી જવા પામી છે.

સરકાર દ્વારા જ્યારથી સ્માર્ટ મીટરનો કોન્સેપ્ટ લાવવામાં આવ્યો છે ત્યારથી આ મીટરનો વિરોધ અલગ અલગ જગ્યા પર અલગ અલગ રીતે થઈ રહ્યો છે. કેટલીક જગ્યા પર સરકાર દ્વારા સ્માર્ટ મીટર લગાવી પણ દેવામાં આવ્યા છે. ત્યારે લોકોને બિલ વધારે આવતું હોવાની ઘણી ફરિયાદો પણ વીજ કંપનીને થઈ રહી છે અને બિલની રકમ વધારે આવતી હોવાને લઈને લોકોમાં પણ સ્માર્ટ મીટરને લઈને રોષ જોવા મળી રહ્યો છે. લોકો દ્વારા સ્માર્ટ મીટરનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.

થોડા દિવસો પહેલા લોકગાયક કિર્તીદાન ગઢવી દ્વારા પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની મુલાકાત દરમિયાન સ્માર્ટ મીટરના વખાણ કરવામાં આવ્યા હતા અને ત્યારબાદથી ફરીથી રાજ્યમાં સ્માર્ટ મીટરના વિરોધનું ભૂત ધૂણવા લાગ્યું અને સુરતમાં આમ આદમી પાર્ટી દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને સ્માર્ટ મીટર લોકોના ઘરે ન લગાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ મહામંત્રી રાકેશ હિરપરા તેમજ સુરત મહાનગર પાલિકાના વિરોધ પક્ષના નેતા પાયલ સાકરીયાની આગેવાનીમાં આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો તેમજ કાર્યકર્તાઓ દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કલેક્ટર કચેરીમાં સૂત્રોચ્ચાર કરીને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રાજ્યવ્યાપી વિરોધની શરૂઆત આમ આદમી પાર્ટી દ્વારા સુરતમાંથી કરવામાં આવી છે.

### હોળી-ધુળેટીનો ઉત્સાહ

# રાજકોટની બજારમાં ધાણી, ખજુર-દાળિયાની ધૂમ ખરીદી થઈ રહી છે

। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।

હોળી અને ધુળેટી નજીક આવતાની સાથે જ લોકોમાં ઉત્સાહનો માહોલ છવાય ગયો છે. શહેરના સદર બજાર સહિત વિવિધ વિસ્તારોમાં રંગો અને પિચકારીઓની સાથે ધાણી, ખજુર અને દાળિયાની ધૂમ ખરીદી થઈ રહી છે. લોકો હોળી પહેલાથી જ તૈયારીઓમાં લાગી ગયા છે.

હોળીનો તહેવાર નજીક આવતાની સાથે જ લોકોમાં ખુશી અને ઉમંગની લહેર જોવા મળી રહી છે. હોલિકા દહનમાં ધાણી, દાળિયા, ખજુર અને હાડાનું વિશેષ મહત્વ હોવાથી લોકો બજારોમાંથી આ વસ્તુઓની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. ભાવની વાત કરીએ તો હાડા ૮૦-૧૦૦ રૂપિયા કિલો, પતાસા ૮૦-૧૦૦ રૂપિયા કિલો, ધાણી ૮૦-૯૦ રૂપિયા કિલો, દાળિયા ૬૦-૧૨૦ રૂપિયા કિલો અને ખજુર ૮૦-૨૦૦ રૂપિયા કિલોના ભાવે બજારમાં મળી રહ્યા છે. હાડા આપવાની પ્રથા હોવાથી લોકો અત્યારથી જ તેની ખરીદી કરી રહ્યા છે.

પરંપરાગત રીતે હોળીના તહેવાર દરમ્યાન ખજુર, ધાણી, દાળિયા, પતાસા અને હાડા ખાવાનું વિશેષ મહત્વ રહેલું છે. આરોગ્યની દ્રષ્ટિએ પણ ડોક્ટરો ખજુર, ધાણી અને દાળિયા જેવી વસ્તુઓ ખાવાની સલાહ આપે છે.

### મહિલાઓએ મહાનગરપાલિકા ખાતે ઉગ્ર વિરોધ નોંધાવ્યો

# સુરેન્દ્રનગરમાં રોડ રસ્તા ભૂગર્ભ ગટર સહિતની પ્રાથમિક સુવિધાઓનો અભાવ

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૧ ।

સુરેન્દ્રનગર શહેરમાં શિવધારા ટાઉનશીપ વિસ્તારની મહિલાઓએ મહાનગરપાલિકા ખાતે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધનું મૂળ કારણ ટાઉનશીપમાં વર્ષોથી ચાલી આવતી રોડ રસ્તા, ભૂગર્ભ ગટર અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓની ગેરહાજરી હતી. સ્થાનિક રહીશો છેલ્લા ૫ વર્ષથી વારંવાર તંત્રને આ સમસ્યાઓ અંગે રજૂઆત કરી રહ્યા છે, પરંતુ તેમની ફરિયાદોનું નિરાકરણ લાવવામાં તંત્ર સદંતર નિષ્ફળ રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિવધારા ટાઉનશીપના બિસ્માર રસ્તાઓની હાલત એટલી ખરાબ છે કે, ગંભીર રીતે બીમાર દર્દીઓ માટે પણ એમ્બ્યુલન્સ સમયસર પહોંચી શકતી નથી. આ બાબતે સ્થાનિક મહિલાઓએ ખાસ ભાર મૂકીને જણાવ્યું હતું કે, રોડની ખરાબ હાલતને કારણે અનેક વખત દર્દીઓને સમયસર હોસ્પિટલ પહોંચાડવામાં વિલંબ થયો છે. આ સાથે ટાઉનશીપમાં પીવાના પાણીની સમસ્યા પણ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. નિયમિત રીતે ટેક્સ ભરતા હોવા છતાં, સ્થાનિક લોકોને આવી પાયાની સુવિધાઓથી વંચિત રહેવું પડે છે, જે તેમની સાથે અન્યાય સમાન છે. મહિલાઓએ રોષે ભરાઈને તાત્કાલિક ધોરણે આ સમસ્યાઓના નિવારણ માટે કામગીરી શરૂ કરવાની માંગણી કરી હતી.

### પત્ની અને સગીર પુત્ર હજુ પણ નિકારાગુઆમાં ફસાયેલા છે

# અમેરિકામાં ગેરકાયદેસર જતી વખતે ગુજરાતી યુવાનનું મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયોને બહાર કાઢવાની મોટી કાર્યવાહી પછી પણ, કેટલાક લોકો હજુ પણ સમજી શકતા નથી. આ સ્થિતિમાં, વધુ એક ગુજરાતીએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ગધેડા માર્ગે અમેરિકા જવા નીકળેલા એક ગુજરાતી પરિવારના વડાનું રસ્તામાં મૃત્યુ થયું.

જેના કારણે તેની પત્ની અને પુત્ર રસ્તામાં અટવાઈ ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રાંતિજના મોયાદ ગામના એક યુવાનનું ગેરકાયદેસર રીતે અમેરિકા જતા સમયે મૃત્યુ થયું હતું.પરિવારે એક એજન્ટ દ્વારા નિકારાગુઆ થઈને અમેરિકા પહોંચવાની વ્યવસ્થા કરી હતી. દોઢ મહિનાની મુસાફરી દરમિયાન, યુવાનની તબિયત બગડી ગઈ અને તેને નિકારાગુઆમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. પરંતુ ડાયાબિટીસની દવા ન મળવાને કારણે તે યુવાન બેભાન થઈ ગયો અને કોમામાં સરી પડ્યો. સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ યુવકનું મોત નીપજ્યું હતું. એવું કહેવાય છે કે પત્ની અને સગીર પુત્ર હજુ પણ નિકારાગુઆમાં ફસાયેલા છે. યુવક ગુમ થયા પછી, મૃત્યુનું કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી શકે છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા પ્રાથમિક વિગતો એકત્રિત કરી શકાય છે.

તુવાકના મૃત્યુથી ગામના લોકો દુઃખી છે, જે પોતાની વૃદ્ધ માતાને આંખોમાં સોનેરી સપનાઓ સાથે એકલા છોડીને ગામની જમીન વેચીને અમેરિકા ગયો હતો. વૃદ્ધ માણસની પત્ની અને પુત્ર પણ વચ્ચે અટવાઈ ગયા છે. દરમિયાન, યુવાનના મૃત્યુના ચાર દિવસ પછી નિકારાગુઆમાં તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં મોયદ ગામમાં મૃતકના અંતિમ સંસ્કાર પણ થયા હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. મૃતક યુવકની પત્ની અને પુત્ર નિકારાગુઆમાં ફસાયેલા હોવાથી તેમનો સંપર્ક થઈ શક્યો નહીં. તે જ સમયે, એજન્ટો તેમને પાછા મોકલશે કે નહીં તે પણ એક મોટો પ્રશ્ન છે? આ સમગ્ર મામલે, દુઃખની સાથે, મૃતકની પત્ની અને પુત્રના પરિવારના સભ્યો પણ ચિંતિત છે. હવે પત્ની અને દીકરાનું શું થશે? શું તે બંને અમેરિકામાં રહેશે કે પછી પાછા ફરશે?

### પત્ની અને સગીર પુત્ર હજુ પણ નિકારાગુઆમાં ફસાયેલા છે

# અમેરિકામાં ગેરકાયદેસર જતી વખતે ગુજરાતી યુવાનનું મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયોને બહાર કાઢવાની મોટી કાર્યવાહી પછી પણ, કેટલાક લોકો હજુ પણ સમજી શકતા નથી. આ સ્થિતિમાં, વધુ એક ગુજરાતીએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ગધેડા માર્ગે અમેરિકા જવા નીકળેલા એક ગુજરાતી પરિવારના વડાનું રસ્તામાં મૃત્યુ થયું.

જેના કારણે તેની પત્ની અને પુત્ર રસ્તામાં અટવાઈ ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રાંતિજના મોયાદ ગામના એક યુવાનનું ગેરકાયદેસર રીતે અમેરિકા જતા સમયે મૃત્યુ થયું હતું.પરિવારે એક એજન્ટ દ્વારા નિકારાગુઆ થઈને અમેરિકા પહોંચવાની વ્યવસ્થા કરી હતી. દોઢ મહિનાની મુસાફરી દરમિયાન, યુવાનની તબિયત બગડી ગઈ અને તેને નિકારાગુઆમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. પરંતુ ડાયાબિટીસની દવા ન મળવાને કારણે તે યુવાન બેભાન થઈ ગયો અને કોમામાં સરી પડ્યો. સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ યુવકનું મોત નીપજ્યું હતું. એવું કહેવાય છે કે પત્ની અને સગીર પુત્ર હજુ પણ નિકારાગુઆમાં ફસાયેલા છે. યુવક ગુમ થયા પછી, મૃત્યુનું કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી શકે છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા પ્રાથમિક વિગતો એકત્રિત કરી શકાય છે.

તુવાકના મૃત્યુથી ગામના લોકો દુઃખી છે, જે પોતાની વૃદ્ધ માતાને આંખોમાં સોનેરી સપનાઓ સાથે એકલા છોડીને ગામની જમીન વેચીને અમેરિકા ગયો હતો. વૃદ્ધ માણસની પત્ની અને પુત્ર પણ વચ્ચે અટવાઈ ગયા છે. દરમિયાન, યુવાનના મૃત્યુના ચાર દિવસ પછી નિકારાગુઆમાં તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં મોયદ ગામમાં મૃતકના અંતિમ સંસ્કાર પણ થયા હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. મૃતક યુવકની પત્ની અને પુત્ર નિકારાગુઆમાં ફસાયેલા હોવાથી તેમનો સંપર્ક થઈ શક્યો નહીં. તે જ સમયે, એજન્ટો તેમને પાછા મોકલશે કે નહીં તે પણ એક મોટો પ્રશ્ન છે? આ સમગ્ર મામલે, દુઃખની સાથે, મૃતકની પત્ની અને પુત્રના પરિવારના સભ્યો પણ ચિંતિત છે. હવે પત્ની અને દીકરાનું શું થશે? શું તે બંને અમેરિકામાં રહેશે કે પછી પાછા ફરશે?

**વિશેષ**

### એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ વિશે આઈ-હબ(i-hub) અમદાવાદ ખાતે યોજાયો કોન્ક્લેવ

# કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવામાં અને કેન્દ્રીય યોજનાઓના લાભો વિશે ખેડૂતો અને સ્ટાર્ટઅપ્સને માહિતગાર કરવામાં આ કોન્ક્લેવ મહત્વનો સાબિત થશે : અધિક મુખ્ય સચિવ શ્રી ડો. અંજુ શર્મા

### કૃષિ ઉદ્યોગ સાહસિકો/સ્ટાર્ટઅપ્સ, ખેડૂતો, MSME અને નાણાકીય સંસ્થાઓને એકસાથે લાવીને નવી તકો ઊભી કરવાનો કોન્ક્લેવનો ઉદ્દેશ્ય

। (માહિતી) અમદાવાદ ।

આઈ-હબ(i-hub) અમદાવાદ ખાતે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનાં અધિક મુખ્ય સચિવ શ્રી ડો.અંજુ શર્માના અધ્યક્ષસ્થાને એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અંગે કૉક્લેવ યોજાયો હતો. કૉક્લેવમાં એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રના ભવિષ્ય માટે ધિરાણ પ્રદાન કરવા તથા એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં ઉચ્ચ ગુણવત્તાની સપ્લાય ચેઈનનું નિર્માણ કરવા બાબતે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.



વિવિધ વ્યાખ્યાનો, ચર્ચા સંવાદો તથા રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ દ્વારા ઉપસ્થિતોનેવિવિધવિષયોઅંગેમાર્ગદર્શનપૂરું પાડવામાં આવ્યું હતું તથા હકારાત્મક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનાં અધિક મુખ્ય સચિવ શ્રી ડો.અંજુ શર્માએ આ કૉક્લેવના ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, આઈ-હબ(i-hub) ખાતે આ વર્કશોપ આયોજન કરવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે સ્ટાર્ટ અપ કોમ્યુનિટી અને ખેડૂત મિત્રો એકસાથે આવે અને એકમેક સાથે સંકલન સાધીને આગળ વધે. વધુમાં વાત કરતા અધિક મુખ્ય સચિવશ્રીએ જણાવ્યું હતું કે, સ્ટાર્ટ અપ અને ઉદ્યોગ સાહસિકતા એકબીજાના પૂરક છે. ટેકનોલોજી, ઉદ્યોગ સાહસિકતા અને માર્કેટિંગ જેવા મુખ્ય ત્રણ વિષયોને સાથે લાવીને એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રના ઉદ્યોગકારોને મદદરૂપ થવાનો આ કૉક્લેવનો ઉદ્દેશ છે. આઈ-હબ(i-hub) સ્ટાર્ટઅપના વિચારબીજને જરૂરી પ્લેટફોર્મ પૂરું પાડવા માટે વિવિધ રીતે મદદરૂપ બની શકે છે. કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવામાં અને કેન્દ્રીય યોજનાઓના લાભો વિશે ખેડૂતો અને સ્ટાર્ટ અપને માહિતગાર કરવામાં આ કૉક્લેવ મહત્વનો સાબિત થશે, એમ તેમણે ઉમેર્યું હતું. સાથે જ , તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કરીને ખેડૂતો, સ્ટાર્ટઅપ અને એમએસએમઈ(MSME)ને તેનો મહત્તમ લાભ મેળવવા અનુરોધ કર્યો હતો. વધુમાં વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, આજે બ્રાંડિંગ અને માર્કેટિંગ દરેક ક્ષેત્રે મહત્વનું છે. કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે બ્રાંડિંગ અને માર્કેટિંગની જરૂરિયાત, તેના વિવિધ પાસાઓ અને વિવિધ માર્કેટિંગ મોડેલને સમજવા અને ઉપયોગમાં લેવા જરૂરી છે. ફળો અને શાકભાજીના મૂલ્ય વર્ધન, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ ક્ષેત્રે વધુ સ્ટાર્ટ અપ આગળ આવે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિજય ખરાડીએ આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આ કોક્લેવ જે કૃષિ પાકો અને પેદાશોમાં વેલ્યુ એડીશન ઓછું છે તેમાં વેલ્યુ એડીશન વધારવા માટે માર્ગદર્શન પૂરું પાડશે. ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયની એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ(AIF) યોજના વિશે માહિતી આપીને તેમણે ઉમેર્યું હતું કે, એગ્રો પ્રોસેસિંગ પ્લેટફોર્મમાં ટેકનોલોજીના ઉપયોગ દ્વારા કૃષિ ઉદ્યોગકારોને મદદરૂપ થવા સરકાર પ્રયત્નશીલ છે. તેમણે ઉમેર્યું હતું કે, કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે વિવિધ FPO તેમજ ઉદ્યોગકારોને ગ્રેડિંગ, સોર્ટિંગ, પેકેજીંગ, કોલ્ડ સ્ટોરેજ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે તથા કૃષિ આધારિત ઉદ્યોગો માટે આ યોજના અંતર્ગત સહાય પૂરી પાડવામાં આવે છે. વિવિધ પ્રવૃત્તિઓ માટે બેંક લોન અને સરકારની સબસીડી મેળવવા માટે મદદરૂપ થવા માટે પણ આજના કાર્યક્રમમાં માર્ગદર્શન આપવામાં આવશે. આ પ્રસંગે ફિશરીઝ ડાયરેક્ટર શ્રી ડો. એન.કે. મીનાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, વેલ્યુ એડીશન અને પ્રોસેસિંગ ખેડૂતોને સારા ભાવો અપાવી શકે છે. તેમણે નાબાર્ડની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડિંગ સ્કીમનો લાભ લેવા ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો. મરીન ફિશીંગ અને મરીન ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે સ્ટાર્ટ અપ, ઈનોવેશન, એક્સપોર્ટ સહિત વિવિધ કૃષિ પ્રવૃત્તિઓ માટે ઉપલબ્ધ વિવિધ સરકારી યોજનાઓ વિશે પણ માહિતી પૂરી પાડી હતી. તેમણે મરીન ફિશરીઝ ક્ષેત્રમાં વેલ્યુ એડીશન અંગે પણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કૃષિ નિયામક શ્રી પી.એસ.રબારીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, કૃષિ ક્ષેત્રે સ્થિર અને ટકાઉ વિકાસમાં FPO અને માઈક્રો એન્ટરપ્રાઈઝનો રોલ મહત્વનો બને છે. કૃષિ ક્ષેત્ર અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રના વિકાસ માટે સરકાર દ્વારા ઈન્ડેક્સ-છ ની રચના કરવામાં આવી છે. પ્રાઈઝ સપોર્ટ સ્કીમ દ્વારા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે પણ સરકાર સતત પ્રયત્નશીલ છે. કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા માટે પણ સરકાર દ્વારા યોગ્ય દિશામાં પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના લાભાર્થીઓએ પોતાની સાફલ્યગાથાઓ વર્ણવી હતી. તેમની સ્ટાર્ટઅપ જર્નીમાં યોજનાકીય સહાયોથી કેવો લાભ મળ્યો તે અંગે તેમણે પ્રતિભાવો રજૂ કર્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

**રઘુરાજ સિંહે અલીગઢમાં વિવાદિત નિવેદન આપ્યું । હિજાબ પહેરો જેથી તમારી ટોપી અને શરીર સુરક્ષિત રહે હવે મંત્રીના આ નિવેદનને લઈને હોબાળો થયો છે, તેની ટીકા થઈ રહી છે**

# ધૂળેટીના રંગોથી સમસ્યા હોય તો પુરુષો હિજાબ પહેરીને બહાર નીકળો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ ।

ઉત્તર પ્રદેશ સરકારના રાજ્યમંત્રી રઘુરાજ સિંહે અલીગઢમાં વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે ધૂળેટીના રંગોને કારણે જે કોઈ સમસ્યાનો સામનો કરી રહ્યા છે પુરુષોએ હિજાબ પહેરવું જોઈએ. તેમણે તો ત્યાં સુધી કહ્યું છે કે જેમ મુસ્લિમ મહિલાઓ હિજાબ પહેરે છે તેવી જ રીતે પુરુષોએ પણ હિજાબ પહેરવો જોઈએ. હિજાબ પહેરો જેથી તમારી ટોપી અને શરીર સુરક્ષિત રહે. હવે મંત્રીના આ નિવેદનને લઈને હોબાળો થયો છે, તેની ટીકા થઈ રહી છે.હાલમાં ઉત્તર પ્રદેશના સંભલમાં તણાવની સ્થિતિ છે. ધૂળેટી અને જુમ્માની નમાજ એક જ દિવસે છે. આવી સ્થિતિમાં સીએમ યોગી આદિત્યનાથે એક કાર્યક્રમ દરમિયાન કહ્યું હતું કે હિન્દુઓને બપોરે ૨ વાગ્યા સુધી ધૂળેટી રમવા દો અને પછી નમાઝ અદા કરો. સીઓ અનુજ ચૌધરીએ એમ પણ કહ્યું હતું કે જો રંગની સમસ્યા હોય તો નમાઝ ઘરે જ અદા કરવી જોઈએ. હવે તે નિવેદનો બાદ મંત્રી રઘુરાજ સિંહે એક ડગલું આગળ વધીને આવું વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે.

મંત્રી રઘુરાજ સિંહે વધુમાં જણાવ્યું હતું કે, 'ધૂળેટીમાં વિક્ષેપ સર્જનારાઓ માટે ત્રણ વિકલ્પ છે - જેલમાં જાઓ, રાજ્ય છોડી દો અથવા યમરાજ પાસે પોતાનું નામ નોંધાવો.' રઘુરાજ સિંહે એમ પણ કહ્યું કે, 'અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં મંદિર બનાવવામાં આવશે, તે લોકોએ બહુમતનું સન્માન કરવું જોઈએ.' મંત્રી રઘુરાજ સિંહે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે વર્ષમાં ૫૨ વખત જુમ્મા આવે છે અને



ધૂળેટી એક જ દિવસ આવે છે. તેથી, એક દિવસ મોડી નમાઝ પઢો. જો ધૂળેટી રમતા સમયે નમાઝ અદા કરવાની હોય, તો હું તમને બેગમ હિજાબ પહેરે છે તેવી તાડપત્રી પહેરવાનું સૂચન કરું છું, જેથી તમે રંગો સુરક્ષિત રહો.'

રઘુરાજ સિંહ આટલું કહીને ન અટક્યા. તેમણે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં મંદિર બનાવવાની માંગને સમર્થન આપ્યું હતું. રઘુરાજ સિંહે એમ પણ કહ્યું કે, 'છરેંમાં મંદિર બનાવવામાં આવશે અને આ લોકોએ બહુમતનું સન્માન કરવું જોઈએ. મારી માગ છે કે છરેંમાં રામ મંદિર બને. જો તે બને છે, તો હું પ્રથમ ઈંટ મૂકીશ. ત્યાં વ્યક્તિ મંદિર માટે સર્વસ્વ બલિદાન આપી શકે છે.'

આ વખતે રમઝાનનો બીજો જુમ્મા અને ધૂળેટી એક જ દિવસે છે. આ અંગે સંભલમાં સીઓ અનુજ ચૌધરીએ નિવેદન આપ્યું હતું કે, 'ધૂળેટી વર્ષમાં એકવાર આવે છે અને જુમ્મા ૫૨ વખત આવે છે. આવી સ્થિતિમાં જેમને રંગની સમસ્યા હોય તેમણે ઘરમાં જ રહેવું જોઈએ.' સંભલ સીઓના આ નિવેદન બાદ પ્રતિક્રિયાઓનું પૂર આવ્યું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ સંભલ સીઓના નિવેદનને પુનરોચ્ચાર કર્યો અને કહ્યું કે અધિકારી કુસ્તીબાજ છે, તે કુસ્તીબાજની જેમ જ બોલશે.'

યોગી સરકારના મંત્રી ગુલાબો દેવીએ પણ સંભલના સીઓ અનુજ ચૌધરીના નિવેદનને સમર્થન આપતા શનિવારે કહ્યું કે, 'દરેક ધર્મના તહેવારો શાંતિપૂર્ણ રીતે ઉજવવા જોઈએ અને તેમાં કોઈ પ્રકારની સાંપ્રદાયિકતા ન હોવી જોઈએ, ભાજપ સરકાર હંમેશા ઈચ્છે છે કે, ૧૨ તહેવાર આવે કે એક તહેવાર આવે, બધા શાંતિપૂર્ણ રીતે ઉજવે. સમાજમાં સૌહાર્દ અને એકતાની લાગણી હોવી જોઈએ

## ન્યૂઝ બ્રિફ

### અબુ આઝમીએ છત્રપતિ સંભાજી મહારાજની પુણ્યતિથિ પર પોસ્ટ કરી

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને ધારાસભ્ય અબુ અસીમ આઝમીના નિવેદનને લઈને વિવાદ ચાલુ છે. તાજેતરમાં ઔરંગઝેબને લઈને અબુ આઝમીના નિવેદનને લઈને ઘણો હોબાળો થયો હતો. હવે છત્રપતિ સંભાજી મહારાજની પુણ્યતિથિ પર અબુ આસીમ આઝમીએ એક પોસ્ટ કરી છે. અબુ અસીમ આઝમીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને છત્રપતિ સંભાજી મહારાજને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી છે. ઔરંગઝેબ અંગેના નિવેદન બદલ અબુ આસીમ આઝમી વિરુદ્ધ પણ કેસ નોંધવામાં આવ્યો છે. ૧૧મી માર્ચે છત્રપતિ સંભાજી મહારાજની પુણ્યતિથિ છે. આ દિવસે ઔરંગઝેબે સંભાજી મહારાજની હત્યા કરાવી હતી. થોડા દિવસો પહેલા અબુ આસીમ આઝમીએ ઔરંગઝેબને સારો શાસક ગણાવ્યો હતો.

### ભાલુમાસ્કા સ્ટેશનો વચ્ચે એક માલગાડીએ એક એમ્બ્યુલન્સને ટક્કર મારી

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૧૧ ।

ઓડિશાના રાયગઢા મલકાનગિરી કોરાપુટ રેલ લાઈન પર સોમવારે એક મોટી દુર્ઘટના થતા રહી ગઈ. જાણકારી અનુસાર, અહીં સિકરપાઈ અને ભાલુમાસ્કા સ્ટેશનો વચ્ચે એક માલગાડીએ એક એમ્બ્યુલન્સને ટક્કર મારી દીધી. ત્યાર બાદ પણ ટ્રેક રોકાઈ નહીં અને લગભગ ૧૦૦ મીટર સુધી એમ્બ્યુલન્સ ઢસડાઈ. રાહતની વાત એ છે કે આ ઘટનામાં કોઈ હતાહતના સમાચાર નથી. કહેવાય છે કે, એમ્બ્યુલન્સમાં આઠ દર્દી સર્જરી માટે જઈ રહ્યા હતા. આ દરમ્યાન એમ્બ્યુલન્સ ટ્રેક પર ફસાઈ ગઈ. ત્યારે ટ્રેન આવી ગઈ અને આ દુર્ઘટના થઈ ગઈ. મળતી માહિતી મુજબ, એક ખાનગી આંખની હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં આઠ દર્દીઓ હતા.

### ચર્ચ પરિસરમાં મળી આવેલ સુટકેસમાંથી માનવ કંકાળ મળ્યું

। (એજન્સી) કેરળ, તા.૧૧ ।

કેરળના કોલ્લમમાં એક ચર્ચ પરિસરમાં સુટકેસની અંદરથી એક કંકાળ મળી આવ્યું છે. આ કંકાળ CSI ચર્ચના કબ્રસ્તાન પાસે મળી આવ્યું હતું. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને તપાસ શરૂ કરવામાં આવી છે. શરૂઆતની તપાસમાં જાણવા મળ્યું કે તે માનવ કંકાળ હતું. પોલીસનું માનવું છે કે આ લાશ ઘણા વર્ષો જૂની છે. આ હત્યાનો કેસ હોઈ શકે છે. પોલીસે આ કેસની વૈજ્ઞાનિક રીતે તપાસ શરૂ કરી દીધી છે અને જૂના ગુમ થયેલા રેકોર્ડની પણ તપાસ કરવામાં આવી રહી છે. કંકાળ સડી ગયેલી સ્થિતિમાં છે. પોલીસનું કહેવું છે કે શક્ય છે કે કોઈએ તેને બોક્સમાં મૂકીને ત્યાં જ છોડી દીધું હોય શકે છે. આજે સવારે ચર્ચમાં કામ પર આવેલા લોકોએ આ સુટકેસ જોઈ હતી. પાઈપલાઈન રૂટ પર કામ કરતી વખતે, ચર્ચ કબ્રસ્તાન પાસેના જંગલ વિસ્તારમાંથી સુટકેસ મળી આવી.

**કેનેડાથી મલેશિયા સુધી કનેક્શન**

# ગેંગસ્ટર અમન સાહૂને પોલીસે એન્કાઉન્ટરમાં ઠાર કરી દેવાયો

**રાંચી પોલીસની ટીમ અમન સાહૂને પૂછપરછ માટે રાયપુરથી લઈને આવી રહી હતી, ત્યારે જ પોલીસની ગાડી દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ**

। (એજન્સી) ઝારખંડ, તા.૧૧ ।

ઝારખંડ પોલીસ માટે માથાનો દુ:ખાવો બની ગયેલા ગેંગસ્ટર અમન સાહૂને પોલીસે એક્રાઉન્ટરમાં ઠાર કરી દેવાયો છે. રાંચી પોલીસની ટીમ અમન સાહૂને પૂછપરછ માટે રાયપુરથી લઈને આવી રહી હતી, ત્યારે જ પોલીસની ગાડી દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ. આ દરમિયાન અમન સાહૂએ પોલીસ કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કર્યો અને પછી પલામુના ચૈનપુરમાં પોલીસ સાથે તેનું એક્રાઉન્ટર થયું, જેમાં અમન સાહૂ માર્યો ગયો. અમન સાહૂ પોતાને લૉરેન્સ બિશ્નોઈનો નજીકનો ગણાવતો હતો. એટલું જ નહીં તેનું કેનેડાથી મલેશિયા સુધી કનેક્શન હતું. અમન સાહૂએ ૨૦૧૩માં પોતાની ગેંગ બનાવી હતી. લગભગ અઢી વર્ષ પહેલા અમન સાહૂ ગેંગના લોકોએ કોરબામાં બર્બરીક ગ્રુપના પાર્ટનરના ઘરની બહાર ગોળીબાર કર્યો હતો. તાજેતરમાં પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવને અમન સાહૂ ગેંગ તરફથી જ ધમકીઓ મળી હતી, જ્યારે તેમણે લૉરેન્સ બિશ્નોઈના ખાતમાનો દાવો કર્યો હતો. એવો આરોપ છે કે અમન સાહૂએ કેટલાક શૂટરોને રાયપુર પણ મોકલ્યા હતા. શહેરના ઘણા બિઝનેસમેન તેની હિટ લિસ્ટમાં હોવાનો પણ દાવો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાયપુર પોલીસે આ ગેંગના ચાર આરોપીઓની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગેંગસ્ટર અમન સાહૂનું ફેસબુક એકાઉન્ટ અમન સિંહ નામના વ્યક્તિ દ્વારા કેનેડાથી ઓપરેટ કરવામાં આવે છે, જ્યારે બીજું એકાઉન્ટ મલેશિયાના સુનીલ રાણા નામના વ્યક્તિ દ્વારા ઓપરેટ કરવામાં આવે છે. રાજસ્થાનનો રહેવાસી સુનીલ મીણા લોરેન્સનો મિત્ર છે. હાલમાં સુનીલ મીણા અઝરબૈજાન પોલીસની કસ્ટડીમાં છે. તેના પ્રત્યાર્પણની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. એવું પણ કહેવાય છે કે અમન સાહૂ લૉરેન્સ બિશ્નોઈને ગુંડાઓ સપ્લાય કરતો હતો, જેના બદલામાં તેને લોરેન્સ પાસેથી હાઈટેક હથિયારો મળતા હતા, તેના દમ પર તે ઝારખંડ-બિહાર-છત્તીસગઢમાં પૈસા અને ખંડણી વસૂલતો હતો. અમન સાહૂ વિરુદ્ધ ખંડણી, ફાયરિંગથી લઈને હત્યા સુધીના અનેક કેસ નોંધાયેલા હતા. મે ૨૦૨૩માં અમન સાહૂ ગેંગે ઋત્વિક કંપનીના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શરત કુમારની ગોળી મારીને હત્યા કરી નાખી હતી. શિવપુર રેલવે લાઈનનું નિર્માણ કાર્ય કરી રહેલી સાંઈ કૃપા કંપનીની સાઈટ પર અમન સાહૂ ગેંગે ગોળીબાર કર્યો હતો. માર્ચ ૨૦૨૪માં રાંચીમાં એક જમીનના વેપારીને અમન સાહૂના નામે ૫ કરોડ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી.

**વિદેશીઓના પ્રવેશ અને રોકાણ શરતોને વધુ કડક બનાવવાનો છે**

# વિઝા- ફોરેનર્સ એક્ટમાં થશે મોટા ફેરફાર, લોકસભામાં રજૂ થયુ ઈમિગ્રેશન બિલ ૨૦૨૫

**આ બિલનો ઉદ્દેશ ભારતમાં વિદેશીઓ માટે ઘડાયેલા કાયદાઓની ખામી દૂર કરી સુધારાઓ કરવાનો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે લોકસભામાં આજે ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ ૨૦૨૫ રજૂ કર્યું છે. આ બિલનો ઉદ્દેશ ભારતમાં વિદેશીઓ માટે ઘડાયેલા કાયદાઓની ખામી દૂર કરી સુધારાઓ કરવાનો છે.

આ નવા બિલને સંસદમાં મંજૂરી મળી તો તે ફોરેનર્સ એક્ટ, ૧૯૪૬, પાસપોર્ટ (એન્ટ્રી ઈનટુ ઈન્ડિયા) એક્ટ, ૧૯૨૦, રજિસ્ટ્રેશન ઓફ ફોરેનર્સ એક્ટ, ૧૯૩૯ અને ઈમિગ્રેશન (કરિયર લાયબિલિટી) એક્ટ, ૨૦૦૦નું સ્થાન લેશે. આ બિલનો ઉદ્દેશ રાષ્ટ્રીય સુરક્ષામાં વધારો કરવા, ઈમિગ્રેશન પર નિયંત્રણો લાદવા તેમજ વિદેશીઓના પ્રવેશ અને રોકાણ શરતોને વધુ કડક બનાવવાનો છે.

કેન્દ્રીય રાજ્ય ગૃહ મંત્રી નિત્યાનંદ રાયે દેશના ગૃહ મંત્રી અમિત શાહ તરફથી આ બિલ રજૂ કરતાં કહ્યું હતું કે, હું અમિત શાહ તરફથી પ્રસ્તાવ મૂકી રહ્યો છું કે, ભારતમાં પ્રવેશ અને બહાર જનારા વ્યક્તિઓના પાસપોર્ટ અને દસ્તાવેજોની જરૂરિયાતોને નિર્ધારિત કરતાં કેન્દ્ર સરકાર અમુક સત્તાઓ સોંપશે, તેમજ વિદેશીઓ દ્વારા ઈમિગ્રેશન કાયદાનો ભંગ ન થાય તેનું ધ્યાન રાખતી જોગવાઈઓ ઘડવામાં આવશે. જેમાં વિઝા અને રજિસ્ટ્રેશનની જરૂરિયાત સામેલ છે. ઈમિગ્રેશન અને ફોરેનર્સ બિલમાં જો કોઈ વિદેશી દ્વારા રાષ્ટ્રની સુરક્ષા, સાર્વભૌમત્વ, અને પ્રમાણિકતા પર જોખમ ઉભુ થાય તો તેવા વિદેશી નાગરિકને દેશમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. વધુમાં વિદેશીઓના આગમન પર રજિસ્ટ્રેશન ફરિજયાત બનાવાશે. જેથી તેઓ પ્રતિબંધિત અને સુરક્ષિત વિસ્તારોની મુલાકાત રજિસ્ટ્રેશનના આધારે લઈ શકે. પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, અને નર્સિંગ હોમ્સે પોતાને ત્યાં દાખલ વિદેશી નાગરિકની માહિતી અવશ્ય પણે ઈમિગ્રેશન ઓથોરિટીને આપવી પડશે. આ બિલમાં નિયમોનું ભંગ કરનારાઓ માટે ભારે દંડની જોગવાઈ છે. ભારતમાં પાસપોર્ટ તથા વિઝઆ વિના પ્રવેશ પાંચ વર્ષની જેલની સજા અને રૂ. પાંચ લાખ સુધીનો દંડ થઈ શકે છે. નકલી ડોક્યુમેન્ટ્સ પર પ્રવેશ કરનારાઓને બેથી સાત વર્ષની જેલની સજા તથા રૂ. એકથી દસ લાખ સુધીનું દંડ થઈ શકે છે. વિઝાની શરતોનું ઉલ્લંઘન કરવા તેમજ પ્રતિબંધિત વિસ્તારોમાં ઘૂસણખોરીના બદલે ત્રણ વર્ષની સજા અને રૂ. ૩ લાખનો દંડ થઈ શકે છે. ચંદીગઢમાંથી કોંગ્રેસ સાંસદ મનિષ તિવારીએ બિલનો વિરોધ કરતાં દાવો કર્યો છે કે, આ બિલ દેશના બંધારણમાં સામેલ મૌલિક અધિકારોનું ઉલ્લંઘન કરે છે. લોકસભાના કામકાજના નિયમો ૭૨ (૨) હેઠળ હું ઈમિગ્રેશન અને ફોરેનર્સ બિલનો વિરોધ કરૂ છું.

**વિદર્ભમાં ખેડૂતોની આત્મહત્યાની બદલાશે તસવીર**

# બાબા રામદેવની પહેલ વિદર્ભ માટે ખૂબ જ મહત્વપૂર્ણ - ગડકરી

**ગડકરીએ કહ્યું કે વિદર્ભમાં સંતરાના ખેડૂતોના ફળોની ગુણવત્તા અને ઉત્પાદનમાં સુધારો થયો છે અને ખેડૂતોને સારા ભાવ આપવા માટે પગલાં લેવામાં આવ્યા છે**

। (એજન્સી) નાગપુર, તા.૧૧ ।

કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ નાગપુરમાં પતંજલિ ફૂડ એન્ડ હર્બલ પાર્કના ઉદ્ઘાટન સમયે કહ્યું કે આ પાર્ક વિદર્ભના ખેડૂતો માટે ફાયદાકારક સાબિત થશે. ગડકરીએ કહ્યું કે વિદર્ભમાં સંતરાના ખેડૂતોના ફળોની ગુણવત્તા અને ઉત્પાદનમાં સુધારો થયો છે અને ખેડૂતોને સારા ભાવ આપવા માટે પગલાં લેવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, પતંજલિના સહ-સ્થાપક રામદેવ અને મેનેજિંગ ડિરેક્ટર આચાર્ય બાલકૃષ્ણ પણ ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહ્યા હતા. કાર્યક્રમને સંબોધતા નિતિન ગડકરીએ કહ્યું, "નવા પાર્કથી વિદર્ભના ખેડૂતોને રાહત મળશે, જ્યાં ઘણા ખેડૂતોએ આત્મહત્યા કરી છે." તેમણે કહ્યું, મારુ પોતાનું સંતરાનું પાર્ક છે. અમે પાક માટે પણ ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છીએ. હવે અમે ઈલેક્ટ્રોનિક ટ્રેક્ટરનો ઉપયોગ કરવા જઈ રહ્યા છીએ અને મને તેમાં રસ છે. હું મોટાભાગે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં કામ કરું છું. ગડકરીએ કહ્યું, "બાબા રામદેવના આશીર્વાદથી મેં વિવિધ યુનિવર્સિટીઓમાં ૧૧ ડોક્ટરેટની પદવીઓ પ્રાપ્ત કરી છે, જેમાંથી ૬ માનદ ડિગ્રી મને કૃષિ ક્ષેત્રે આપવામાં આવી છે. તેથી હું બેકઅપમાં તમારા પતંજલિ ફૂડ એન્ડ હર્બલ પાર્ક પ્રોજેક્ટમાં તમને મદદ કરીશ. અમે મારા ખેતરમાંથી સંતરા, તરબૂચ, લીંબુ અને અન્ય તમામ ફળો આપવાનો પણ પ્રયાસ કરીશું.

ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે, "વિદર્ભમાંથી સંતરા બાંગ્લાદેશમાં નિકાસ કરવામાં આવે છે, પરંતુ બાંગ્લાદેશ સરકારે આ નિકાસ પર ૮૫% ડ્યુટી લગાવી છે. આ લોજિસ્ટિક્સની કિંમતમાં વધારો કરે છે. આ અંગે મેં બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન સાથે વાત કરી તો તેમણે કહ્યું કે, હું ચાર્જ ઘટાડવા તૈયાર છું, તમે વ્યાજ ચાર્જ ઓછો કરો.

તેમણે કહ્યું, "તાજેતરમાં અમે બાંગ્લાદેશ માટે એક નવી યોજના બનાવી છે અને એક રીતે અમે સમુદ્રને નાગપુરમાં લાવ્યા છીએ. વર્ધામાં ડ્રાય પોર્ટ બનાવવામાં આવ્યું છે. તે સીધુ બંગાળના હલ્દિયા જશે અને ત્યાંથી બાંગ્લાદેશ પહોંચશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે અમારો પ્રયાસ વિદર્ભના ખેડૂતોને વધુ લાભ આપવા માટે લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાનો છે." કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, બાબા રામદેવની પહેલ અમારા માટે અને વિદર્ભ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### નારાયણ મૂર્તિ અને સુધા મૂર્તિની બાયોપિકનું કામ જોરમાં

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૧ ।

ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિ અને તેમની પત્ની સુધા મૂર્તિનું જીવન હવે સ્ક્રીન પર પથરાશે. રાઈટર-ડાયરેક્ટર-નિર્માતાની જોડી અશ્વિની ઐય્યર તિવારી અને નિતેશ તિવારી આ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. આ ફિલ્મ હિંદી, તમિલ અને નાયારણ મૂર્તિની માતૃભાષા કન્નડમાં બનાવવામાં આવનાર છે. નારાયણ મૂર્તિ તેમની બાયોપિકને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. તેમણે ફિલ્મ નિર્માતાઓને આ ફિલ્મ પર શક્ય તેટલી વહેલી તકે કામ શરૂ કરવા જણાવ્યું છે. નારાયણ મૂર્તિ આઈટી ક્ષેત્રમાં તેમના કામ માટે જાણીતા છે, જ્યારે તેમની પત્ની સુધા મૂર્તિ તેમના સામાજિક કાર્ય તેમજ પુસ્તકો લખવા માટે જાણીતા છે. એટલું જ નહીં, તેણીએ કેટલીક કન્નડ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેમણે 'પ્રાર્થને', 'પ્રીતિ ઈલાડા મેલે' અને 'ઉપ્પુ, હુલી, ખારા' જેવી ફિલ્મોમાં નાની ભૂમિકાઓ ભજવી છે. આ ફિલ્મ બનાવવા માટે, અશ્વિની ઐયર-તિવારી અને નિતેશ તિવારી મૂર્તિ પરિવાર પાસેથી દરેક નાની-મોટી માહિતી એકત્રિત કરવામાં વ્યસ્ત છે જેથી તેના આધારે ફિલ્મની વાર્તા બનાવી શકાય.

# મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનને લઈને લોકસભામાં થશે ચર્ચા

। (એજન્સી) મણિપુર, તા.૧૧ ।

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનની ઘોષણાને મંજૂરી આપવા માટેના વૈધાનિક પ્રસ્તાવ પર મંગળવારે લોકસભામાં એક કલાક લાંબી ચર્ચા થશે. સોમવારે સ્પીકર ઓમ બિરલાની અધ્યક્ષતામાં લોકસભાની બિઝનેસ એડવાઈઝરી કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલા મણિપુર બજેટ પર મંગળવારથી લોકસભામાં ચર્ચા થશે. બજેટ પરની ચર્ચાને ૨૦૨૪-૨૫ માટે અનુદાન માટેની પૂરક માંગણીઓની બીજી બેચ અને ૨૦૨૧-૨૨ માટે વધારાની અનુદાનની માંગણીઓ પરની ચર્ચા સાથે જોડવામાં આવી છે અને તેના માટે છ કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે.વ્યાપાર સલાહકાર સમિતિએ હોળીના કારણે ૧૩ માર્ચે યોજાનારી બેઠકને પણ રદ કરવાનો નિર્ણય લીધો છે.


**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**સામગ્રી સાથે CSM મશીનનો પહેલો POH પૂર્ણ કરો**

**CWM (CPOH) ADI ની ઑફિસ, ઈ-ટેન્ડર-નોટિસ નં. 11 2024-25 તા. 10.03.2025. કામનું નામ:** CPOH વટવા ખાતે સામગ્રી (T. D. માં જોડાયેલ અનેક્ષર-A અને અનેક્ષર-B) સાથે CSM મશીનનું સંપૂર્ણ પ્રથમ POH. **ટેન્ડર નં: CWMCPOHADI-2024-25-11. અંદાજિત એનઆઇટી ખર્ચ:** ₹19190863.52/- **ઈએમડીની કિંમત રૂ.માં:** ₹ 246000.00/- **ટેન્ડર બંધ થવાની તારીખ:** 08/04/2025 @ 11:00 કલાક. **ટેન્ડર ખોલવાની તારીખ:** 08/04/2025 @ 11:15 કલાક. **IREPS પર ટેન્ડર અપલોડિંગની તારીખ:** 10.03.2025. 344

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે,
સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ ડિવિઝન, વેસ્ટર્ન રેલવે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ 382345.

**પરિશિષ્ટ એ**

**કાર્ય - અમદાવાદ ડિવિઝનમાં ઓટોમેટેડ ટેલર મશીન (ATM).**
**હરાજી કેટલોગ નંબર:** એનએફઆર-એડીઆય -ADI-60-24
**હરાજી શરૂ (બધા લોટ)** 24.03.2025 11:30:00

| અનુ. ક્ર. | લોટ નંબર/શ્રેણી | વર્ણન | ટ્રિપ્સ/ દિવસ | લોટ સમાપ્તી દિનાંક સમય |
|---|---|---|---|---|
| AA/1 | ATM-ADI-SBIB-Gen-29-25-1 (ATM - General) | અમદાવાદ ડિવિઝનની નવી રેલ્વે કોલોની સબરામા (એસબીઆય) ખાતે એક ઓટોમેટેડ ટેલર મશીન (ATM) પાંચ વર્ષ માટે ના સ્થાપન અને સંચાલન માટેનો કરાર | 1826 | 24-03-25 12:00:00 |

**પરિશિષ્ટ બી**

**કાર્ય: અમદાવાદ વિભાગમાં જાહેરાત અને પરચુરણ સ્થિર સેવા.**
**હરાજી કેટલોગ નંબર:** એનએફઆર-એડીઆય -ADI-59-24
**હરાજી શરૂ (બધા લોટ)** 24.03.2025 12:00:00

| અનુ. ક્ર. | લોટ નંબર/શ્રેણી | વર્ણન | ટ્રિપ્સ/ દિવસ | લોટ સમાપ્તી દિનાંક સમય |
|---|---|---|---|---|
| AA/1 | MSS-ADI-MAN-BCrush-36-25-1 (Misc-Static-Services - Bottle crushing machine) | પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનમાં 05 વર્ષ માટે લાઈસન્સ ફી પર મણિનગર (MAN) અને વટવા (VTA) ખાતે 04 પીબીસીએમ (દરેક સ્ટેશન પર 02 પીબીસીએમ) ના સપ્લાય, ઇન્સ્ટોલેશન, ઓપરેશન અને જાળવણી માટે ઈ-ઓક્શન. | 1826 | 24-03-25 12:30:00 |
| AA/2 | MSS-ADI-ASV-BCrush-35-25-1 (Misc-Static-Services - Bottle crushing machine) | પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં 05 વર્ષના સમયગાળા માટે લાયસન્સ ફી પર અસરવા (ASV), મહેસાણા (MSH), પાલનપુર (PNU), વિરમગામ (VG) અને ભુજ (ભુજ) ખાતે 50 પીબીસીએમ (દરેક સ્ટેશન પર 10 પીબીસીએમ) સપ્લાય, ઇન્સ્ટોલેશન, ઑપરેશન અને જાળવણી માટે ઇ-હરાજી. | 1826 | 24-03-25 12:40:00 |
| AB/1 | MSS-ADI-SIOB-BOXNWC-26-24-1 (Misc-Static-Services - BOXN Wagon Cleaning) | લાયસન્સ ધારકે ટ્રેક પર ઢોળાયેલ અવશેષ કોલસાની સફાઈ અને દૂર કરવાની અને બીઓએક્સએન/બીઓએક્સએનએચએલ માંથી કાઢી નાખેલ સાહિત્ય ઉપાડવાની સેવા પૂરી પાડવી પડશે. કાર્યની પ્રકૃતિ હેઠળ આવરી લેવાયેલા વિસ્તારો: (1) ચિરાઈ ગુડ્સ શેડ (2) સામખ્ય ગુડ્સ શેડ અને (3) ભીમસર ગુડ્સ શેડ. ઉપરોક્ત કરાર અને IREPS પોર્ટલમાં કેવી રીતે ભાગ લેવો તેની સંપૂર્ણ માહિતી માટે, IREPS પોર્ટલમાં ભાગ લેવા વિશેની માહિતી માટે કૃપા કરીને ચીફ કોમર્શિયલ ઇન્સ્પેક્ટર, નોન ફેર રેવન્યુ સેક્શન, અમદાવાદ ડિવિઝન, 9724093968નો સંપર્ક કરો. સ્થળો વિશે વધુ માહિતી માટે સંપર્ક કરો: કૃપા કરીને મુખ્ય વાણિજ્ય નિરીક્ષક ગાંધીધામ: મોબાઈલ 9274689655. | 1096 | 24-03-25 12:50:00 |
| BA/1 | ADVT-Int-179483-137-24-2 (Advertising - Train Interior) | પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના એન ટ્રેન નંબર. 09369 [SBIB-PT DMU], 09370 [PTN-SBIB DMU], 09431 [SBIB-SSH, DMU], 09432 [MSH-ADI DMU], 09433 [SBIB-PTN DMU], 09434 [PTN-SBIB DMU], 09437 [MSH-ABR DMU], 09438 [ABR - MSH DMU], 09401/09402 [અસારવા - હિંમતનગર ડેમુ SPL], 09543/09544 [અસારવા-ડુંગરપુર ડેમુ એસપીએલ], 09441/09442 [WKR-MVI-WKR DMU રેક Linux-09439/09440, 09443/09444, 09561/09562,09563/09564,09585/09586], 09359/09360 [BTD-DHG-BTD પેસેન્જર],09213/09314 [BTD-DHG-BTD સ્પેશિયલ], ના કોચની અંદર રેલ્વે સલામતી/સ્વચ્છતા સાથેની જાહેરાત બદલી શકાય તેવા ધાતુના ફ્રેમ દ્વારા સંદેશાઓ પ્રદર્શન માટે બલ્ક જાહેરાતનો અધિકાર. કુલ ફ્રેમની સંખ્યા = 957 કુલ પ્રતિકૂળ ક્ષેત્રફળ = 133.37 ચોરસ મીટર | 1096 | 24-03-25 13:00:00 |
| BB/1 | ADVT-ADI-ADI-OH-205-25-1 (Advertising - Out of Home) | અમદાવાદ ડિવિઝનમાં સ્થિત 30 ઓવરહેડ પાણીની ટાંકીઓ પર દિવાલ પેઇન્ટિંગ દ્વારા જાહેરાતો પ્રદર્શિત કરવાના કરાર માટે ઈ-હરાજી દ્વારા ઓફરો મંગાવવામાં આવી છે. ઉપલબ્ધ અંદાજિત કુલ જાહેરાત ક્ષેત્ર 2,901 ચોરસ મીટર છે. ઓવરહેડ પાણીની ટાંકીઓની વિગતવાર યાદી, જેમાં તેમના ચોક્કસ સ્થાનો અને સાઇટ મુલાકાતો માટે સંપર્ક વિગતોનો સમાવેશ થાય છે, તે સંપત્તિ વિગતો દસ્તાવેજમાં જોડાયેલ છે. | 1826 | 24-03-25 13:10:00 |
| BC/1 | ADVT-ADI-MAN-OSN-181-24-1(Advertising - On Station Premise (Non-Digital)) | મણિનગર રેલ્વે સ્ટેશનના પ્લાર્મ નં. 1, 2/3 અને એફઓબી પર કુલ 800 ચોરસ મીટર વિસ્તારને આવરી લેતા 200 ગ્લો એડવર્ટાઇઝિંગ સાઇનેજ બોર્ડ માટે ત્રણ વર્ષના સમયગાળા માટે કરાર. | 1096 | 24-03-25 13:20:00 |
| CA/1 | PARKING-ADI-GIMB-MX-26-25-1 (Parking - Mixed) | જીઆયએમબી ગુડ્સ શેડ ખાતે હાલના વાણિજ્યિક વાહન પાર્કિંગની બહારની જમીન પ્લોટ જે કુલ 10922.50 ચોરસ મીટર વિસ્તારને આવરી લે છે પાર્કિંગ કમ ફ્રેઇટ સંલગ્ન સેવાઓ માટેનો કરાર | 1826 | 24-03-25 13:30:00 |

**પરિશિષ્ટ સી**

**કાર્ય - પે અને યુજ - અમદાવાદ વિભાગમાં શૌચાલયો**
**હરાજી કેટલોગ નંબર:** પે-યુઝ-એડીઆઈ-24
**હરાજી શરૂ (બધા લોટ)** 24.03.2025 13:00:00

| અનુ. ક્ર. | લોટ નંબર/શ્રેણી | વર્ણન | ટ્રિપ્સ/ દિવસ | લોટ સમાપ્તી દિનાંક સમય |
|---|---|---|---|---|
| AA/1 | PnU-ADI-NRD-Toi-16-23-1 (Pay and Use - Toilets) | પશ્ચિમ રેલ્વે ત્રણ વર્ષના સમયગાળા માટે લાઇસન્સધારકના ખર્ચે અમદાવાદ ડિવિઝનના સ્ટેશન બિલ્ડીંગ પાછળ નરોડા રેલ્વે સ્ટેશન ફરતા વિસ્તારમાં પે એન્ડ યુઝ ટોઇલેટનું સંચાલન અને સંચાલન | 1096 | 24-03-25 13:30:00 |
| AA/2 | PnU-ADI-BHUJ-Toi-9-22-2 (Pay and Use - Toilets) | અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલ્વે સ્ટેશનના નવા ભુજના પ્લેટફોર્મ નં. 1 નલિયા બાજુ, પ્લેટફોર્મ નં. 1 ગાંધીધામ બાજુ, પ્લેટફોર્મ નં.1 સ્ટેશન બિલ્ડીંગ, પ્લેટફોર્મ નં.1 કોમન વેઇટિંગ રૂમ, પ્લેટફોર્મ નં. 1 લેડીઝ વેઇટિંગ રૂમ, પ્લેટફોર્મ નં. 2 નલિયા બાજુ અને નવા ભુજના પ્લેટફોર્મ નં. 2 ગાંધીધામ બાજુ અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલ્વે સ્ટેશન રેલ્વે ખાતે યુનિફાઇડ નોન-ડિલક્સ પ્રકારના પે એન્ડ યુઝ ટોઇલેટના સંચાલન અને સંચાલન માટે ત્રણ વર્ષ માટે લાઇસન્સનો ખર્ચ આપવામાં આવશે. | 1096 | 24-03-25 13:40:00 |

345

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## તંત્રી લેખ...

# દિલ્હી દુનિયાની સૌથી પ્રદૂષિત રાજધાની

વિશ્વના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોની યાદી આવી ગઈ છે, જેમાં ૧૩ શહેરો તો એકલા ભારતના જ છે. આમાં સૌથી પ્રદૂષિત શહેર મેઘાલયનું બર્નીહાટ છે. IQAir દ્વારા પ્રકાશિત કરાયેલ 'વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ ૨૦૨૪' પ્રમાણે દિલ્હી વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની છે. જો આપણે દેશોની વાત કરીએ તો ભારત વિશ્વનું પાંચમું સૌથી પ્રદૂષિત શહેર છે. આ આંકડો વર્ષ ૨૦૨૪ને લઈને જાહેર કરવામાં આવ્યો છે, જ્યારે ૨૦૨૩માં ભારત ત્રીજા સ્થાને હતું. આમ પ્રદૂષણના મામલે ભારતમાં થોડો સુધારો થયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં PM ૨.૫ પાર્ટિકલ્સની ઘનતામાં ૭% સુધીનો ઘટાડો થયો છે. જો આપણે ટોપ ૧૦ શહેરોની વાત કરીએ, તો ૬ એકલા ભારતમાં જ છે. ભારતના જે ૧૩ શહેરોને સૌથી વધુ પ્રદૂષિત માનવામાં આવ્યા છે તેમાં પંજાબથી લઈને મેઘાલય સુધીના શહેરો સામેલ છે. આ યાદીમાં બર્નીહાટ પહેલા નંબર પર છે બીજી તરફ દિલ્હી બીજા નંબર પર છે. દિલ્હી વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાનીની શ્રેણીમાં છે. આ ઉપરાંત પંજાબનું મુલ્લાનપુર ત્રીજા સ્થાને છે. ફરીદાબાદ ચોથા નંબર પર છે. ત્યારબાદ ગાઝિયાબાદનું લોની, નવી દિલ્હી, ગુરુગ્રામ, ગંગાનગર, ગ્રેટર નોઈડા, ભીવાડી, મુઝફ્ફરનગર, હનુમાનગઢ અને નોઈડાનો નંબર આવે છે. એકંદરે ભારતના ૩૫% શહેરો એવા છે જ્યાં પીએમ ૨.૫નું લેવલ WHO દ્વારા તૈયાર કરાયેલી યાદી કરતા ૧૦ ગણું વધારે છે. વિશ્વ આરોગ્ય સંગઠનની મર્યાદા પ્રતિ ક્યૂબિક મીટર ૫ માઈક્રોગ્રામ છે. રિપોર્ટ પ્રમાણે ભારતમાં વાયુ પ્રદૂષણ સતત ચિંતાનો વિષય રહ્યો છે અને તે એક મોટું સ્વાસ્થ્ય જોખમ પણ છે. પ્રદૂષણના કારણે ભારતમાં લોકોના આયુષ્યમાં સરેરાશ ૫.૨ વર્ષનો ઘટાડો થઈ રહ્યો છે. લેન્સેટ હેલ્થ સ્ટડી પ્રમાણે ૨૦૦૯થી ૨૦૧૯ની વચ્ચે ૧.૫ મિલિયન મૃત્યુનું કારણ પીએમ ૨.૫ પ્રદૂષણના વધુ પડતા સંપર્કમાં આવવાનું હતું. પીએમ ૨.૫નો અર્થ હવામાં ફેલાયેલા એ પ્રદૂષક કણો છે જે ફેફસાંને અસર કરે છે. આનાથી શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે. ઘણી વખત હૃદય રોગ અને કેન્સર પણ આના કારણે થાય છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, વાહનોમાંથી નીકળતો ધુમાડો, ઔદ્યોગિક ઉત્સર્જન અને પાક અને લાકડાને બાળવા એ વાયુ પ્રદૂષણના મુખ્ય પરિબળો છે. વિશ્વ આરોગ્ય સંગઠનના પૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક અને આરોગ્ય મંત્રાલયના સલાહકાર સૌમ્યા સ્વામીનાથને કહ્યું કે, ભારતે એર ક્વોલિટીના ડેટા કલેક્શનમાં સુધારો કર્યો છે પરંતુ પૂરતા પગલાંનો અભાવ છે.

## ભારતના રાષ્ટ્રપતિ પંજાબ સેન્ટ્રલ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યાં







ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આજે (૧૧ માર્ચ, ૨૦૨૫) ભટિંડા ખાતે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ પંજાબના દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે દીક્ષાંત સમારોહ એ વિદ્યાર્થીઓના જીવનના એક તબક્કાની પૂર્ણાહુતિ અને બીજા તબક્કાની શરૂઆતનો પ્રસંગ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તમામ વિદ્યાર્થીઓ પોતાના આચરણ અને યોગદાન દ્વારા આ યુનિવર્સિટી, પોતાના પરિવારો અને દેશનું ગૌરવ વધારશે.

રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને પાંચ સારી બાબતો જેવી કે જિજ્ઞાસા, મૌલિકતા, નૈતિકતા, દૂરંદેશી અને સ્વયંસ્ફુરિતતાને તેમના જીવનનો ભાગ બનાવવાની સલાહ આપી છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે જિજ્ઞાસા વ્યક્તિને નવી માહિતી મેળવવા માટે ઉત્સુક રાખે છે. જિજ્ઞાસુ લોકો જીવનભર નવી વસ્તુઓ શીખતા રહે છે. તેમણે જણાવ્યું હતું કે કોઈપણ વિષયને યોગ્ય રીતે સમજ્યા પછી, વ્યક્તિએ તે વિષયમાં અથવા અન્ય કોઈપણ ક્ષેત્રમાં કંઈક નવું કરવાનો પ્રયાસ કરવો જોઈએ. મૌલિકતા એક અનોખી ઓળખ આપે છે. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે નૈતિકતા એ અર્થપૂર્ણ જીવનનો પાયો છે. એક સારા વ્યક્તિ બનવું એ સફળ વ્યક્તિ બનવા કરતાં વધુ મહત્વપૂર્ણ છે. તેમણે તેમને કહ્યું કે તેઓ તેમના અંગત જીવનમાં અથવા કાર્યમાં જે પણ તકો પસંદ કરે છે, તે તાત્કાલિક લાભ પર આધારિત ન હોવી જોઈએ પરંતુ તેમની ક્ષમતાઓ અને રુચિઓનો કાયમી ઉપયોગ કરવાની શક્યતા પર આધારિત હોવી જોઈએ. તેમણે ઉમેર્યું કે સ્વયંસ્ફુરિતતા એક મૂલ્યવાન ગુણ છે. તેના ઘણા પરિમાણો છે. ઢોંગ કે દેખાડો ટાળવો એ તેનું એક પરિમાણ છે. શબ્દો અને કાર્યોમાં સુસંગતતા એ સ્વયંસ્ફુરિતતાનું બીજું પરિમાણ છે. પોતાના મૂળ સાથે જોડાયેલા રહેવું એ પણ સ્વયંસ્ફુરિતતાનું ખૂબ જ મહત્વપૂર્ણ પરિમાણ છે.

રાષ્ટ્રપતિએ એ જાણીને ખુશી વ્યક્ત કરી કે લગભગ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વિદ્યાર્થીઓ પંજાબ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તેનો શિક્ષણ સમુદાય પણ ભારતની વિવિધતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે આ અખિલ ભારતીય પ્રતિનિધિત્વ આ યુનિવર્સિટીનું પ્રશંસનીય લક્ષણ છે. આવી સંસ્થાઓ આપણા દેશની જીવંત સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે.

---

**જ્યારે પણ હોળી ધૂળેટીનો તહેવાર આવે અને રંગો વિશે વાત થાય તો એ એકદમ પાગલ બની ને આ બધાનો વિરોધ કરતી**

# રંગીલી ને કેમ એકેય રંગ પસંદ ન્હોતો! એવું શું થયું હતું કે એ તહેવારોનો વિરોધ કરતી હતી?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**રંગીલી ટીન એજ યુવતી હતી, અને આ ઉંમર પ્રમાણે તેનામાં કોઈ જ ઉત્સાહ જેવું દેખાતું ન્હોતું! ઇન્ફેક્ટ એને કોઈ રંગ જ પસંદ ન્હોતા! જ્યારે પણ હોળી ધૂળેટીનો તહેવાર આવે અને રંગો વિશે વાત થાય તો એ એકદમ પાગલ બની ને આ બધાનો વિરોધ કરતી, અને બધું જ ફગાવી દેતી.**

હમણાં જ મહિલા દિવસ ગયો અને, સોશ્યલ મીડિયામાં બહુ બધા મેસેજ હતાં, કે આપણે એકવીસમી સદીમાં પહોંચી ગયાં, પણ બેન દીકરીઓ હજી સુરક્ષિત નથી! અને કાચી ઉંમરમાં જ તેની સાથે જાતિય સતામણી થાય છે! અને મોટેભાગે જાણીતા કે ઓળખીતા દ્વારા જ થાય છે! વાત તો સાચી છે! અને ફિલ્મમાં પણ આ વાતને દેખાડવામાં આવે છે! અને ઘણી હિરોઈન એ બોલ્ડનેશ ને નામે જાહેરમાં આ વાતને સ્વીકારી છે! કારણકે હજી પણ દીકરી હોય, બહેન હોય, કે સ્ત્રી હોય! એને ભોગ કે ઐયાસીના સાધનની જેમ જોવામાં આવે છે એ જ ખોટું છે. એમાં પણ જ્યારે દિવાળી, હોળી, લગ્ન કે કોઈ ત્યોહાર હોય અને બધા ભેગા થયાં હોય, ત્યારે મસ્તીના માહોલમાં કોઈવાર કોઈ બેન દીકરી આવી સતામણીનો ભોગ બને છે! અત્યારે પણ હોળી ધૂળેટીનો ત્યોહાર નજીક છે! અને કેટલીય કાંચી ઉંમરની દીકરીઓની જુવાની ઉંબરે ઊભી હોય ત્યારે એમનું એ બેબાક પણું, એની અલ્લડતા, એને જીવનભરનો દાગ દઈ જતું હોય છે, એની મસ્તી છીનવાઈ જાય છે! એનો સંબંધો પરથી વિશ્વાસ હણાઈ જાય છે! અને કોઈવાર તો જાહેર ઉત્સવનો ફોબિયા થઈ જાય છે! પોતાની જાતને કેમ બચાવશે એ વિચારે એક ડર ઘર કરી જાય છે. વીમન્સ વીકમા આપણે દરેક પાસા જોયાં, પણ આ બાબત પર ધ્યાન દોરવાનું રહી ગયું! તો બુધવારે આવો જ એક કિસ્સો

રંગીલી ટીન એજ યુવતી હતી, અને આ ઉંમર પ્રમાણે તેનામાં કોઈ જ ઉત્સાહ જેવું દેખાતું ન્હોતું! ઈન્ફેક્ટ એને કોઈ રંગ જ પસંદ ન્હોતા! જ્યારે પણ હોળી ધૂળેટીનો તહેવાર આવે અને રંગો વિશે વાત થાય તો એ એકદમ પાગલ બની ને આ બધાનો વિરોધ કરતી, અને બધું જ ફગાવી દેતી. તેના ઘરનાં ને પણ તે વાતની ચિંતા હતી કે, આ છોકરી આવું વર્તન કેમ કરે છે? એકાંકી સ્વભાવ અને બને ત્યાં સુધી એકલાં રહેવાનું પસંદ કરતી. સ્કૂલ કોલેજમાં પણ ખાસ કોઈ તેના ફ્રેન્ડ થયાં નહીં, અને હવે તો હદ થતી હતી, ઘરમાં પણ કોઈ પરિવારનું કે અન્ય સંબંધી આવે તો તે, ઉઠીને ત્યાંથી ચાલી જતી હતી, અને પોતાને રુમમાં બંધ કરી દેતી. મમ્મી પપ્પાથી માંડીને, બધાને હવે તેના સ્વભાવની ચિંતા થતી હતી. કે શું થયું હશે?? જે હોય તે પણ આ બરાબર નથી, એ બધાં જ સમજતાં હતાં. તેને એક નાનો ભાઈ પણ હતો, તે ખૂબ



જ મસ્તીખોર હતો, પણ રંગીલી તેના નામ પ્રમાણે જરાય રંગીલી ન્હોતી. આજે કોલેજમાં હોળી ધૂળેટીને લઈને એક ફંક્શન હતું, અને બધાં જ તેની ઉંમરનાં યુવક યુવતીઓમાં તેનો ભારે ઉત્સાહ હતો. રંગીલી દેખાવે પણ સુંદર હતી, અને ઘણાં યુવકને પસંદ પણ હતી. પણ તેનો આ રીતનો સ્વભાવ જોઈ તેને ફ્રેન્ડ બનાવવાની હિંમત કોઈ કરતું નહીં, કારણ કે નહીં ને કંઈ ઉંધુ પડે તો! એવું બધા વિચારતા હતા. તેની અંગત સહેલી એટલે કે રીટા હોળી માટે ખૂબ જ ઉત્સાહીત હતી, અને તેને તો એક બે બોયફ્રેન્ડ પણ હતાં, તેઓ બધાએ ભેગા થઈને આજે રંગીલીને જુવાન બનાવાનું નક્કી કર્યું, એટલે કે તેના મનમાં પ્રેમ નામનો એક ભાવ ઉઠે તેવું કરવા વિચાર્યું. રંગીલી તો આ ફંક્શનમાં આવવાની જ ન્હોતી. પણ રીટાએ કંઈક બહાનું કરી, તેને પોતાને ઘેર બોલાવી અને પછી ફંકશનમાં, કે હોલીની પાર્ટીમાં જઈએ છે, તેવું કીધા વગર તેને અહીં લઈ આવી. બંને જણા હોલની અંદર દાખલ થતાં હતાં, ત્યાં જ મિત્રોએ નક્કી કર્યા મુજબ બેય જણા પર રંગ ઉડાડ્યો, અને પિચકારીથી તેઓની મસ્તી કરી.બધાને એમ હતું કે રંગીલી તેનું શું રીએક્શન આપશે? એવું પણ કોઈ વિચારવાના મૂડમાં ન્હોતાં, કોનસ્ટંટ બધા એકબીજા પર ગુલાલ ઉડાડતા હતા. રીટા તો પોતે પણ બધા સાથે મસ્તી કરતી હતી, અને ગુલાલ ઉડાડતી હતી. પણ બધાનાં આશ્ચર્ય વચ્ચે આડા હાથ રાખતી રંગીલી થોડો સમય બધાથી બચતી રહી, પણ પછી એણે રંગ ભરેલા થાળ માંથી ખોબો ભરીને રંગ લીધો, અને તેનાં ક્લાસમેટ રોહન પર ઉડાડ્યો, અને પ્રેમથી તેને જોતી રહી. કારણ કે તે એક જ એવો વિદ્યાર્થી હતો, તેણે હજી રંગીલી ને રંગ લગાવ્યો ન્હોતો, કારણ કે તે આ રીતે યુવતીની મસ્તી કરવામાં માનતો ન્હોતો. જો તેની તૈયારી હશે તો જ તે તેની સાથે રમશે, તેવો તેનો દ્રઢ નિશ્ચય હતો, અને રંગીલી એ તેની ઉપર રંગ ઉડાડતાં એ સાબિત થયું કે, રંગીલી હોળી રમવા માગે છે. વાત પાક્કી થઈ, અને તેણે પણ રંગીલી ને રંગ ગુલાલ લગાડ્યો. કોલેજના મિત્રો રંગીલી અને રોહનની ફ્રેન્ડશીપની જોડીને તાળીઓથી વધાવી રહ્યા હતાં, અને પછી તો આખા ફંક્શનમાં રંગીલી એ ખૂબ જ આનંદ મસ્તી ધમાલ વગેરે કર્યું. ઘરનાને રંગીલીના સ્વભાવમાં બદલાવ ધીરે ધીરે દેખાવા લાગ્યો, અને તે પણ અંદરથી ખુશ થતા હતા.પણ દરેકના મનમાં એક સવાલ તો હતો જ કે એવો કયો રંગ રંગીલી ને લાગ્યો હતો કે, તે તેની મસ્તી અને નિખાલસતા ડસી ગયો હતો.પણ બધા ખુશ હતા કારણ કે અંત ભલા તો સબ ભલા, એ ન્યાયે રંગીલી હવે એકદમ નોર્મલ દેખાતી હતી. એક દિવસ મમ્મી રંગીલી ને જગાડવા ગઈ તો, રંગીલી નીંદરમાં બોલતી હતી. અંકલ છોડોને મને અંકલ છોડોને !! મને હોળી નથી રમવું!! મને છોડોને!! તમારી સાથે હોળી નથી રમવું! મારા કપડા શું કામ કાઢો છો..મને બહુ દુખે છે! અને નિંદરમાં પણ તેના મોઢા પર એ ડર અને તે સમયની પીડા દેખાઈ રહી હતી, અને હવે મમ્મી ને સમજાઈ ગયું કે, નાની ઉંમરમાં તેની દીકરી ઘરેલુ જાતિય હિંસાનો ભોગ બની છે...... અને મમ્મી એ તેને છાતી સરસી ચાંપી દીધી.આખરે તે ડર,એ બિભત્સ રંગ, તે હોળીની પાર્ટી, ભાંગ પીને મસ્ત બનેલા એ અંકલ, બધું જ તેની નજર સામેથી હવે ખસી ગયું છે, જે રોજ તેને પીડા આપતું હતું, અને હવે રોહનનો ચહેરો દેખાતો હતો.

આજકાલ આવાં તહેવારોમાં ઘરે ઘરે હોલીની પાર્ટીનું આયોજન થાય છે, અને ઠંડાઈ મા ભાંગ મેળવીને પીવાની એક ફેશન બની ગઈ હોય, એમ પી ને નશામાં મસ્તી ને નામે આવી હરકતો કરતા હોય છે. ઉપરાંત આવી પાર્ટીમાં આધુનિક દેખાવા દારૂનું ચલણ પણ બધે વધી ગયું છે. ત્યારે દિકરી ના માતાપિતા એ પોતાની દિકરીનું પૂરું ધ્યાન રાખવું, અને શક્ય હોય તો આવી પાર્ટી થી કે એવાં સગાં સંબંધીઓથી દૂર રાખવી! અને માતાએ એને પણ કંઈ પણ થાય તો બૂમાબૂમ કરવી, કે પ્રતિકાર કરવો વગેરે પ્રશિક્ષણ આપવું જોઈએ! ડિફેન્સ કરી શકે એવું શિક્ષણ પણ આપવું, તેમજ જાતિય સતામણી એ શું છે એ સમજાવવું જોઈએ તો જ દિકરીઓને આવી હરકતોથી બચાવી શકાય છે.

---

**જંગલમાં વૃક્ષની નીચે બેસી કામને મારે તે સામાન્ય છે, પરંતુ અનેક રાણીઓ વચ્ચે રહીને કામને જીતે તે પરમાત્મા છે**

# માણસને માનવતા જ એક સારો માનવ બનાવે છે, લોકો મંદિરોમાં એમ જ નથી જતાં, શ્રદ્ધા પત્થરને પણ ભગવાન બનાવે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**રાસલીલામાં કામદેવ ની હાર થઈ હતી. પણ કહે છે કે, તે વખતે શ્રી કૃષ્ણ બાળક હતા તેથી હું હાર્યો અહીં દ્વારિકામાં હું જીતવાનો હાવભાવથી રાણીઓએ શ્રીકૃષ્ણ ને પ્રસન્ન કરવા પ્રયત્ન કર્યો, પણ શ્રીકૃષ્ણ અજેય રહ્યા. જંગલમાં વૃક્ષની નીચે બેસી કામને મારે તે સામાન્ય છે,પરંતુ અનેક રાણીઓ વચ્ચે રહીને કામને જીતે તે પરમાત્મા છે.**

હોળી ધુળેટી પર્વનો અનેરો ઉમંગ ઉત્સાહ કાળઝાળ મોંઘવારી ભેળ સેળના વાવાઝોડામાં ફસાયેલી પ્રજામાં જોવા મળી રહયો ત્યારે આપણે પણ પ્રજા સાથે મૌન સેવીને આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો નીતિ વગરનો ધર્મ વિધુર છે. અર્થોપાર્જન કરવું એ ધર્મ છે, પણ અર્થ ધર્માનુકૂલ હોશેજોઈએ અર્થને ધર્મની મર્યાદા ન હોય તો એ માયા નું સ્વરૂપ બને છે અને તે અનર્થ કરે છે.ધર્મરાજા ના પવિત્ર રાજ્ય માં કોઈના ઘરમાં ઝઘડો ન હતો. પુત્ર માતાપિતાની આજ્ઞામાં રહેતો. તે વખતે રાજા ધર્મનિષ્ઠ હોવાથી પ્રજા પણ ધર્મનિષ્ઠ હતી.

યુધિષ્ઠિરને ગાદીએ બેસાડીને શ્રી કૃષ્ણ દ્વારિકા પધારે છે. દ્વારિકાના લોકો રથયાત્રાના દર્શન કરે છે. રથમાં વિરાજેલા દ્વારિકાનાથનાં દર્શન રોજ કરો. શંખ, ચક્ર, ગદા, પદ્મ હાથમાં છે. સોનાનો રથ છે. આ શરીરરથમાં શ્રીકૃષ્ણને નિહાળો ભક્તો હૃદય સિંહાસન ઉપર પરમાત્માને પધરાવી તેનાં દર્શન કરે છે. જ્ઞાની ઓ સમાધિમાં બ્રહ્મનાં દર્શન કરે છે.

દ્વારિકાધીશ દ્વારિકામાં પધારે છે. સર્વને શ્રીકૃષ્ણદર્શનની આતુરતા છે. ભગવાને અનેક સ્વરૂપો ધારણ કરી એકી સાથે સોળહજાર રાણી ઓના મહેલમાં પ્રવેશ કર્યો. ભગવાન બોલવામાં ચતુર છે. દરેક ને કહે, તારે ત્યાં પહેલા આવ્યો છું. રાણીઓમાં બીજે દિવસે પ્રેમનો ઝઘડો થયો. ભગવાનની આ દિવ્ય લીલા છે. તે વખતે કામદેવ લડવા આવ્યા છે. રાસલીલામાં કામદેવ ની હાર થઈ હતી. પણ કહે છે કે,તે વખતે શ્રી કૃષ્ણ બાળક હતા તેથી હું હાર્યો અહીં દ્વારિકામાં હું જીતવાનો હાવભાવથી રાણીઓએ શ્રીકૃષ્ણ ને પ્રસન્ન કરવા પ્રયત્ન કર્યો, પણ શ્રીકૃષ્ણ અજેય રહ્યા. જંગલમાં વૃક્ષની નીચે બેસી કામને મારે તે સામાન્ય છે, પરંતુ અનેક રાણીઓ વચ્ચે રહીને કામને જીતે તે પરમાત્મા છે.

શ્રીકૃષ્ણનું ચિંતન મનન કરનારને કામ ત્રાસ આપી શકે નહીં, તો શ્રીકૃષ્ણને કામ શું ત્રાસ આપી શકવાનો હતો? ઈશ્વર તે કે જે કોઈ દિવસ આધીન થતો નથી. કામને આધીન થાય તે જીવ. કામદેવે હાર કબૂલી.શ્રીકૃષ્ણ યોગેશ્વર છે.શંકર યોગી શ્વર છે. પૂર્ણ પ્રવૃત્તિધર્મમાં રહી પ્રવૃત્તિમાં લેપાય નહીં,આસક્ત ન બને તે યોગેશ્વર. સંપૂર્ણ નિવૃત્તિ માં રહી સ્વ-સ્વરૂપમાં સ્થિર રહે તે યોગેશ્વર..

બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મની કથા છે. ઉત્તરાને ત્યાં બાળક થયો તે ચારે તરફ જોવા લાગ્યો કે માના પેટમાં પણ મને ચતુર્ભુજ સ્વરૂપે જે પુરુષ દેખાતા હતા તે ક્યાં છે? પરીક્ષિત ભાગ્ય શાળી છે કે જેને માતાના ગર્ભમાં પરમાત્માનાં દર્શન થયાં.તેથી પરી ક્ષિત મહારાજ ઉત્તમ શ્રોતા છે.

યુધિષ્ઠિરે બ્રાહ્મણોને પૂછ્યું કે, બાળક કેવો થશે? ત્યારે બ્રાહ્મણો એ કહ્યું, સર્વ ગ્રહો દિવ્ય પડ્યા છે. એક મૃત્યુ સ્થાન જરા બગડેલું છે એનું મૃત્યુ સર્પદંશથી થશે.ધર્મ રાજાને આ સાંભળી દુઃખ થયું. મારા વંશનો દીકરો અને તે સર્પ દંશ થી તેનું મૃત્યુ પામે તે યોગ્ય નથી. ત્યારે બ્રાહ્મણોએઆશ્વાસન આપ્યું. સર્પદંશથી તેનું મૃત્યુ ભલે થશે પણ તેને સદગતિ મળશે. તેના બીજા ગ્રહો સારા છે.તે ગ્રહો જોતા લાગે છે કે, આ જીવાત્માનો છેલ્લો જન્મ છે. નવમા સ્થાનમાં સ્વગૃહે ઉચ્ચક્ષેત્ર નો બૃહસ્પતિ હોય તે ધર્માત્મા બને છે. પરીક્ષિત ધીમે ધીમે મોટો થાય છે.

ધર્મરાજા ગાદી ઉપર વિરાજ્યા છે વિદુરકાકા પધાર્યા છે. ધર્મ રાજા વિદુરજીનું સ્વાગત કરે છે. વિદુરકાકા માન લેવા આવ્યા ન હતા.તેઓ તો ધર્મરાજા યુધિષ્ઠિર ને આશરે પડેલા પોતાના ભાઈ ધૃતરાષ્ટ્રને એ બંધનમાંથી છોડા વવા આવ્યા હતા. છત્રીસ વર્ષ તીર્થયાત્રા કરીને આવ્યા હતા.

શાસ્ત્રમાં તીર્થયાત્રાનું ઝાઝું મહત્ત્વ નથી.સહજ અવસ્થા ઉત્તમ, ધ્યાન ધારણ મધ્યમ, મૂર્તિપૂજા અધમ અને તીર્થયાત્રા તો અધમ. તેનું કારણ એ કે યાત્રામાં ઈશ્વરનું નિયમથી ધ્યાન થતું નથી. સત્કર્મ પણ નિયમપૂર્વક થતું નથી.ઘર કરતાં વધારે સત્કર્મ તીર્થયાત્રામાં ન થાય તો તીર્થયાત્રા શા ખપની?

છત્રીસ વર્ષની યાત્રાનું વર્ણન વિદુર જીએ માત્ર બત્રીસ શબ્દોમાં કર્યું છે. તમારા હાથે જેટલું પુણ્ય થાય તે ભૂલી જાવ, અને જેટલું પાપ થાય તે યાદ રાખો.આ સુખી થવાનો માર્ગ છે.મધ્યરાત્રિએ વિદુર જી ધૃતરાષ્ટ્ર પાસે ગયા. ધૃતરાષ્ટ્ર જાગતા હતા. વિદુરજી ધૃતરાષ્ટ્રને પૂછે છે, કેમ ભાઈ, ઊંઘ આવતી નથી? પાંડવોને છોડી હવે યાત્રાએ નીકળો.

ધૃતરાષ્ટ્ર કહે છે કે, ભત્રીજો બહુ વહાલો છે.મારી ખૂબ સેવા કરે છે. વિદુરજી કહે છે,હવે તને ભત્રીજો વહાલો લાગે છે,પણ તમે પાંડવો ને મારવા કેટલા પ્રયત્નો કર્યા હતા એ ભૂલી ગયા? એ તો ધર્મરાજા ધર્મની મૂર્તિ છે,તેથી તારા અપકાર નો બદલો ઉપકારથી વાળે છે. પણ હવે તમારા માથે કાળ છે. સમજીને ઘર છોડો તો સારું, નહીંતર કાળ ધક્કો મારશે એટલે ઘર છોડવું પડશે. ધૃતરાષ્ટ્ર કહે છે કે, ભાઈ, તારું કહેવું સાચું છે. પણ હું આંધળો છું. એકલો ક્યાં જાઉં? વિદુરજી કહે છે,અત્યારે જ તમને મારી જોડે લઈ જાઉં! પછી ધૃત રાષ્ટ્ર-ગાંધારીને વિદુરજી સપ્ત સ્રોતસ તીર્થમાં લઈ આવ્યા સવારે યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રના મહેલ માં આવ્યા,પણ કાકા દેખાતાનથી તેમણે સંકલ્પ કર્યોકે,કાકા-કાકીનો પત્તો ન લાગે,ત્યાં સુધી મારે પાણી પીવું નહીં.

ધર્મી દુઃખી થાય છે તો સંત તેને ત્યાં આવે છે. ધર્મરાજાની પાસે તે વખતે નારદજી પધાર્યા. ધર્મરાજા તેને કહે છે, મારા પાપે મારા કાકા ચાલ્યા ગયા.

વૈષ્ણવ તે છે જે સ્વદોષનો વિચાર કરે,બીજાના દોષનો નહીં.નારદજી સમજાવે છે કે, દરેક જીવ મરણને આધીન છે.કાકા જ્યાં જવાના ત્યાં તમારે પણ જવાનું છે. ધૃતરાષ્ટ્રને સદગતિ મળવાની છે, ચિંતા ન કરો.આજથી પાંચ દિવસ પછી કાકાની સદગતિ થશે. કાકાને માટે હવે રડશો નહીં. હવે તમારો વિચાર કરો. મરેલો પાછો આવતો નથી.જીવતો પોતા માટે રડે તે જ સારું. એક મરે તેના પાછળ બીજો રડેછે,પણ રડનારો એ સમજતો નથી કે, એ ગયો છે ત્યાં મારે પણ એક દિવસ જવાનું છે.તમારા માટે પણ હવે છમહિના બાકી રહ્યા છે. આમ કહી નારદજી કહે છે, હું તમને સાવધાન કરવા આવ્યો છું. વિદુરજી ધૃતરાષ્ટ્રને સાવધાન કરવા આવ્યા હતા.હું તમને સાવધાન કરવા આવ્યો છું. છ મહિના પછી કળિયુગની શરૂઆત થશે.હવે તમે કોઈની ચિંતા ન કરો તમે તમારી ચિંતા કરો.યુધિષ્ઠિરે ઘણા યજ્ઞો કર્યા. ભગવાન દ્વારિકા ગયા,ત્યારે અર્જુનને સાથે લઈ ગયા. પ્રભુને ઈચ્છા હતી કે, યદુ કુળનો વિનાશ થાય તો સારું. યદુ કુળનો વિનાશ થયો.

યુધિષ્ઠિરે ભીમને કહ્યું,નારદજીએ કહ્યું હતું તે સમય આવ્યો હોય તેમ લાગે છે.મને કળિયુગની છાયા દેખાય છે. મારા રાજ્યમાં અધર્મ વધી ગયો છે.હું કાલે ફરવા ગયો હતો.લુહારને ત્યાં મેં એક યંત્ર જોયું.મેં તેને પૂછ્યું કે, આ શું છે? તેણે કહ્યું કે, એ તાળું છે. હવે લોકોને ત્યાં ચોરીઓ થવા લાગી છે.એટલે ઘરને તાળાં મારવાં પડે છે!હવે છ મહિના ઉપરની વાત કહું.એક વૈશ્યે બ્રાહ્મણને મકાન વેચાતું આપ્યું.તે મકાનના પાયામાં થી સોનામહોરો નીકળી.બ્રાહ્મણ તે લઈ શેઠ પાસે આવ્યો. શેઠ કહે કે,મેં મકાન તમને વેચ્યું છે,એટલે હવે મકાન માંથી જે નીકળે તે તમારું એના પર મારો હક નથી. બ્રાહ્મણ પણ કહે કે,આ સંપત્તિ ઉપર મારો હક્ક નથી,તે મારી નથી. મને થયું કે મારા રાજ્યની પ્રજા કેવી ધર્મ નિષ્ઠ છે! હવે ગઈ કાલે તે જ બ્રાહ્મણ અને શેઠ મારી પાસે આવ્યા.બ્રાહ્મણ કહે છે, સંપત્તિ મારી છે અને શેઠ કહે છે સંપત્તિ મારી છે. તે વખતે મારી બુદ્ધિ બગડેલી હતી. હવે મારી બુદ્ધિ સુધરી ગઈ છે. આ પ્રમાણે બંને પોતપોતાનો હક્ક તે સંપત્તિ ઉપર બતાવે છે. મને દેખાય છે કે મારા પવિત્ર રાજ્યમાં કળિનો પ્રવેશ થયો છે.

કળિ એટલે કલહ.જે ઘરમાં શ્રી કૃષ્ણ કીર્તન, શ્રીકૃષ્ણકથા થાય તે ઘરમાં કળિ આવતો નથી. ભીમસેન અને ધર્મરાજા આવી રીતે વાતો કરતા હતા તેવામાં અર્જુન આવ્યો. તેના મુખ ઉપર જરાય તેજ દેખાતું નથી. યુધિષ્ઠિર અર્જુનને પૂછે છે કે, તારું તેજ ગયું ક્યાં? તે આંગણે આવેલા અતિથિ ને આપ્યા વગર ભોજન તો કર્યું નથી ને?અતિથિ ભગવાનનું સ્વરૂપ છે.આંગણે આવેલો અતિથિ ભૂખ્યો રહે,તો યજમાનનું પુણ્ય ખાઈ જાય છે. નચિકેતા યમરાજાને ત્યાં ત્રણ દિવસ ભૂખ્યો તરસ્યો બેસી રહ્યો. યમરાજા આવીને પૂછે છે કે, આ ત્રણ દિવસ તેં શું ખાધું? નચિકેતા જવાબ આપે છે કે તમારું પુણ્ય ખાધું?

મનુષ્ય શરીર કરતાં આંખથી, મનથી પાપ કરે છે. ગીતાજીમાં પ્રભુએ અર્જુનને માનપત્ર આપ્યું છે કે,મારો અર્જુન પવિત્ર છે. એટલે તો ભગવાને ગુરૂતમ જ્ઞાન તેને આપ્યું.એક રાત્રે ઊર્વશી અર્જુનને મળવા આવી, પણ અર્જુને તેની સામે જોયું નથી. એકાંતમાં કામને જીતે એ વીર. મને ખાતરી છે કે મારો અર્જુન કદી કંઈ પાપ કરે જ નહીં તોએ નિસ્તેજ કેમ છે?મને આ કળિયુગ નાં લક્ષણો દેખાય છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત હોળી ધૂળેટીના પર્વની શુભકામના પાઠવું છું. આજનું ચિંતન મનન કરી સદા ખુશ રહો તેવી પ્રાર્થના સહ અસ્તુ.

### રજનીકાંતની તારીખોનો મેળ ન પડતાં હોલિવૂડ સ્ટારની શોધ શરૂ

# રજનીકાંતના કારણે અટવાઈ અટલી અને સલમાન ખાનની મેગા બજેટ ફિલ્મ

સલમાન ખાન અને અટલી એક મોટી ફિલ્મ લઈને આવી રહ્યા છે તે અંગે લાંબા સમયથી ચર્ચાઓ ચાલે છે. પછી એવા પણ અહેવાલો આવ્યા કે હવે આ ફિલ્મ અટકી ગઈ છે અને તેનું કોઈ ભવિષ્ય નથી. તેમાં સલમાન સિવાય કોઈ મોટા સાઉથ સ્ટારને લેવાની અટલી અને પ્રોડ્યુસર્સની ઈચ્છા અંગે પણ સમયાંતરે અહેવાલો આવતાં રહ્યાં છે. એવા પણ અહેવાલો હતા કે સલમાને તો આ ફિલ્મ માટે પહેલાંથી જ સહમતી આપી દીધી છે અને હવે બસ કમલ હસન કે રજનીકાંતને આ સ્ક્રિપ્ટ ગમે તેટલી જ વાર છે. પછી એવા પણ અહેવાલો હતા કે પ્રોડ્યુસર્સને હોલિવૂડ સ્ટારને લેવામાં રસ નથી તેથી અટલી હવે ફિલ્મની સ્ક્રિપ્ટ ફરી લખશે. આ ફિલ્મ ૬૫૦ કરોડ જેવા અધધ બજેટ સાથે બનવાની છે અને તેની સ્ટોરીનો ભાર ઉંચકવા માટે બે મોટા સ્ટાર્સની જરૂર છે. સલમાને તો સહમતી આપી પરંતુ તારીખોનો મેળ ન પડવાથી કમલ હસન અને રજનીકાંત બંને આ ફિલ્મ કરવાનો ઈનકાર કરી ચૂક્યા છે. ત્યારે હવે એવા અહેવાલ છે કે આ ફિલ્મમાં પુનર્જન્મની વાત છે. તેથી ખરેખર તો કમલ હસન સલમાનના પિતાનો રોલ કરવા તૈયાર નથી. રજનીકાંતની ડાયરી ૨૦૨૬ સુધી પેક છે તેથી તે પણ આવતા બે વર્ષ સુધી કોઈ જ અનુકૂળતા કરી શકે તેમ નથી.સૂત્ર દ્વારા એવી માહિતી મળી છે કે આ ફિલ્મ આંતરરાષ્ટ્રિય કક્ષાએ લોકપ્રિય શો 'ગેમ ઓફ થ્રોન્સ' પ્રકારની છે. કમલ હસનને પડદા પર સલમાનના પિતાનો રોલ કરવો યોગ્ય લાગતો નથી અને રજનીકાંત 'કૂલી' અને 'જેલર ૨'માં વ્યસ્ત છે. તેથી તેમની પાસે આવતા બે વર્ષ સુધી તારીખો નથી. તેથી હવે આ ફિલ્મ પાછળ થયેલાં રોકાણને કમાણી સાથે પાછું લાવી શકે તેવા એક હોલિવૂડ સ્ટારની શોધ કરવામાં આવશે, તે ન મળે ત્યાં સુધી ફિલ્મ અટકેલી રહેશે.




### તાજેતરની ભારત મુલાકાત દરમિયાન સોદો

# પ્રિયંકા ચોપરાએ મુંબઈમાં ચાર ફ્લેટ ૧૬ કરોડમાં વેચી દીધા

## જ્યારે બાકીના ત્રણેય ફ્લેટ માટે એક-એક કાર પાર્કિંગ પ્રાપ્ય છે


પ્રિયંકા ચોપરાએ મુંબઈના અંધેરી વેસ્ટમાં આવેલા તેના ચાર ફ્લેટ રૂપિયા ૧૬. ૧૭ કરોડમાં વેંચી નાખ્યા છે. જેમાં એક ડુપ્લેક્સ પણ સામેલ છે. અંધેરીનાં લોખંડવાલા વિસ્તારમાં આવેલી બિલ્ડિંગની ૧૮મા માળ પરનો એક ફ્લેટ તેણે ૩.૪૫ કરોડમાં વેચ્યો છે. આ ફ્લેટ ૧૦૭૫ ચોરસ ફૂટનો છે. આ જ ફ્લોર પરનો ૮૮૫ ચોરસ ફૂટનો બીજો ફ્લેટ તેણે ૨.૮૫ કરોડ રુપિયામાં વેચ્યો છે. ૧૯મા માળનો ત્રીજો ફ્લેટ તેણે ૩.૫૨ કરોડમાં વેચ્યો છે. આ ફ્લેટ ૧૧૦૦ ચોરસ ફૂટનો છે. પ્રિયંકાએ એક ડુપ્લેક્સ વેચ્યો છે. આ ફ્લેટ બિલ્ડિંગના ૧૮ અને ૧૯મા માળ પર આવેલો છે. કુલ ૧૯૮૫ ચોરસ ફૂટનો આ ફ્લેટ ૬.૩૫ કરોડમાં વેચાયો છે. આ ડુપ્લેક્સ સાથે બે કાર પાર્કિંગ પ્રાપ્ય છે જ્યારે બાકીના ત્રણેય ફ્લેટ માટે એક-એક કાર પાર્કિંગ પ્રાપ્ય છે તેના માટે ખરીદનારે ૩૧.૭૫ લાખની સ્ટેમ્પ ડ્યૂટી વેચી છે. આ ડુપ્લેક્સ સાથે બે કાર પાર્કિંગ પ્રાપ્ય છે જ્યારે બાકીના ત્રણેય ફ્લેટ માટે એક-એક કાર પાર્કિંગ પ્રાપ્ય છે. ઉલ્લેખનીય છે કે, ગયા વરસે પ્રિયંકા ચોપરાના પરિવારે એટલે કે તેની માતા મધુ ચોપરા અને ભાઈ સિદ્ધાર્થે પુણેમાંનો એક ફ્લેટ મહિનાના રૂપિયા બે લાખના ભાડે આપ્યો હતો.



### જયપુર ખાતે એવોર્ડ ફંક્શનમાં 'જબ વી મેટ'ની જોડીની જમાવટ

# કરીના સાથે રીયુનિયનમાં નવાઈ નથી, અમે મળતા રહીએ છીએ: શાહિદ કપૂર

શાહિદ કપૂર અને કરીના કપૂરને બે દાયકા અગાઉ પરફેક્ટ સેલિબ્રિટી કપલ માનવામાં આવતા હતા. શાહિદ-કરીનાની કલ્ટ ફિલ્મ 'જબ વી મેટ'ને દરેક પેઢીએ એન્જોય કરેલી છે. શાહિદ-કરીનાએ લાંબા સમયથી સાથે ફિલ્મ કરી નથી અને જાહેરમાં ભેગા જોવા મળતા પણ નથી. જયપુર ખાતે એવોર્ડ ફંક્શન દરમિયાન કરીના-શાહિદ સ્ટેજ પર ભેગા થયા હતાં. આ પ્રસંગે તેમના વીડિયોએ ઉત્સુકતા જગાવી હતી અને 'જબ વી મેટ' અગેઈનની વાતો શરૂ થઈ હતી. કરીના સાથે રીયુનિયન અંગે ખુલાસો કરતા શાહિદે કહ્યું હતું કે, અમે અવાર-નવાર મળતા રહીએ છીએ. અમારા માટે મુલાકાતોમાં નવાઈ નથી. જયપુર ખાતે IIFA 2025ની પ્રેસ કોન્ફરન્સમાં કરીના-શાહિદ સાથે જોવા મળ્યા હતા. 'જબ વી મેટ'માં કરીનાએ બટકબોલી છોકરી ગીતનો રોલ કર્યો હતો, જ્યારે અંતર્મુખી-શરમાળ બિઝનેસમેન આદિત્યના રોલમાં શાહિદ કપૂર હતો. આ ફિલ્મ ૨૦૦૭માં રિલીઝ થઈ હતી અને તે જ વર્ષે શાહિદ-કરીનાનું બ્રેક અપ થયું હતું. કરીનાએ બાદમાં સૈફ અલી ખાન સાથે લગ્ન કર્યા અને શાહિદે મીરા સાથે સંસાર વસાવ્યો હતો. બંને સ્ટાર્સ હવે બે-બે સંતાનના વાલી છે. જો કે જૂની યાદો અને જૂની વાતોને ભૂલવાનું સહેલું નથી હોતું. શાહિદ અને કરીનાએ બ્રેક અપ બાદ પણ એકબીજાની જાહેરમાં ટીકા કરી ન હતી. પર્સનલ અને પ્રોફેશનલ લાઈફમાં તેમની વચ્ચે હવે નિકટતા રહી નથી, પણ સાવ અબોલા જેવી સ્થિતિ નથી. શાહિદે આ રીયુનિયન અંગે કહ્યું હતું કે, અમારા માટે, આ નવું નથી. આજે સ્ટેજ પર મળ્યા, અહીં-ત્યાં મળતા રહીએ છીએ. તો મુલાકાતો અમારા માટે નોર્મલ છે. લોકોને આ ગમતું હોય તો, તે સારું જ છે.





### 'સનમ તેરી કસમ'ને ઓરિજિનલ રિલીઝ સમયે ઠંડો રિસ્પોન્સ

# 'સનમ તેરી કસમ' ફળી, રોમેન્ટિક હીરો 'રેસ ૪'માં વિલન બનશે


## દોઢ દાયકાના સંઘર્ષ પછી હર્ષવર્ધનને બિગ બજેટ ફિલ્મ મળી, 'રેસ ૪'માં સૈફ અલી ખાનને ટક્કર આપશે

સૈફ અલી ખાનની એક્શન-થ્રિલર ફ્રેન્ચાઈઝી 'રેસ ૪'ની લાંબા સમયથી ચર્ચાઓ થઈ રહી છે. આ ફિલ્મ સાથે હવે હર્ષવર્ધન રાણેનું નામ જોડાયું છે. 'સનમ તેરી કસમ'ની રી-રિલીઝ સાથે જ દરેકનું ધ્યાન ખેંચનારા હર્ષવર્ધનને કરિયરમાં પહેલી બિગ બજેટ ફિલ્મ મળવા જઈ રહી છે. 'સનમ તેરી કસમ'માં રોમેન્ટિક હીરોનો રોલ કરનારા હર્ષવર્ધનને 'રેસ ૪'માં વિલનનો રોલ ઓફર થયો હોવાનું કહેવાય છે. આ ફિલ્મમાં સૈફ અલી ખાન અને હર્ષવર્ધનની ટક્કર જોવા મળશે. 'સનમ તેરી કસમ'ને ઓરિજિનલ રિલીઝ સમયે ઠંડો રિસ્પોન્સ મળ્યો હતો. રી-રિલીઝમાં આ ફિલ્મ છવાઈ ગઈ હતી. ફિલ્મની સફળતાનો સૌથી વધુ લાભ હર્ષવર્ધનને મળી રહ્યો છે. રોમેન્ટિક કેરેક્ટરમાં ઓડિયન્સને પસંદ આવેલા હર્ષવર્ધનને હવે વિલનનો રોલ મળ્યો છે. સૈફ અલી ખાનની એક્શન-થ્રિલર 'રેસ ૪'ની લાંબા સમયથી ચર્ચા થઈ રહી છે. 'રેસ'ની પહેલી બે ફિલ્મમાં સૈફ અલી ખાનનો લીડ રોલ હતો, પરંતુ ત્રીજા પાર્ટમાં સલમાને સૈફ અલીની જગ્યા લીધી હતી. 'રેસ'ના અસલી સિકંદર તરીકે સૈફ અલી ખાન ચોથી સીક્વલ સાથે 'રેસ'માં પરત આવી રહ્યા છે. સૈફની આ ફિલ્મનું કાસ્ટિંગ હજુ ફાઈનલ થયું નથી. ફિલ્મમાં સૈફને ટક્કર આપે તેવા દમદાર વિલનની શોધ ચાલી રહી હતી ત્યારે મેકર્સની નજર હર્ષવર્ધન પર પડી હતી. 'સનમ તેરી કસમ'ના કારણે લોકપ્રિય થયેલા હર્ષવર્ધનને મોટા બેનરની ફિલ્મો ઓફર થઈ રહી છે, જેમાં 'રેસ ૪'નો પણ સમાવેશ થાય છે. રોમાન્સના રાજામાંથી ખૂંખાર વિલન બનવા હર્ષવર્ધન તૈયાર છે અને આ મામલે પ્રોડક્શન હાઉસ સાથે વાતચીત ચાલી રહી છે. બંને પક્ષ વચ્ચે વાટાઘાટો સફળ રહે તો હર્ષવર્ધન હવે વિલનના રોલમાં જોવા મળશે. સૈફ અને હર્ષવર્ધનની ટક્કર જોવાનું દરેક માટે રસપ્રદ રહેશે. ૨૦૨૫ના વર્ષમાં 'સનમ તેરી કસમ'ની રી-રિલીઝ સાથે ચર્ચામાં આવેલા હર્ષવર્ધને કરિયરની શરૂઆત ૨૦૧૦માં કરી હતી. તેલુગુ રોમેન્ટિક ફિલ્મ 'તાકિતા તકિતા'થી તેમણે કરિયર શરૂ કરી હતી. છ વર્ષ બાદ 'સનમ તેરી કસમ' રીલીઝ થઈ હતી. રૂ.૧૮ કરોડના બજેટ બજેટમાં બનેલી આ ફિલ્મને બોક્સઓફિસ પર માંડ રૂ.૯ કરોડ મળ્યા હતા. જો કે રી-રિલીઝમાં આ ફિલ્મે આશ્ચર્યજનક રીતે ૫૦ કરોડથી વધુનું કલેક્શન મેળવ્યું હતું. ઓરિજિનલ રિલીઝ કરતાં પાંચ ગણા કલેક્શન સાથે આ ફિલ્મ અને હર્ષવર્ધન ચર્ચામાં આવ્યા હતા. ૧૫ વર્ષની સ્ટ્રગલ પછી હર્ષવર્ધનને પહેલી વખત બિગ બજેટ ફિલ્મ ઓફર થઈ રહી છે. તાજેતરમાં મળેલી સફળતાના પગલે અન્ય કેટલાક જાણીતા ફિલ્મમેકર્સે પણ હર્ષવર્ધન સાથે નવા પ્રોજેક્ટ માટે વાતચીત શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

# જિગરાની નિષ્ફળતાએ મને વધારે જુસ્સો પૂરો પાડ્યો

આલિયા ભટ્ટે અંતે તેની વેદાંગ રૈના સાથેની ફિલ્મ 'જિગરા'ની નિષ્ફળતા અંગે મૌન તોડ્યું છે. આલિયાએ કહ્યું, હું એક પેશનેટ એક્ટર છું અને પ્રોફેશનલ પ્રોડ્યુસર છું, મારા કામને લઈને મારા સપનાં છે વાસન બાલા દ્વારા ડિરેક્ટ થયેલી આ ફિલ્મમાં આલિયાના અભિનયના તો વખાણ થયા હતા પણ ફિલ્મ ચાલી નહીં. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં આલિયાએ આ અંગે કબૂલાત કરી છે. આલિયાએ કહ્યું, "હું એક પેશનેટ એક્ટર છું અને પ્રોફેશનલ પ્રોડ્યુસર છું. મારા કામને લઈને મારા સપનાં છે, જે મને નથી લાગતું ક્યારેય અટકશે. મને નથી લાગતું હું ક્યારેય જપીને બેસી જઈશ અને મારા મગજની એ વાત મને બહુ ગમે છે."આગળ આલિયાએ કહ્યું, "ગયા વર્ષે મારી એક ફિલ્મ રિલીઝ થઈ, જે ખાસ ન ચાલી તેનાથી મને નવો જુસ્સો મળ્યો છે કે હું નવા સપનાં જોઉં અને પ્રયત્ન કરું અને ફરી શરૂઆત કરું. આલિયાએ કહ્યું, હું એક પેશનેટ એક્ટર છું અને પ્રોફેશનલ પ્રોડ્યુસર છું, મારા કામને લઈને મારા સપનાં છે મને તેનાથી નવી ઊર્જા મળે છે. એ જ મારું પ્રોફેશનલ સપનું છે."થોડાં વખત પહેલાં એક ઈન્ટરવ્યૂમાં વાસન બાલાએ પણ આ ફિલ્મની નિષ્ફળતા અંગે વાત કરી હતી, તેમણે કહ્યું હતું, "અમે ફિલ્મ મેકિંગના બિઝનેસમાં પણ છીએ તો એ મારી જવાબદારી છે કે, આપણે બોક્સ ઓફિસ પર ચાલે એવી ફિલ્મ બનાવીએ. તેથી મારે થોડું વિચારવાની જરૂર છે. કશુંક તો થયું જ છે. કશુંક એવું થયું છે કે લોકો ફિલ્મથી દૂર રહ્યાં, કશુંક એવું જે એમને ગળે ઉતર્યું નહીં. કોઈ કલાકાર તમને એમનો સમય આપે છે તો તેનો કઈ રીતે ઉપયોગ કરી લેવો એ તમને ખબર હોવી જોઈએ."


### દર્શકો આગામી સીઝનની સૌથી વધુ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે

# બોબી દેઓલે આશ્રમની સીઝન-૨ ની સફળતા પર પોતાનું મૌન તોડ્યુ

બોલિવૂડ અભિનેતા બોબી દેઓલની પોપ્યુલર વેબ સિરીઝ આશ્રમ સીઝન ૩ નો બીજો ભાગ OTT પ્લેટફોર્મ પર આવી ગયો છે. ફરી એકવાર દર્શકોએ શ્રેણીમાં બાબા નિરાલાના પાત્ર પર ઘણો પ્રેમ વરસાવ્યો. આ સિઝનમાં, પમ્મીનું પુનરાગમન અને ભોપા સ્વામીની સત્તાની ભૂખે આખી સિરીઝમાં જીવ લાવી દીધો છે. એકંદરે તેને દર્શકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. બોબી દેઓલ ગયા દિવસે ૯ માર્ચે IIFA 2025 એવોર્ડ ફંક્શનમાં પહોંચ્યો હતો. અહીં તેમણે તેમની શ્રેણીને મળી રહેલા સકારાત્મક પ્રતિસાદ પર ખુશી વ્યક્ત કરી. ડીએનએ રિપોર્ટ અનુસાર, બોબી દેઓલે કહ્યું, 'આ મારા માટે ખૂબ જ ખાસ ક્ષણ છે. ભાગ્યે જ કોઈ અભિનેતાને એવું પાત્ર મળે છે જે લોકોને ખૂબ ગમે છે. આ શ્રેણીમાં કામ કરવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું અને હું પહેલા કરતાં વધુ શિસ્તબદ્ધ બની ગયો છું.બોબી દેઓલે અભિનેતા રણબીર કપૂરની બ્લોકબસ્ટર ફિલ્મ 'એનિમલ'માં વિલન અબરારની ભૂમિકા ભજવી હતી. આ ભૂમિકા માટે અભિનેતાના ખૂબ વખાણ થયા હતા. ઉપરાંત, દર્શકો એનિમલની સિક્વલમાં બોબીના પાત્રની વાપસી ઈચ્છે છે. આવી સ્થિતિમાં, આ વિશે વાત કરતા, અભિનેતાએ કહ્યું કે ફિલ્મમાં કામ કરતી વખતે, તેમને ખબર નહોતી કે તેની સિક્વલ પણ આવશે. બોબીએ કહ્યું, 'હું કેમ નહીં ઈચ્છું?' જ્યારે મેં 'એનિમલ'માં કામ કર્યું હતું, ત્યારે મને ખબર પણ નહોતી કે તેનો સિક્વલ 'એનિમલ પાર્ક' આવશે. બોબી દેઓલના વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેતા તાજેતરમાં નંદમુરી બાલકૃષ્ણ સ્ટારર સાઉથ ફિલ્મ 'ડાકુ મહારાજ'માં જોવા મળ્યો હતો. આમાં પણ અભિનેતા નકારાત્મક ભૂમિકામાં હતા. બોબી દેઓલની આગામી ફિલ્મો વિશે વાત કરીએ તો, અભિનેતા પાસે ઘણી મોટી લાઈનઅપ છે. આમાં આલિયા ભટ્ટની ફિલ્મ 'આલ્ફા' અને થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મનો પણ સમાવેશ થાય છે. જોકે, દર્શકો આશ્રમની આગામી સીઝનની સૌથી વધુ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.




### યુઝર્સએ કહ્યું, 'બીજી યુવતી સાથે જોતા જલન થઈ રહી છે'

# ધનશ્રીએ ચહલ સાથેનો ફોટો કર્યો રિસ્ટોર?

## ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી યુઝવેન્દ્ર ચહલ હાલમાં તેના અંગત જીવનને લઈને ચર્ચામાં છે

ધનશ્રી વર્મા અને યુઝવેન્દ્ર ચહલ વચ્ચે ઘણા સમયથી છૂટાછેડાના અહેવાલો આવી રહ્યા છે અને થોડા દિવસો પહેલા જ ક્રિકેટરે બંન્ને અલગ થવાની પુષ્ટિ પણ કરી હતી. તે દરમિયાન ધનશ્રી વર્માએ તેના પૂર્વ પતિ યુઝવેન્દ્ર ચહલના ફોટા ઈન્સ્ટાગ્રામ પરથી હટાવી દીધા હતા, પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે, ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન ટ્રોફી જીત્યા પછી તેના એકાઉન્ટ પર ફરીથી ફોટા દેખાવા લાગ્યા છે. તેની તસવીરો જોઈને નેટીઝન્સે કહ્યું, 'બીજી યુવતી સાથે જોઈને તેને જલન થઈ રહ્યું છે.' ધનશ્રી વર્માએ તેના પૂર્વ પતિ યુઝવેન્દ્ર ચહલના ફોટા ઈન્સ્ટાગ્રામ પર રિસ્ટોર કર્યા? ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ સ્ટાર ક્રિકેટર દુબઈમાં ઝઝ ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલ દરમિયાન એક મિસ્ટ્રી ગર્લ સાથે ફરતો જોવા મળ્યો હતો.ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી યુઝવેન્દ્ર ચહલ હાલમાં તેના અંગત જીવનને લઈને ચર્ચામાં છે. યુઝવેન્દ્ર ટુંક સમયમાં કોરિયોગ્રાફર ધનશ્રી વર્મા સાથે છૂટાછેડા લેવાનો છે. ધનશ્રીના વકીલે જણાવ્યું હતું કે, હાલમાં આ મામલે કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. હવે છૂટાછેડા પહેલા જ યુઝવેન્દ્ર ચહલ આરજે મહવાશ સાથે ક્વોલિટી ટાઈમ વિતાવતો જોવા મળ્યો હતો. ભારત - ન્યુઝીલેન્ડ ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલ મેચ દરમિયાન બંને સાથે જોવામાં મળ્યા હતા. અને આ દરમિયાન બંને ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા હતા. યુઝવેન્દ્ર અને આરજે મહવશની તસવીરો વાયરલ થયા પછી ધનશ્રી વર્મા ફરી એકવાર તેના અલગ થયેલા પતિ સાથેની જૂની તસવીરો ફરી રિસ્ટોર કરતાં વિવિધ ચર્ચાઓ સાંભળવા મળી રહી છે. મીડિયા રિપોર્ટના દાવા પ્રમાણે, ધનશ્રી વર્માએ અગાઉ ડિલીટ કરેલા ફોટા અનઆર્કાઈવ કર્યા છે. ધનશ્રીના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર નજર કરીએ તો, યુઝવેન્દ્ર ચહલ સાથેની તેની છેલ્લી પોસ્ટ ગયા વર્ષે તેના જન્મદિવસ પર શેર કરવામાં આવી હતી. અને જો તમે નીચે સ્ક્રોલ કરશો, તો તમને તે બંનેના કેટલાક વધુ ફોટા મળશે. જેવા સમાચાર આવ્યા કે, ધનશ્રીએ તેના પૂર્વ પતિના ફોટા ઈન્સ્ટાગ્રામ ફરી રિસ્ટોર કર્યા છે. નેટીઝન્સનો દાવો છે કે યુવી અને આરજે માહવાશ વચ્ચેના સંબંધોને કારણે લોકોનું ધ્યાન ખેંચાયું. એક યુઝરે લખ્યું, 'શું આ ગઈકાલના નાટકને કારણે છે?' બીજા યુઝરે લખ્યું છે કે, 'તે ઈર્ષ્યા કરે છે કારણ કે યુજી બીજી છોકરી સાથે મજા કરી રહ્યો હતો' ત્રીજા યુઝરે હાઈલાઈટ કર્યું, 'છૂટાછેડા થઈ ગયા છે, એટલે આ મૂર્ખતા બતાવવાનું બંધ કરો.'ઉલ્લેખનીય છે કે, યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માએ થોડા સમય માટે ડેટિંગ કર્યા બાદ વર્ષ ૨૦૨૦ માં લગ્ન કર્યા હતા. તેમના લગ્ન ખૂબ જ ભવ્ય રીતે થયા હતા. જેમાં ભારતીય ક્રિકેટ ટીમના ઘણા મોટા સ્ટાર્સે પણ ભાગ લીધો હતો.



# રેલ્વે ભારત ગૌરવ એસી પ્રવાસી ટ્રેન દ્વારા "જૈન યાત્રા"નું સંચાલન કરશે

। અમદાવાદ, તા.૧૧ ।

★ બહુપ્રતિક્ષિત ટ્રેન પ્રવાસ "જૈન યાત્રા" સોમવાર ૩૧મી માર્ચ ૨૦૨૫ ના રોજ બાંદ્રા ટર્મિનસ (મુંબઈ) રેલ્વે સ્ટેશનથી ૦૮ રાત/૦૯ દિવસની મુસાફરી માટે પ્રસ્થાન કરવા માટે તૈયાર છે.

★ ભારતીય રેલ્વે ભારત સરકારના દેખો અપના દેશ અને એક ભારત શ્રેષ્ઠ ભારતના વિઝનને પ્રોત્સાહન આપવા માટે

ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન ચલાવવાની પહેલ કરી છે.

★ IRCTCની વિશેષ યાત્રા "જૈન યાત્રા" પાવાપુરી – કુંડલપુર – ગુનિયાજી – લાચુઆર – રાજગીર – પારસનાથ – રુજુવાલિકા – સંમેદ શિખરજીને આવરી લેશે.

★ 3AC ક્લાસ AC પ્રવાસી ટ્રેનમાં કુલ ૭૫૦ પ્રવાસીઓ મુસાફરી કરશે.

★ પ્રવાસીઓ બાંદ્રા ટર્મિનસ - બોરીવલી - વાપી - વલસાડ - ભેસ્તાન (સુરત) - ભુસાવલ-ઈટરાસી-જબલપુર-સતના રેલ્વે સ્ટેશન પર પણ આ પ્રવાસી ટ્રેનમાં બેસી/ડીબોર્ડ કરી શકે છે.

IRCTC ભારત સરકાર એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશની પહેલ મુજબ આ ખાસ પ્રવાસી

દેશમાં સ્થાનિક પ્રવાસનને વેગ આપતું ટ્રેન પેકેજ શરૂ કરી રહ્યું છે.

ભારતીય રેલ્વે દ્વારા સંચાલિત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન પરનું જૈન યાત્રા પ્રવાસ પેકેજ અગ્રણી આધ્યાત્મિક પ્રવાસ પેકેજોમાંનું એક છે.

એક છે. જૈન યાત્રાની ધાર્મિક યાત્રા ૦૮ રાત અને ૦૯ દિવસની છે અને તે લગભગ ૪૫૦૦ કિમીની કુલ યાત્રાને આવરી લેશે. તે પ્રવાસીઓને જીવનના મહત્વપૂર્ણ સ્થળોને આવરી લેતા જૈન પ્રવાસ પર લઈ જશે. સમગ્ર યાત્રા દરમિયાન ભોજન અને અન્ય સુવિધાઓ જૈન પ્રણાલી મુજબ રહેશે.

IRCTC તેની વિશેષ અને સંપૂર્ણ 3AC એર કન્ડિશન્ડ ટૂરિસ્ટ ટ્રેનનો લાભ લેવા જૈન યાત્રાના ભક્તોનું સ્વાગત કરે છે. સુંદર LHB ટ્રેનમાં આધુનિક પેન્ટ્રી કાર જેવી ઘણી આકર્ષક સુવિધાઓ છે કોચમાં અદ્યતન સુરક્ષા સુવિધાઓ, સીસીટીવી કેમેરા, જાહેરાત સિસ્ટમ અને સુરક્ષા ગાર્ડ્સ હશે.

IRCTC એ વ્યક્તિ દીઠ આકર્ષક કિંમતે તમામ સમાવેશી પેકેજો લોન્ચ કર્યા છે. ૨૪,૯૩૦/- રાખવામાં આવેલ છે.

ટૂર પેકેજમાં ૩ એસી ક્લાસમાં આરામદાયક ટ્રેનની મુસાફરી, ડબલ/ટ્રિપલ/ક્વોડ શેર પર ધર્મશાળા/બજેટ હોટેલ્સમાં ૦૩ રાત્રિ રોકાણ, તમામ ભોજન (ઓનબોર્ડ અને ઑફબોર્ડ): સવારની ચા, નાસ્તો, લંચ, ચા/કોફી અને રાત્રિભોજનનો સમાવેશ થાય છે. ખોરાકનો સમાવેશ થાય છે. (ફક્ત જૈન ભોજનમાં) તમામ ટ્રાન્સફર અને સાઈટસીઈંગ, ટ્રાવેલ ઈન્શ્યોરન્સ અને IRCTC ટુર મેનેજરની સેવાઓ વગેરે એસી વાહનોમાં ઉપલબ્ધ હશે.

IRCTC પ્રવાસ દરમિયાન પ્રવાસીઓને સલામત અને આરોગ્યપ્રદ મુસાફરી પૂરી પાડીને તમામ જરૂરી આરોગ્યની ખાતરી કરી રહી છે. સાવચેતી પણ લે છે.

વધુ માહિતી માટે તમે IRCTC વેબસાઈટની મુલાકાત લઈ શકો છોઃ https://www.irctc-tourism.com અને બુકિંગ વેબ પોર્ટલ પર પહેલા આવો પહેલા સેવાના ધોરણે ઑનલાઈન ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે તમે મોબાઈલ નંબર ૮૨૮૭૯૩૧૮૮૬ પર સંપર્ક કરી શકો છો.

# ઝાલોદ નગરના ખાટું શ્યામ મંદિરે એકાદશી નિમિતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

તારીખ ૧૦-૦૩-૨૦૨૫ ના રોજ ખાટું શ્યામ બાબાની ફાલ્ગુન અગ્યારસનો ઉત્સવ આજના દિવસે બાબા ખાટું શ્યામે શીશનું દાન આપ્યું હતું તેથી આ પ્રસંગને શ્યામ ભક્તો એક ઉત્સવ રૂપી ઉજવે છે. ઝાલોદ નગરના વણકતલાઈ મંદિરના પ્રાંગણમાં આવેલ ખાટું શ્યામ મંદિરે બાર મહિનામા આવતી ચોવીસે અગ્યારસ ભક્તિ ભાવ પૂર્વક કીર્તન કરી ઉજવવામાં આવે છે. પરંતુ આજની અગ્યારસના દિવસ શ્યામ ભક્તો માટે ઉત્સવ સમાન હોવાથી મોટા પ્રમાણમાં બાબા શ્યામના ભક્તો દર્શનાર્થે આવતા હોય છે.

જે વ્યક્તિ જીવનથી હારી ગયેલ હોય અને સાચી આસ્થા અને શ્રદ્ધા થી જો બાબા શ્યામની શરણમાં આવી જાયતો બાબા શ્યામ તે ભક્તની દરેક મનોકામના પૂર્ણ કરે છે. આજના પવિત્ર દિવસે ઝાલોદ નગરમાં આવેલ ખાટું શ્યામ મંદિરે રાજસ્થાન, મધ્યપ્રદેશ તેમજ આજુબાજુના વિસ્તાર થી મોટા પ્રમાણમાં ભાવિક ભક્તો દર્શનાર્થે આવતા હોય છે.

આજે અગ્યારસ નિમિતે સવારથી જ બાબા શ્યામના ભક્તો મોટા પ્રમાણમાં દર્શન કરવા આવી રહેલ હતા આજના આ ઉત્સવ પ્રસંગે ઝાલોદ શ્યામ પરિવાર દ્વારા બાબા શ્યામનો મનમોહન અને આકર્ષક શણગાર કરાવવામાં આવ્યો હતો. બાબા શ્યામનો ભવ્ય દરબાર, છપ્પન ભોગ , અખંડ જ્યોત, પુષ્પ સંગ હોળી, ભજન સંધ્યા જેવા પ્રોગ્રામ રાખવામાં આવેલ હતા.

શ્યામ ભક્તો દ્વારા આજે મંદિરે નિશાન પણ ચઢાવવામાં આવેલ હતા. સાંજે બાબા શ્યામની અખંડ જ્યોતના દર્શન ભાવિક ભક્તોએ કર્યા હતા. રાત્રિના ૮:૩૦ વાગે ભવ્ય ભજન સંધ્યા યોજાઈ હતી. ભજન દરમ્યાન બાબા શ્યામના ભક્તો બાબા શ્યામની ભક્તિમાં નાચી ઝૂમી ઉઠયા હતા. તેમજ બાબા શ્યામના ભક્તો દ્વારા ફૂલો તેમજ રંગ થી હોળી પણ રમવામાં આવી હતી. ઝાલોદ નગરમાં બાબા શ્યામનું મંદિર ખૂબ પ્રચલિત હોવાથી મોટા પ્રમાણમાં ભાવિક ભક્તો બાબાના દર્શનાર્થે આવેલ હતા. ઝાલોદ નગરનું શ્યામ બાબાના મંદિરમાં દરેક ભાવિક ભક્તોની મનોકામના પૂર્ણ થાય છે. છેલ્લે બાબા શ્યામની મહાઆરતી અને પ્રસાદ લઈ બાબા શ્યામના ભક્તો બાબા શ્યામની ભક્તિમય યાદો લઈ છૂટા પડ્યા હતા.

### રાજ્યસભામાં રેલવે (સુધારા) બિલ ૨૦૨૫ પસાર થયું

# વડાપ્રધાન મોદીના 'વિકસિત ભારત'ના વિઝન માટે ત્રણ ગણું વધુ મહેનત કરવાનો સંકલ્પ કરો : રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ

## વિકસિત ભારત માટે આપણે ત્રણ ગણું વધુ મહેનત કરવી પડશેઃ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ

। નવી દિલ્હી, તા.૧૧ ।

રાજ્યસભાએ ભારતીય રેલ્વેની કામગીરીને સુવ્યવસ્થિત અને આધુનિક બનાવવાના હેતુથી એક મહત્વપૂર્ણ બિલ પસાર કર્યું. ગૃહને સંબોધતા, શ્રી અશ્વિની વૈષ્ણવે, રેલ્વે, સંચાર અને ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રીએ કહ્યું કે આ ખરડો સશક્તિકરણ, કાર્યક્ષમતા વધારવા અને રેલ્વે ક્ષેત્રમાં સહકારી સંઘવાદને મજબૂત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

મંત્રીએ ચર્ચામાં ભાગ લેનાર ૨૫ સાંસદોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે આ બિલ હાલના કાયદાઓને સરળ બનાવવા માટે લાવવામાં આવ્યું છે, જે રાજ્ય સરકારોની સત્તાઓને ઘટાડશે નહીં પરંતુ વિકેન્દ્રીકરણને પ્રોત્સાહન આપશે. તેમણે માહિતી આપી હતી કે રેલવે ઝોનના જનરલ મેનેજરોને હવે રૂા.૧,૦૦૦ કરોડ સુધીના પ્રોજેક્ટને મંજૂર કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે.

શ્રી વૈષ્ણવે એ પણ ઉલ્લેખ કર્યો કે શાસક પક્ષ સત્તામાં ન હોય તેવા રાજ્યોમાં પણ સરકાર દ્વારા રેલવે માટે પૂરતું બજેટ ફાળવવામાં આવ્યું છે. કેરળ, તમિલનાડુ, ઓડિશા અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોને અગાઉની સરકારો કરતાં અનેક ગણું વધુ બજેટ મળ્યું છે.

**રેલવે ક્ષેત્રમાં મુખ્ય સુધારા અને સિદ્ધિઓઃ**

ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ

★ છેલ્લા ૧૧ વર્ષમાં ૩૪,૦૦૦ કિલોમીટરના નવા રેલ્વે ટ્રેક નાખવામાં આવ્યા હતા, જે જર્મનીના કુલ રેલ નેટવર્ક કરતાં વધુ છે.

★ ૪૫,૦૦૦ કિમી રેલ્વેનું વિદ્યુતીકરણ પૂર્ણ થયું, જેનાથી અશ્મિભૂત ઈંધણ પરની નિર્ભરતા ઓછી થઈ.

★ ૫૦,૦૦૦ કિલોમીટરના જૂના ટ્રેકને નવા, ઉચ્ચ ગુણવત્તાવાળા ટ્રેક સાથે બદલવામાં આવ્યા હતા.

સુરક્ષા સુધારાઓ

★ રેલ્વે સુરક્ષામાં રોકાણ વધીને રૂા.૧.૧૪ લાખ કરોડ થયું, જે અગાઉની સરકારો હેઠળ માત્ર રૂા. ૮,૦૦૦ કરોડ હતું.

★ રેલ ફ્રેક્ચરની ઘટનાઓમાં ૯૧%નો ઘટાડો - ૨૦૧૩-૧૪માં ૨,૫૪૮ ઘટનાઓથી, અત્યાર સુધીના સૌથી નીચા સ્તરે.

★ 'કવચ' સલામતી પ્રણાલી લાગુ કરવામાં આવી છે, જે SIL-4 પ્રમાણપત્ર ધરાવે છે, જે રેલ્વે કામગીરી માટે ઉચ્ચતમ સલામતી સ્તરની ખાતરી કરે છે.

રોજગાર અને ક્ષમતા નિર્માણ

★ એનડીએ સરકાર દરમિયાન ૫,૦૨,૦૦૦ નોકરીઓ પ્રદાન કરવામાં આવી હતી, જ્યારે યુપીએ શાસન દરમિયાન આ સંખ્યા ૪,૧૧,૦૦૦ હતી.

★ રેલવે ભરતી પરીક્ષાઓ લાખો ઉમેદવારોની ભાગીદારી સાથે પારદર્શક રીતે હાથ ધરવામાં આવી હતી.

★ રેલ્વે કર્મચારીઓ માટે અદ્યતન તાલીમ કાર્યક્રમો આયજીઓટી પ્લેટફોર્મ પર લાગુ કરવામાં આવ્યા છે.

પેસેન્જર સુવિધાઓ અને આધુનિકીકરણ

★ રેલ્વે કોચમાં ૩,૧૦,૦૦૦ આધુનિક શૌચાલય સ્થાપિત કરવામાં આવ્યા હતા, જેના કારણે સ્વચ્છતાના ધોરણોમાં જબરદસ્ત સુધારો થયો હતો.

★ લોકો પાઈલોટ્સ માટે ૫૫૮ રનિંગ રૂમ હવે સંપૂર્ણપણે એર કન્ડિશન્ડ છે.

★ નવી પેઢીના એન્જિનો અત્યાધુનિક ટેક્નોલોજી અને બહેતર કાર્યકારી વાતાવરણ સાથે બનાવવામાં આવી રહ્યા છે.

શ્રી વૈષ્ણવે રેલ્વે સ્ટેશનો પર ભીડ વ્યવસ્થાપનને લગતી ચિંતાઓ અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે જાહેરાત કરી હતી કે ૬૦ મોટા રેલ્વે સ્ટેશનો પર સંપૂર્ણ એક્સેસ કંટ્રોલ લાગુ કરવામાં આવશે, ફક્ત કન્ફર્મ ટિકિટ ધરાવતા મુસાફરોને પ્લેટફોર્મ પર પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. વધુમાં, મુસાફરોની અણધારી સંખ્યાને સમાવવા માટે વધુ ભીડવાળા સ્ટેશનો પર વિશેષ ટ્રેનો તૈનાત કરવામાં આવશે.

તેમના સંબોધનના અંતે, મંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જીના 'વિકસિત ભારત'ના વિઝનનો પુનરોચ્ચાર કર્યો અને રેલ્વે કર્મચારીઓ અને તમામ હિતધારકોને છેલ્લા દાયકામાં નાખેલા મજબૂત પાયા પર ત્રણ ગણી વધુ મહેનત કરવા વિનંતી કરી. આ બિલ પસાર થવું એ ભારતીય રેલવેના આધુનિકીકરણની યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે મુસાફરો માટે વધુ સુરક્ષિત, કાર્યક્ષમ અને સુવિધાજનક સેવાઓ સુનિશ્ચિત કરશે.

રેલવે એક્ટ ૨૦૨૫નું સંક્ષિપ્ત વર્ણન

રેલ્વે તેના ઝોન, વિભાગો અને ઉત્પાદન એકમો વગેરે દ્વારા રેલ્વે બોર્ડની દેખરેખ હેઠળ કામ કરે છે. રેલ્વે બોર્ડ પણ રેલ્વે કામગીરી માટે તમામ નીતિગત નિર્ણયો લે છે. હવે રેલ્વે એમેન્ડમેન્ટ એક્ટ ૨૦૨૫ બિલ વસાહતી સમયગાળાની જોગવાઈઓનું સ્થાન લેશે. હવે રેલવે અધિનિયમ, ૧૯૮૯માં રેલવે બોર્ડની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવા અધિનિયમ બિલથી બંને અધિનિયમોના સંદર્ભમાં ઘટાડો થશે. હવે માત્ર એક એક્ટનો સંદર્ભ લેવાની જરૂર પડશે. રેલ્વે બોર્ડ, ઝોન, વિભાગ, ઉત્પાદન એકમો વગેરેની પ્રકૃતિ, કાર્યક્ષેત્ર અને કાર્યપ્રણાલી સમાન રહેશે.

★ ૦૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ એટલે કે ૧૮મી લોકસભાના પ્રથમ સત્રના છેલ્લા દિવસે લોકસભામાં 'રેલવે (સુધારા) બિલ, ૨૦૨૪' રજૂ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

★ 'રેલવે (સુધારા) બિલ, ૨૦૨૪' (૨૦૨૪નું બિલ નંબર 113-C) ૧૧.૧૨.૨૦૨૪ના રોજ લોકસભામાં પસાર થયું.

★ આ બિલ ૧૦.૦૩.૨૦૨૫ ના રોજ રાજ્યસભાના કાર્યસૂચિમાં આઈટમ નંબર ૧૦ તરીકે આવ્યું હતું અને તેને 'રેલવે (સુધારા) બિલ, ૨૦૨૫' તરીકે પસાર કરવામાં આવ્યું હતું.

# દેવગઢ બારીઆ તાલુકા દુધિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે RKSK પ્રોગ્રામ અંતર્ગત Peer Educator ની તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૧ ।

માનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડોક્ટર ઉદય તિલાવત સર અને આર.સી.એચ.ઓ ડો ગીરીવરસિંહ બારીયા સાહેબશ્રી તેમજ દેવગઢ બારીયા તાલુકા આરોગ્ય અધિકારી સાહેબશ્રીના માર્ગદર્શનથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દુધિયા ખાતે મેડિકલ ઓફિસરશ્રી દ્વારા RKSK કાર્યક્રમ અંતર્ગત પિયર એજ્યુકેટર ની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પિયર એજ્યુકેટરને સવારના સેશનમાં કોમ્યુનિટી હેલ્થ ઓફિસર દ્વારા યોગ, પ્રાણાયામ શીખવાડવામાં આવ્યા તેમજ શરૂઆતના સેશનમાં પ્રા.આ.કેન્દ્ર દુધિયા મેડિકલ ઓફિસર ડોક્ટર અમિત મછાર સાહેબ દ્વારા RKSK પ્રોગ્રામ તેમજ એડોલેશન હેલ્થ ક્લિનિક અને પિયરની પસંદગી તેમજ કિશોર અવસ્થાની ઉંમરમાં થતી મૂંઝવણ અને તાલીમના ઉદ્દેશ્ય વિશે સમજૂતી આપવામાં આવી ઉપરાંત એડોલેશન હેલ્થ કાઉન્સેલર અને વિવિધ કાઉન્સેલરો દ્વારા



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

એનીમિયા, સિકલસેલ એનિમિયા, ટી.બી. પ્રોગ્રામ,લેપ્રસી પ્રોગ્રામ,મલેરિયા પ્રોગ્રામ તેમજ RBSK ડોક્ટર દ્વારા વિવિધ ગેમ દ્વારા પિયર એજ્યુકેટરની ભૂમિકા વિશે સેશન લેવામાં આવ્યા. ઉપરાંત કોમ્યુનિટી હેલ્થ ઓફિસર દ્વારા માસિક દરમ્યાન ની સ્વચ્છતા અને ગૌરવી દિવસ ની કામગીરી, Nutrition, વ્યસન મુક્તિ વિશે એજ્યુકેટરને વિડીયો અને ચર્ચા દ્વારા સમજૂતી આપવામાં આવી આ કાર્યક્રમમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દુધિયાના હેલ્થ સ્ટાફ અને આશાબેનો દ્વારા ઉત્સાહ પુર્વક ભાગ લેવામાં આવ્યો અને કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો.

# કેવિકે નવસારી ખાતે ધ અંબિકા હાઈસ્કૂલ ગડતના ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ માટે ૧૦ દિવસીય કૃષિ વિષયક કૌશલ્યવર્ધન તાલીમ યોજાઇ

। (માહિતી) નવસારી, તા.૧૧ ।

ધ અંબિકા હાઈસ્કૂલ, ગડત અને કેવિકે, નવસારીનાં સંયુકત પ્રયાસ દ્વારા ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓને કૃષિ વિષયક કૌશલ્યવર્ધન તાલીમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે યોજવામાં આવી હતી. આ તાલીમમાં કુલ-૩૯ વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતીનાં પાંચ પ્રકલ્પો, વર્મીકમ્પોસ્ટ બનાવટ, કંમ્પોસ્ટ પીટ, વિવિધ શાકભાજી પાકોનાં પ્લગ ટ્રેમાં ધરૂ ઉછેર, મૂલ્યવર્ધન, ગૃહવિજ્ઞાન, પશુપાલન, બકરાપાલન, મધમાખી પાલન, કિચન ગાર્ડન, સંકલિત ખેતી, ડ્રોન ટેકનોલોજી, કૃષિમાં ICT નો ઉપયોગ જેવાં વિવિધ વિષયો અંગેનું થિયોરીકલ અને પ્રાયોગિક માર્ગદર્શન મળી રહે તે માટે ઉપરોકત વિષય સંલગ્ન કૃષિ યુનિવર્સિટીનાં વિવિધ વિભાગોની મુલાકાત લેવામાં આવી હતી.

# હોળીના તહેવારને લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જનહિતમાં કરાઈ અપીલ

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

હોળીના પવિત્ર તહેવારના દિવસે સામાન્યતઃ શહેરના નાગરિકો દ્વારા રસ્તા ઉપર ખાડા ખોદી હોળી પ્રગટાવવામાં આવે છે તેમજ ડામરના રસ્તા પર હોળી પ્રગટાવવામાં આવે છે જેના કારણે રસ્તાને ખૂબ જ મોટા પ્રમાણમાં નુકશાન થાય છે, તેમજ રસ્તા ઉપર ખાડો કરવાથી ડામરવાળા ભાગમાં પોલાણ જેવી પરિસ્થિતિ સર્જાય છે, અને ચોમાસાની ઋતુમાં પાણી અંદર ઉતરવાની શક્યતાઓ વધી જાય છે અને તેના લીધે નીચે ઉતરેલ પાણી નીચેની સરફેસમાં અનેક જગ્યાઓ ઉપર રસ્તાને નુકશાન પહોંચાડે છે. આ પછી રસ્તાને સમારકામ કરવા છતાંય રહી ગયેલ પોલાણવાળી જગ્યામાંથી ચોમાસાની ઋતુમાં વરસાદનું પાણી અંદર ઉતરવાથી રસ્તાને બહુ નુકશાન પહોંચે છે. જેથી હોળી રસ્તાની વચ્ચે ના પ્રગટાવતા, રસ્તાની એક બાજુ ઈંટો તથા પેવર બ્લોક ગોઠવી તેના ઉપર રેતી પાથરી તેની ઉપર હોળી પ્રગટાવવામાં આવે તો રસ્તાને થતું નુકશાન અટકાવી શકાય. જે માટે જે તે વિસ્તારની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ ઓફિસનો સંપર્ક કરવા વિનંતી છે.

# સંપૂર્ણ ગાય આધારિત પ્રાકૃતિક ખેત પેદાશોને લોકો સુધી પહોંચાડતું પ્લેટફોર્મ એટલે ભીલાડ પ્રાકૃતિક ખેતીનું એફપીઓ

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

રૂ. ૨૦૦૦/-ના શેર ખરીદી કરી સભાસદ બનતાં બીજા રૂ.૨૦૦૦/-ના શેર સરકાર તરફથી મળે છે રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. ત્યારે વલસાડ જિલ્લાના અનેક ખેડૂતોએ પણ આત્મા પ્રોજેક્ટ સાથે જોડાઈને સંપૂર્ણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવાની શરૂઆત કરી છે. આત્મા પ્રોજેક્ટ દ્વારા સમયાંતરે પ્રાકૃતિક ખેતી અંતર્ગત તાલીમોનું આયોજન પણ કરવામાં આવે છે. તેમજ પ્રાકૃતિક ખેતી દ્વારા મળતી વિવિધ તકો અને સહાય વિશે પણ માહિતગાર કરવામાં આવે છે. પ્રાકૃતિક ખેતી વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ દ્વારા માર્ગદર્શન આપી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની ખેત પેદાશોનું સરળતાથી બજારમાં વેચાણ થાય અને પ્રાકૃતિક ખેત પેદાશો સામાન્ય લોકો સુધી પહોંચે તે માટે ઉમરગામ તાલુકાના ભીલાડ ખાતે સંપૂર્ણ ગાય આધારિત પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટે પ્રાકૃતિક એફપીઓ (ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન) વીયુ વલસાડ એસપીએનએફ પ્રોડ્યુસર કંપની લિમિટેડ ચલાવવામાં આવે છે. આ એફપીઓના સેક્રેટરી કાંતિભાઈ પટેલે જણાવ્યું હતું કે, પહેલાં પણ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગ વિના જ ખેતી કરતા હતા પરંતુ આત્મા પ્રોજેક્ટ હેઠળ ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની તાલીમો મેળવ્યા બાદ વર્ષ ૨૦૧૯માં સંપૂર્ણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવાની શરૂઆત કરી હતી. પહેલા અહીંના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઘરેથી અને નજીકના બજારમાં ખેત પેદાશોનું વેચાણ કરતા હતા. ત્યારબાદ સક્રિય રીતે સંપૂર્ણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ૧૧ ખેડૂતોએ ભેગા મળી આત્મા પ્રોજેક્ટના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક એફપીઓનું વર્ષ ૨૦૨૧માં રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. વર્ષ ૨૦૨૪થી એફપીઓમાં દરેક સુવિધાઓ ઊભી કરી કાર્યરત કરાયું ત્યારે ૭૮ જેટલા ખેડૂતો જોડાયા હતા. અહીં અત્યાર સુધી ૧૫૪ જેટલા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સભ્યો પ્રવૃતિમય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમે તમારા ભાગીદાર પર પૂરતું ધ્યાન નહીં આપો તો તે તમારાથી નારાજ થઈ જશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. જો આજના દિવસે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

**કર્ક (ડ,હ) :**

આજે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને સાવચેતી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? તમારી જાતને લાડ લડાવવાનો દિવસ અને તમને જે સૌથી વધુ ગમે છે એ કાયર્ય કરવાનો દિવસ.

**સિંહ (મ,ટ) :**

આજે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં ભેળવો . રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. આજે તમે જે લૅક્ચર અને સેમિનારમાં ભાગ લેશો તે તમને વિકાસના નવા વિચારો આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દઢતામાં વધારો કરો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આજે તમે ડૅટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો. આજે તમે કેન્દ્રસ્થાન રહેશો-અને સફળતા પણ તમારી પહોંચમાં જ છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજે મિત્રો સાથે પાર્ટીમાં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમે નવરાશની મજા માણવાના છો. અને જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. તમારૂં કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમને નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમે જાણતા હો એવા લોકો પર જો આજે તમે કોઈપણ નિણર્ણય થોપવાનો પ્રયાસ કરશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજની તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પણ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી કારણ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવામાં સક્ષમ હશો. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા.

## બે મહિના પહેલા જ ડેટિંગ વિશે ખુલાસો કરી દીધો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના છૂટાછેડા થયા હોવાના સમાચાર બાદ ચહલ ચેમ્પિયન્સ ટ્રોફીની ટૂર્નામેન્ટમાં એક નવી 'મિસ્ટ્રી ગર્લ' સાથે જોવા મળ્યો હતો, ક્રિકેટ રસિકો આ મિસ્ટ્રી ગર્લ વિશે જાણવા માટે ખૂબ ઉત્સુક બન્યા હતા. આ મિસ્ટ્રી ગર્લ આરજે મહવશ છે, તે સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર અને એક્ટ્રેસ પણ છે. આરજે મહવશ અને ચહલના ડેટિંગના અહેવાલ નવા નથી. અગાઉ પણ આ બંનેના ડેટિંગની અફવા ઉડી હતી. તે દરમિયાન આરજે મહવશે સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા પણ આપી હતી. જે હાલ ખૂબ વાઈરલ થઈ છે. યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માએ પોતાના છૂટાછેડાનું વાસ્તવિક કારણ જાહેર કર્યુ નથી. એવામાં તેમના ચાહકો અને સોશિયલ મીડિયા યુઝર્સ આરજે મહવશને તેમના છૂટાછેડાનું કારણ માની રહ્યા છે. ઉલ્લેખનીય છે, ચહલ અને ધનશ્રીના છૂટાછેડા બે મહિના પહેલાં જ થયા હતાં.

## પત્નીનો અભ્યાસ અટકાવી દેવાનું કૃત્ય ક્રૂરતા ગણાયઃ મધ્યપ્રદેશ હાઈકોર્ટ

। (એજન્સી) ભોપાલ, તા.૧૧ ।

લગ્ન બાદ પત્નીને ઉચ્ચ અભ્યાસ નહીં કરવા દેનારા પતિ અને સાસરીયાઓને કૃત્યને ક્રૂરતા ઠરાવતા મધ્ય પ્રદેશ હાઈકોર્ટે હિન્દુ મેરેજ એક્ટની જોગવાઈઓ હેઠળ પરિણીતાને છૂટાછેડા માટે હકદાર ઠરાવી હતી. શિક્ષણના અધિકારને બંધારણની કલમ-૨૧ હેઠળ અપાયેલા જીવનના અધિકારમાં મહત્ત્વનો ભાગ ગણાવી ગૌરવપૂર્ણ જીવન માટે અનિવાર્ય ગણાવ્યું હતું. ધોરણ-૧૨ ભણેલી યુવતીને લગ્ન બાદ પતિ અને સાસરીયાઓ ઉચ્ચ અભ્યાસ કરવા દેતા ન હતા, જેના પગલે તેણે છૂટાછેડા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. મધ્યપ્રદેશ હાઈકોર્ટના જસ્ટિસ વિવેક રુસિયા અને જસ્ટિસ ગજેન્દ્ર સિંઘની બેન્ચે અરજદાર મહિલાની છૂટાછેડાની અરજી ગ્રાહ્ય રાખી હતી. હાઈકોર્ટે નોંધ્યુ હતું કે, પત્નીને અભ્યાસ છોડવાની ફરજ પાડવી અથવા અભ્યાસ ન કરી શકે તેવા સંજોગો ઊભા કરવાથી લગ્નજીવનની શરૂઆતમાં જ તેના સપના પડી ભાંગે છે. પત્નીના શિક્ષણ માટે પોતાની જાતમાં સુધારો કરવા તૈયાર ન હોય તો આ કૃત્ય માનસિક ક્રૂરતા છે અને આ પગલાથી હિન્દુ મેરેજ એક્ટ,૧૯૫૫ હેઠળ છૂટાછેડા મળી શકે છે. પ્રસ્તુત કેસમાં, અરજદાર મહિલાના લગ્ન ૨૦૧૫ના વર્ષમાં થયા હતા. તે સમયે મહિલાએ ધોરણ ૧૨ પાસ કર્યુ હતું અને વધુ અભ્યાસ કરવાની તેની ઈચ્છા હતી. સાસરીયાઓએ તેને ઉચ્ચ અભ્યાસની મંજૂરી આપી ન હતી. અને દહેજ માટે ત્રાસ આપ્યો હોવાનો દાવો પત્નીએ કર્યો હતો. પત્નીએ કરેલી અરજીના વિરોધમાં પતિ તરફથી દલીલ થઈ હતી કે, તેઓ ઉચ્ચ અભ્યાસની વિરુદ્ધમાં ન હતા. બીએસ.સીના કોર્સમાં પત્નીને જરૂરી ખર્ચ આપ્યો હતો અને તેને અભ્યાસ માટે મંજૂરી આપી હતી.

### મોરેશિયસના વડાપ્રધાન સહિત તમામ મંત્રીઓ રહ્યા હાજર

# વડાપ્રધાન મોદીનું મોરેશિયસમાં ભવ્ય સ્વાગત

### મોરેશિયસની બે દિવસીય મુલાકાત પહેલા પીએમ મોદીએ કહ્યું હતું કે તેમની મુલાકાત બંને દેશો વચ્ચેની મિત્રતાના પાયાને વધુ મજબૂત બનાવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મોરેશિયસ પહોંચી ગયા છે અને એરપોર્ટ પર તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદીની આ મુલાકાતનો હેતુ ભારત અને મોરેશિયસ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાનો અને હિંદ મહાસાગરમાં ભારતની હાજરીને વધુ અસરકારક બનાવવાનો છે.મોરેશિયસની બે દિવસીય મુલાકાત પહેલા પીએમ મોદીએ કહ્યું હતું કે તેમની મુલાકાત બંને દેશો વચ્ચેની મિત્રતાના પાયાને વધુ મજબૂત બનાવશે. મોરેશિયસના વડાપ્રધાન નવીનચંદ્ર રામગુલામે પીએમ મોદીને તેમના દેશની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.પીએમ મોદી બુધવારે મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ



તરીકે હાજરી આપશે. આ સાથે ભારતીય નૌકાદળના જહાજ સાથે ભારતીય સંરક્ષણ દળોની ટુકડી પણ સમારોહમાં ભાગ લેશે. મોરેશિયસને મિની ઈન્ડિયા પણ કહેવામાં આવે છે અને તેની પાછળનું કારણ એ છે કે તેની સંસ્કૃતિ, પરંપરા અને વસ્તીનો મોટો ભાગ ભારતીય મૂળનો છે. ભારત મોરેશિયસનો સૌથી મોટો વેપાર અને વિકાસ ભાગીદાર છે. પીએમ મોદીની આ મુલાકાત દરમિયાન ઘણા મહત્વપૂણ કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.મોરેશિયસ હિંદ મહાસાગરમાં સ્થિત એક મહત્વપૂર્ણ દેશ છે, જેની દરિયાઈ સરહદ ભારત માટે વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચીનના વધતા પ્રભાવને ધ્યાનમાં રાખીને ભારત હિંદ મહાસાગરમાં પોતાની પકડ મજબૂત કરવા માંગે છે.ભારત મોરેશિયસના સૌથી મોટા વેપારી ભાગીદારોમાંનો એક છે. ૨૦૨૩-૨૪ માટે સિંગાપોર પછી મોરેશિયસ ભારતમાં સીધા વિદેશી રોકાણનો બીજો સૌથી મોટો સ્રોત હતો. ૨૦૧૫ પછી વડાપ્રધાન મોદીની મોરેશિયસની આ પહેલી મુલાકાત છે. વડાપ્રધાન મોદીની વર્તમાન મુલાકાત વિવિધ ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે. આ મુલાકાત દરમિયાન ભારત અને મોરેશિયસ વચ્ચેના વેપારને વધુ મજબૂત બનાવવા માટે ઘણા નવા પ્રોજેક્ટ્સ શરૂ થશે.

## હવે રોકાણકારોના હિતો સાથે ચેડાં નહીં થાય



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

SEBIએ લઘુ અને મધ્યમ ઉદ્યોગો (SME)ના IPOના નિયમો કડક કર્યા છે. હવે IPO માટે ઓછામાં ઓછા બે વર્ષમાં ૧ કરોડનો ઓપરેટિંગ પ્રોફિટ ફરજિયાત રહેશે. પ્રમોટર્સ IPOનો વધુમાં વધુ ૨૦% હિસ્સો જ વેચી શકશે. વેચનાર શેરધારકો ૫૦%થી વધુ હિસ્સો વેચી શકશે નહીં. SEBIએ લઘુત્તમ અરજીનું કદ વધારીને બે લોટ કર્યુ છે જેથી નાના રોકાણકારોને વધુ સુરક્ષા મળી શકે.કેપિટલ માર્કેટ રેગ્યુલેટર SEBI (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા)એ લઘુ અને મધ્યમ ઉદ્યોગો (SME)ના IPO સાથે સંકળાયેલા નિયમો કડક કર્યા છે. નવા નિયમો હેઠળ પ્રમોટર્સ હવે ઓફર ફોર સેલ (OFS) હેઠળ કુલ IPOનો ૨૦%થી વધુ હિસ્સો વેચી શકશે નહીં. આ ઉપરાંત વેચનાર શેરધારકોને તેમની વર્તમાન હિસ્સેદારીના ૫૦%થી વધુ વેચાણની મંજૂરી નહીં મળે. હવે SMEનu IPO લાવવા માટે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોમાંથી ઓછામાં ઓછા બે વર્ષ સુધી લઘુત્તમ ' 1 કરોડનો ઓપરેટિંગ પ્રોફિટ બતાવવો ફરજિયાત રહેશે. આ નિયમ એવી કંપનીઓને નિરુત્સાહિત કરશે જે સ્થિર નફા વિના બજારમાંથી મૂડી એકત્ર કરવા માગે છે.SEBIએ SME IPOમાં બિન-સંસ્થાકીય રોકાણકારો (NII) માટે ફાળવણી પદ્ધતિને મુખ્ય બજારને અનુરૂપ બનાવવાનો નિર્ણય કર્યો છે. તેનાથી રોકાણકારોને વધુ પારદર્શિતા અને સમાન તકો મળશે.સેબીએ સામાન્ય કોર્પોરેટ હેતુ (GCP) માટે SME IPO દ્વારા એકત્ર કરવામાં આવેલી રકમના મહત્તમ ૧૫% અથવા ' 10 કરોડ (જે ઓછું હોય તે) ની મર્યાદા નક્કી કરી છે. આનાથી IPO ભંડોળનો દુરુપયોગ અટકાવવામાં મદદ મળશે. હવે SME IPO માં, ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) જાહેર ટિપ્પણીઓ માટે ૨૧ દિવસ માટે ઉપલબ્ધ રહેશે. ઉપરાંત, DRHP સુધી સરળતાથી પહોંચવા માટે અખબારોમાં જાહેરાતો પ્રકાશિત કરવાની અને ઊઈ કોડનો સમાવેશ કરવાની જરૂર પડશે. સેબીએ સ્પષ્ટતા કરી છે કે SME IPO દ્વારા એકત્ર કરાયેલા ભંડોળનો ઉપયોગ પ્રમોટર, પ્રમોટર જૂથ અથવા સંબંધિત પક્ષોની લોન ચૂકવવા માટે કરી શકાતો નથી.

# ટ્રમ્પના અંદાજમાં કેનેડાના શહેરની અમેરિકાને ધમકી

। (એજન્સી) ઓટાવા, તા.૧૧ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કેનેડા, મેક્સિકો અને ચીન પર ભારે ટેરિફ લાદવાના નિર્ણય બાદ ટ્રેડ વોરમાં વધારો થયો હતો. તેના જવાબમાં કેનેડિયન પ્રાંત ઓન્ટારિયોએ યુએસમાં નિકાસ થતી વીજળી પર ૨૫ ટકા ડ્યુટીની જાહેરાત કરી હતી. વાસ્તવમાં ઑન્ટારિયોથી ન્યૂ યોર્ક, મિનેસોટા અને મિશિગનમાં ૧.૫ મિલિયન અમેરિકન ગ્રાહકોને વીજળી પૂરી પાડે છે. ઓન્ટારિયોના પ્રીમિયર ડગ ફોર્ડે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જો અમેરિકા ટેરિફ વધારશે તો તે અમેરિકાને વીજળી સપ્લાય કરવાનું સંપૂર્ણપણે બંધ કરી શકે છે. ડગ ફોર્ડે કહ્યું હતું કે, "જો અમેરિકા તેના ટેરિફમાં વધારો કરશે તો હું વીજળી સંપૂર્ણપણે બંધ કરવામાં અચકાઈશ નહીં." ફોર્ડે એમ પણ કહ્યું કે તેમને અમેરિકન નાગરિકો માટે ખરાબ લાગે છે કારણ કે તેમણે આ ટ્રેડ વોર શરૂ કર્યુ



નથી, પરંતુ ફક્ત એક જ વ્યક્તિ રાષ્ટ્રપતિ ટ્રમ્પ તેના માટે જવાબદાર છે.નવા વીજળી દરો ઓન્ટારિયો સરકાર માટે દરરોજ ૩૦૦,૦૦૦ થી ૪૦૦,૦૦૦ કેનેડિયન ડોલરની વધારાની આવક પેદા કરશે. આ નાણાંનો ઉપયોગ ઑન્ટારિયોના કામદારો, પરિવારો અને વ્યવસાયોને ટેકો આપવા માટે કરવામાં આવશે. આ ટેરિફ યુએસ ઉત્પાદનો પર ફેડરલ સરકાર દ્વારા લાદવામાં આવેલા ૨૧ બિલિયન ડોલરના પ્રતિશોધાત્મક ટેરિફ ઉપરાંત હશે.ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકો પર ૨૫ ટકા અને ચીન પર ૧૦ ટકા ટેરિફની જાહેરાત કરી હતી, જેનાથી ફુગાવા અને આર્થિક મંદીની આશંકા વધી ગઈ હતી. મેક્સિકો, કેનેડા અને ચીને તરત જ વળતો હુમલો કર્યો હતો. ફોર્ડે ટ્રમ્પને ટેરિફ પાછા લેવા કહ્યું અને ચેતવણી આપી કે જ્યાં સુધી તે સંપૂર્ણપણે તબક્કાવાર નાબૂદ ન થાય ત્યાં સુધી ઓન્ટારિયો પીછેહટ કરશે નહીં. હું અમેરિકનોને મહત્તમ દુઃખ પહોંચાડવા માટે કંઈ પણ કરીશ કારણ કે ટ્રમ્પ દરરોજ પોતાનું વલણ બદલી રહ્યા છે અને કેનેડા પર હુમલો કરી રહ્યા છે."અમેરિકા અને કેનેડા વચ્ચે વધતા ટ્રેડ વોરની અસર બંને દેશોના વેપાર અને ઉર્જા સંબંધો પર પડી છે. ઑન્ટારિયોના ૨૫ ટકા વીજળીના ટેરિફને ટ્રમ્પના ટેરિફના મજબૂત પ્રતિભાવ તરીકે જોવામાં આવે છે.

# ડોનાલ્ડ ટ્રમ્પ સાથે બોલાચાલી પછી સાઉદી અરેબિયા પહોંચ્યા ઝેલેન્સ્કી

। (એજન્સી) રિયાદ, તા.૧૧ ।

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સોમવારે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને મળવા સાઉદી અરેબિયા પહોંચ્યા હતા. વ્હાઈટ હાઉસમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ઉગ્ર ચર્ચા બાદ તેમની સાઉદી મુલાકાતને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ મુલાકાત દરમિયાન રશિયા અને યુક્રેન યુદ્ધને લઈને શાંતિ સમજૂતી પર ચર્ચા થશે. ઝેલેન્સ્કી અને સાઉદી ક્રાઉન પ્રિન્સ વચ્ચેની બેઠક મંગળવારે યુક્રેનિયન અધિકારીઓ અને સાઉદી-અમેરિકન પ્રતિનિધિઓ વચ્ચે શાંતિ કરાર માટે વાટાઘાટોની પહેલ છે. ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને મળ્યા બાદ ઝેલેન્સ્કીએ કહ્યું કે, 'સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ સાથેની મુલાકાત સારી રહી. અમે વૈશ્વિક બાબતો પ્રત્યેના તેમના ગંભીર અભિગમ અને યુક્રેન માટેના સમર્થન માટે આભારી છીએ.



અમે દ્વિપક્ષીય સંબંધોથી લઈને પરસ્પર સહયોગ વધારવા સુધીના ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી. હું માનું છું કે ક્રાઉન પ્રિન્સના પ્રયાસોને કારણે શાંતિ શક્ય બનશે. સાઉદી અરેબિયા રાજદ્વારી માટે એક મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ છે અને અમે તેની પ્રશંસા કરીએ છીએ.' યુક્રેનિયન પ્રતિનિધિમંડળ ૧૧ માર્ચે યુએસ સાથે મહત્ત્વપૂર્ણ બેઠક માટે જેદ્દાહમાં હશે. આ બેઠકમાં યુક્રેનની સ્થિતિ સંપૂર્ણપણે નિર્ણાયક રહેશે. આ મામલે ઝેલેન્સ્કીએ કહ્યું કે, 'અમે આ યુદ્ધનો અંત લાવવા અને સ્થાયી શાંતિ લાવવા માટે ક્રાઉન પ્રિન્સ સાથે વિગતવાર ચર્ચા કરી હતી.'

મંગળવારે યુએસ અધિકારીઓ સાથેની બેઠકમાં સંયુક્ત ખનીજ સોદા અને યુક્રેનમાં યુદ્ધને કેવી રીતે સમાપ્ત કરવું તેવા મુખ્ય મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. જો કે ઝેલેન્સ્કી યુએસ સમર્થન પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે, તેમ છતાં તે મીટિંગને છોડી દેશે તેવી અપેક્ષા છે.

# બાંગ્લાદેશમાં મહિલાઓ પર હુમલાની ઘટનાઓની તપાસ ઝડપથી કરાશે

। (એજન્સી) ઢાકા, તા.૧૧ ।

બાંગ્લાદેશની મોહમ્મદ યુનુસની વચગાળાની સરકાર હવે નમતું જોખ્યું હોય તેમ લાગે છે. અગાઉ મહિલાઓ પર રેપ અને અત્યાચારની ઘટના બનતી નથી તેવો દાવો કરનાર બાંગ્લાદેશ સરકારે રવિવારે વચન આપ્યું છે કે આ હુમલાઓની ઘટનામાં તપાસ ઝડપથી કરાશે કેમ કે આવી ઘટનાઓ વધી રહી છે અને દેશભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. વચગાળાની સરકારના કાયદાકીય સલાહકાર આસિફ નજરુલે કહ્યું કે સરકાર એક કાયદો ઘડવાનું વિચારી રહી છે, જે અંતર્ગત પોલીસને બળાત્કારના મામલાઓની તપાસ ૧૫ દિવસની અંદર તથા કેસની સુનાવણી ૯૦ દિવસમાં પૂર્ણ કરવી પડશે. તેમણે વધુમાં કહ્યું કે, આરોપીને ૯૦ દિવસની અંદર કેસનો નિકાલ ન થવાના બહાના પર જામીન આપી શકાય નહીં. જો વહીવટીતંત્ર દ્વારા કોઈ બેદરકારી રાખવામાં આવે તો આ માટે નવા કાયદામાં દંડની ખાસ જોગવાઈ ઉમેરાશે.



ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશ સરકારની આ ટિપ્પણી પશ્ચિમ મગુરામાં એક આઠ વર્ષીય બાળકી સાથે તેની બહેનના સસરા દ્વારા કથિત રીતે ક્રૂર હુમલો અને બળાત્કાર કર્યાની ઘટનાના ત્રણ દિવસ પછી આવી છે, જેના કારણે દેશભરમાં રોષ ફેલાયો હતો, ત્યાર બાદ કાયદા સલાહકારે કડક કાયદાની જાહેરાત કરી છે. બાંગ્લાદેશમાં તાજેતરમાં જ રોડ પર મહિલાઓ સાથે બળાત્કાર અને હુમલાઓની કેટલીક ઘટનાઓ બની છે. આવી જ એક ઘટના, મુસ્લિમોના પવિત્ર મહિના રમજાન પહેલા રાજધાની ઢાકામાં જાહેરમાં ધૂમ્રપાન કરવા પર બે મહિલાઓ પર હુમલો કરાયો હતો, જેનાથી મીડિયા તેમજ સોશ્યલ મીડિયા પર ભારે રોષ ફેલાયો હતો. ગૃહ વિભાગના સલાહકાર સેવાનિવૃત્ત લેફ્ટિનેન્ટ જનરલ જહાંગીર આલમ ચૌધરીએ કહ્યું હતું કે, અમે કાયદાની એજન્સીને બાળકો અન મહિલાની સાથે બળાત્કાર સહિત તમામ પ્રકારની હિંસાની વિરુદ્ધ સખત કાર્યવાહી કરવા કહેવામાં આવ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે, હમણા સુધી થયેલી હિંસાની ઘટનાઓની યાદી તૈયાર કરવા માટે આદેશ આપવામાં આવ્યા છે.

## વિશેષ

### બિન ઉપયોગી ૫૦૦ કિલો ફૂલોની પાંખડી છૂટી પાડી "ઈકો ફ્રેન્ડલી રંગોત્સવ" ઉજવવામાં આવ્યો..

# શહેરની શાળામાં "ઈકો ફ્રેન્ડલી અને આયુર્વેદિક હોળી"ના તહેવારની ઉજવણી...







। (માહિતી) વડોદરા ।

વડોદરા શહેરની માંજલપુર વિસ્તાર સ્થિત પ્રિન્સ અશોક રાજે ગાયકવાડ સ્કૂલ અને દેવ્યાની રાજે ગાયકવાડ સ્કૂલ દ્વારા આજરોજ મંગળવારે સવારે ૧૧:૦૦ કલાકે ઈકો ફ્રેન્ડલી રંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના પટાંગણમાં આવેલ "શ્રી મંદિર" ના પરિસરમાં "ઈકો ફ્રેન્ડલી" હોળી રમવામાં આવી હતી. જેમાં શાળાના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૦૦ શિક્ષકો દ્વારા હોળીના ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ખાસ કરીને જે ફૂલોનો ઉપયોગ ભગવાને ચડાવવામાં આવતો નથી એવા બિન ઉપયોગી ૫૦૦ કિલો જેટલા ફૂલો બજારમાંથી લાવીને તેની પાંખડી છૂટી પાડીને "ઈકો ફ્રેન્ડલી રંગોત્સવ" ઉજવવામાં આવ્યો. હોળીની સાત્વિક અને પરંપરાગત રીત ભાતનો પ્રત્યક્ષથી અનુભવ બાળકોને કરાવવા માટે ખજૂર, ધાણી, ઘેવર તેમજ ઈકો ફ્રેન્ડલી રંગો કે જેને કાઢવા માટે બિલકુલ પણ પાણીનો ઉપયોગ થતો નથી એવા રંગો દ્વારા હર્ષ ઉલ્લાસથી રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા રંગોત્સવ નિમિત્તે નૃત્યગાન સહિત હોળીને લગતા ગીતો પણ ગાવામાં આવ્યા હતા અને હર્ષો ઉલ્લાસથી હોળીની ઉજવણી કરવામાં આવી. આ સાથે આયુર્વેદિક દ્રવ્યો જેવા કે કપૂર, ગૌમૂત્ર, છાણા, નાગરમોથ, જટામાસી વગેરે જેવા ૪૦ જેટલા દ્રવ્યોને હોલિકા દહનમાં ઉપયોગ કરી વાતાવરણ શુદ્ધિકરણના હેતુથી "આયુર્વેદિક હોલિકા દહન"કરવામાં આવી. આ હોળીના પર્વની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય "ઈકો ફ્રેન્ડલી રંગોત્સવ" અને "આયુર્વેદિક હોલિકા દહન" દ્વારા પાણી બચાવોનો સંદેશો ફેલાવવાનો તેમજ વાતાવરણની શુદ્ધિ તેમજ પરંપરાગત હોળીની ઉજવણી કરી કાચીવયમાં ગળથૂથીના જ્ઞાન મેળવે તે જ હતો.

### ગામની સીમમાં નવી જેલ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો

# દહેગામના ભાદરોડા ખાતે ૮૦૦ કેદીની ક્ષમતા ધરાવતી ત્રિપલ જેલ બનશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

રાજ્યમાં પ્રથમવાર એક જ સ્થળે ત્રણ અલગ-અલગ પ્રકારની જેલ હાઈ સિક્યોરિટી, ઓપન જેલ અને જિલ્લા જેલ નિર્માણ થવાની છે. દહેગામના ભાદરોડા ખાતે લગભગ ૧૨૦ કરોડના ખર્ચે બનનારી આ જેલમાં કુલ ૮૦૦ કેદી રાખી શકાશે.

અમદાવાદ-ગાંધીનગર ટ્વિન સિટી તરીકે વિકસી રહ્યા છે અને સાબરમતી જેલમાં કેદીઓની સંખ્યા સતત વધી રહી છે. આવી પરિસ્થિતિમાં નવા વિકલ્પની જરૂરિયાત ઉભી થઈ છે. આના ભાગરૂપે દહેગામ તાલુકાના ભાદરોડા ગામની સીમમાં નવી જેલ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે ૪ લાખ ચોરસ મીટર જમીન પર ફેલાશે.

ગુજરાતમાં પ્રથમવાર હાઈ સિક્યોરિટી જેલ બનાવાશે, જેની કુલ ક્ષમતા ૨૦૦ કેદી રહેશે અને ૬૫ કરોડના ખર્ચે નિર્માણ થશે. આ જેલ ખાસ કરીને આતંકવાદીઓ અને અન્ય ગંભીર ગુનાખોરી કરનારા કેદી માટે હશે. રાજ્ય બહારથી ટ્રાન્સફર વોરંટ દ્વારા લાવવામાં આવેલા કેદીઓને પણ અહીં રાખવામાં આવશે. કડક સુરક્ષા વ્યવસ્થા સાથે તેમને ભાગી છૂટવાનો કોઈ મોકો ન મળે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં હાલમાં કોઈ જેલ નથી, જે કારણે કાચા કામના કેદીઓને સાબરમતી જેલમાં મોકલવાની ફરજ પડે છે. ?૫૫ કરોડના ખર્ચે બનનારી આ જિલ્લા જેલ ૫૦૦ કેદી માટેની ક્ષમતા ધરાવશે. આ જેલ ગાંધીનગર જિલ્લામાં ગુનો કરનારા કેદી માટે ખાસ બનેલી રહેશે.

૧૦ કરોડના ખર્ચે બનનારી ઓપન જેલમાં ૧૦૦ કેદી માટે વ્યવસ્થા રાખવામાં આવશે. આ જેલમાં ખેતી અને પશુપાલન ક્ષેત્રે કામ કરવા ઈચ્છુક કેદીઓને રાખવામાં આવશે. અહીં ફળ, શાકભાજીની ખેતી અને પશુપાલન માટે પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી તેઓ ફરી સમાજમાં પુનર્વસન માટે તૈયાર થઈ શકે.

ત્રણ પ્રકારની જેલ માટે મહત્વપૂર્ણ પગલું

છેલ્લા કેટલાક વર્ષોથી ગાંધીનગરમાં સબ-જેલ બનાવવાની ચર્ચા ચાલી રહી હતી. સાબરમતી જેલમાં વધતા ભારને ધ્યાનમાં લઈને દહેગામ ખાતે આ ત્રણ પ્રકારની જેલ બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ પ્રોજેક્ટ રાજ્ય માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ સાબિત થશે.

ભાદરોડા જેલ માટે અંદાજિત ખર્ચ અને ક્ષમતા

- ઓપન જેલઃ ૧૦ કરોડ – ૧૦૦ કેદી
- હાઈ સિક્યોરિટી જેલઃ ૬૫ કરોડ – ૨૦૦ કેદી
- જિલ્લા જેલઃ ૫૫ કરોડ – ૫૦૦ કેદી

### અમદાવાદ સ્કૂલ બોર્ડનો મહત્ત્વનો નિર્ણય

# હીટવેવની આગાહી વચ્ચે શાળાના સમયમાં કરાયો ફેરફાર કરવામાં આવ્યો

### ઉનાળુ વેકેશન શરૂ ન થાય ત્યાં સુધી તમામ શાળાઓએ સવાર પાળી અને બપોર પાળી માટે આ જ સમયનું પાલન કરવાનું રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાતના અમદાવાદ સહિત રાજ્યભરમાં ઉનાળો શરૂ થઈ ગયો છે. ઉનાળાની શરૂઆતમાં જ અમદાવાદમાં કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે અનેક શહેરોમાં પણ હીટવેવની આગાહી કરવામાં આવી છે. એવામાં અમદાવાદ મનપાના હીટ એક્શન પ્લાનને લઈને શાળાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેથી કરીને બાળકોને શાળાએ આવવા-જવાના સમયમાં લૂ લાગવાની સમસ્યા ન થાય, તેમજ વિદ્યાર્થીઓ બીમાર ન પડે. છસ્ઝ ના હીટ એક્શન પ્લાનને લઈને અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડે ઉનાળું વેકેશન સુધી શાળાના સમયમાં ફેરફાર કર્યો છે. શિક્ષણ બોર્ડે સવાર પાળીનો સમય ૭ થી ૧૨ અને બપોર પાળીનો સમય ૧૨ થી ૫ સુધીનો કર્યો છે. નોંધનીય છે કે, ૫ મેથી ઉનાળુ વેકેશન શરૂ થવાનું છે. ત્યારે ઉનાળુ વેકેશન શરૂ ન થાય ત્યાં સુધી તમામ શાળાઓએ સવાર પાળી અને બપોર પાળી માટે આ જ સમયનું પાલન કરવાનું રહેશે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં ૧૧મી માર્ચ, ૨૦૨૫ના કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરા અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં હીટવેવની આગાહી છે. જેમાં કચ્છ, મોરબી, ગાંધીનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ અને સુરત જિલ્લામાં હીટવેવની ચેતવણીને લઈને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### કચ્છમાં એક જ દિવસમાં ભૂકંપના બે આંચક અનુભવાયા

। (એજન્સી) કચ્છ, તા.૧૧ ।

ગુજરાતના કચ્છ જિલ્લામાં મંગળવારે (૧૧ માર્ચ) ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ અનુસાર, પહેલો ભૂકંપ સવારે ૧૧:૧૨ વાગ્યે આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૦ નોંધાઈ હતી. તેનું કેન્દ્ર ગાંધીનગરના રાપરથી ૧૬ કિલોમીટર પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમમાં હતું. જેની એક મિનિટ પહેલા, ૨.૮ની તીવ્રતાનો બીજો ભૂકંપનો આંચકો અનુભવાયો, જેનું કેન્દ્ર ભચાઉના ઉત્તર-ઉત્તર-પૂર્વમાં હતું. ભૂકંપના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને તાત્કાલિક ધોરણે ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપના ઝટકાની તુરંત બાદ તંત્રએ સાવચેતી વધારી દીધી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કોઈ જાનહાનિ કે માનહાનિ નોંધાઈ નથી. તેમ છતાં તંત્રએ સંવેદનશીલ વિસ્તારમાં ટીમ તૈનાત કરી દીધી છે. જેથી કોઈપણ આપાતકાલીન સ્થિતિનો સામનો કરી શકે.

### આગામી ૧૦ વર્ષમાં GPSC આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યાઓ ભરશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાત વિધાનસભામાં આજે રાજ્યમાં ચાલતી સરકારી અને ગ્રાન્ટ ઈન કોલેજમાં મહેકમ વિશે ભાજપના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ પ્રશ્ન પૂછ્યો હતો. જેમાં મંત્રીએ ફોડ પાડ્યો કે ભરતી માટે આયોજન છે પણ એ આવનાર ૧૦ વર્ષમાં કરવામાં આવશે, પરંતુ ક્યારે કરવામાં આવશે? એ મુદ્દે જવાબ આપવાનું ટાળ્યું હતું. આ પ્રશ્નના લેખિત જવાબ બાદ ધારાસભ્યએ મંત્રીએ પૂછ્યું કે છોટા ઉદેપુર જિલ્લાની સરકારી અને ગ્રાન્ટ ઈન કોલેજોમાં કેટલી જગ્યાઓ ખાલી છે. મંત્રીએ જવાબ આપ્યો કે છોટા ઉદેપુર એમાં ૩ સરકારી કોલેજ આવેલી છે, મદદનીશ પ્રાધ્યાપકની ૨૬ જગ્યાઓ માંથી માત્ર ૬ જગ્યાઓ ઈન્ચાર્જમાં ચાલે છે અને ૪ ગ્રાન્ટ ઈન કોલેજમાં માત્ર ૨ જગ્યાઓ ખાલી છે અને ૫૫ જગ્યાઓ બાકી છે.આ પ્રશ્નમાં કરજણના ધારાસભ્ય અક્ષય પટેલે પ્રશ્ન પૂછ્યો હતો કે આચાર્ય અને પ્રાધ્યાપકની ભરતી કેવી રીતે કરવામાં આવે છે.

# અમદાવાદમાં નકલી સાધુએ નાગદોષના નામે 3 લાખનું કરી નાંખ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારના એક વ્યક્તિ પાસેથી 'નાગદોષ' વિધિ કરવાના બહાને ૩.૦૧ લાખ રોકડા અને ઘરેણાં પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે. ભીક્ષા માંગવા આવેલાં સાધુએ રોશનભાઈ ધોબી નામના વ્યક્તિ પાસેથી વિવિધ ધાર્મિક વિધિના નામે અલગ-અલગ રૂપિયા પડાવતા હતાં. લગભગ ૨ મહિના બાદ તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી.

સમગ્ર મુદ્દે ફરિયાદી રોશનભાઈ ધોબીએ જણાવ્યું કે, ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના દિવસે એક શખસ સાધુના પોશાકમાં ઘરે ભિક્ષા માંગવા આવ્યો હતો. દયાળુ થઈને ત્યારે મેં તેમને દસ રૂપિયા આપ્યા હતાં પરંતુ, બાદમાં સાધુએ મારા ભાગ્યમાં 'નાગદોષ' હોવાની ચેતવણી આપી અને તેને દૂર કરવા માટે ધાર્મિક વિધિ કરાવવી પડશે તેવું જણાવ્યું. બાદમાં અમે બંનેએ મોબાઈલ નંબરની આપ-લે કરી હતી. ઘટનાના ત્રણ દિવસ બાદ ૧૬ જાન્યુઆરીએ મને આ સાધુનો ફોન આવ્યો. ફોનમાં તેમણે ધાર્મિક વિધિ માટે ૧૭ હજાર રૂપિયાની માંગણી કરી અને મેં તેમના પર વિશ્વાસ કરી UPI ના માધ્યમે પૈસા ટ્રાન્સફર કર્યા હતાં.' ત્યારબાદ ૨૨ જાન્યુઆરીએ બીજો ફોન આવ્યો. જેમાં સાધુના ગુરૂ હોવાનો દાવો કરતાં એક અન્ય વ્યક્તિએ વાત કરી. તેમણે કહ્યું કે, મારી પાસે રાજસ્થાનમાં પૈતૃક જમીન અને છુપ ાયેલા દાગીના છે. પરંતુ, તે મેળવવા માટે પહેલાં એક ધાર્મિક વિધિ કરવી પડશે. જેથી હું, મારી પત્ની અરૂણા અને મારી બે દીકરીઓ સૂચના અનુસાર અડાલજના ત્રિમંદિર ગયાં. ત્યાં તેમણે ધાર્મિક વિધિ માટે લાખો રૂપિયાના સોના અને ચાંદીના દાગીના, તેમજ ૪૫ હજાર રૂપિયા રોકડા આપ્યાં. ધાર્મિક વિધિ પૂર્ણ થયા બાદ સાધુએ અમને એક લાલ કપડાંમાં લપેટેલું વાસણ આપ્યું, જેમાં રોકડ અને દાગીના છે તેવું કહ્યું. પરંતુ, આ વાસણ ફક્ત ધાર્મિક વિધિ પૂર્ણ થાય બાદમાં જ ખોલવા જણાવ્યું હતું. છેતરપિં ડી કરનારાઓએ પાછળથી ફરી ૧૧ હજાર રૂપિયા માંગ્યા અને કહ્યું કે, ધાર્મિક વિધિ પૂરી કરવા માટે આ જરૂરી છે. પરંતુ, ત્યારે અમને શંકા ગઈ અને અમે અમને આપેલાં વાસણનું તાળું ખોલી તપાસ્યું તો તે ખાલી હતું. ત્યારે અમને જાણ થઈ કે, અમારી સાથે છેતરપિંડી થઈ છે.

છેતરપિંડી થઈ હોવાની જાણકારી થયા બાદ રોશનભાઈએ વારંવાર કથિત સાધુઓને સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પરંતુ, તમામ પ્રયાસ નિષ્ફળ રહ્યાં. બાદમાં અમે છેલ્લે પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ દાખલ કરાવી. હાલ પોલીસ તમામ માહિતી મેળવી આ છેતરપિંડી કરનારની તપાસ હાથ ધરી છે.

છેતરપિંડી કરનાર સાધુને સોંપવામાં આવેલી કિંમતી વસ્તુઓ

૨ તોલા વજનનો સોનાનો હાર
(આશરે ૨.૮ લાખ રૂપિયા)
૧ તોલા વજનનો સોનાનો ચેઈન
(આશરે ૩૦,૦૦૦ રૂપિયા)
સોનાની બુટ્ટીઓની જોડી
(આશરે ૬૦,૦૦૦ રૂપિયા)
૫૦૦ ગ્રામ વજનનો ચાંદીનો પાવડો
(આશરે ૩૦,૦૦૦ રૂપિયા)

કુલ ૩,૦૧,૦૦૦ નું નુકસાન થયું, જેમાં ઘરેણાં, રોકડ અને મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે.

# ગાંધીનગરમાં TET-TAT ઉમેદવારોનું મહા આંદોલન

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

ગુજરાત વિધાનસભામાં સત્ર દરમિયાન જ્યાં કોંગ્રેસ દ્વારા ભાજપ સરકાર સામે આજે સરકારી કોલેજોમાં ભરતી કરવા મુદ્દે પ્રશ્નો કરવામાં આવ્યા હતા. ત્યારે બીજી બાજુ ધોરણ ૧ થી ૫માં જગ્યાઓ વધારવાની માંગ સાથે ઉમેદવારો પહોંચી ગયા હતા. વિધાનસભા બજેટ સત્ર ચાલી રહ્યું છે, ત્યારે ગાંધીનગર વિધાનસભા ફરતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી વિરોધ પ્રદર્શન કરવા આવતા લોકોને રોકવામાં આવે છે. ત્યારે બીજી બાજુ આજે વિધાનસભાથી થોડે દૂર વિદ્યા સમીક્ષા ભવન ખાતે ઉમેદવારો પહોંચી ગયા હતા. આ ઉમદેવારોએ ભવન આગળ સૂત્રોચાર કરી અને પોસ્ટર બતાવી પોતાની માંગણીઓ રજૂ કરી હતી. ઉમેદવારોએ જગ્યા વધારીને માંગ સાથે સૂત્રોચાર કર્યા હતા. જ્યાં પોલીસ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી હતી. આ ઉમેદવારો માંગણી કરી રહ્યા છે કે તારીખ ૩૧ મે ૨૦૨૫ના રોજ ૩૩૭૪ શિક્ષકો નિવૃત્ત થશે અને ૨૧,૨૫૪ જેટલી જગ્યાઓ ખાલી પડશે.

### કેન્દ્ર સરકાર દ્વારા ટેકાના ભાવે કપાસની ખરીદી શરૂ કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ખેડૂતોને દરેક પાકના પોષણક્ષણ ભાવ મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે સરકાર દ્વારા હવે કપાસના પાકની પણ ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. ભારત સરકારના જાહેર સાહસ-ભારતીય કપાસ નિગમ લી. દ્વારા આગામી સપ્ટેમ્બર-૨૦૨૫ સુધી કપાસની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ભારત સરકારે કપાસ માટે રૂ. ૭,૪૭૧ ટેકાનો ભાવ જાહેર કર્યો છે. ટેકાના ભાવે કપાસનું વેચાણ કરવા ઈચ્છતા રાજ્યના ખેડૂતોએ આગામી તા. ૧૫ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ખરીદ કેન્દ્રો ખાતેથી ભારતીય કપાસ નિગમના ઈ-માર્કેટ પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે. આ સમયમર્યાદામાં અરજી કરી હશે, તેવા ખેડૂતો પાસેથી જ કપાસની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ભારતીય કપાસ નિગમ દ્વારા અમદાવાદ ઝોનના ખેડૂતો માટે બહાદરપુર, બાવળા, બોડેલી, ચાણસ્મા, ડભોઈ, દહેગામ, ધંધુકા, ધોળકા, હાંડોદ, હારીજ, હિંમતનગર, ઈડર, જાદર, કલેડીયા, કપડવંજ, કરજણ, કોસિન્દ્રા, કુકરમુંડા, માણસા, નસવાડી, નિઝર, પાલેજ, પાવીજેતપુર, સમલાયા, સાઠંબા, તલોદ, વડાલી, વાલિયા, વિજાપુર અને વિસનગર ખાતે ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, રાજકોટ ઝોનના ખેડૂતો માટે અમરેલી, બાબરા, બગસરા, રાજુલા, સાવરકુંડલા, દામનગર, ટીંબી, ખાંભા, ગારીયાધાર, મહુવા, પાલીતાણા, ઉમરાળા, તળાજા, બોટાદ, ઢસા, રાણપુર, ગઢડા, ભાણવડ, ઉના, ધ્રોલ, જામ-જોધપુર, જામનગર, કાલાવડ, માણાવદર, અંજાર, ભુજ, માંડવી, હળવદ, મોરબી, વાંકાનેર, પોરબંદર, ધોરાજી, ગોંડલ, જસદણ, જામકંડોરણા, જેતપુર, કોટડા-સાંગાણી, રાજકોટ, ઉપલેટા, ચોટીલા, ધ્રાંગધ્રા, લીંબડી, વઢવાણ અને લખતર ખાતે ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. આ સંદર્ભે ખેડૂતોની સમસ્યા અથવા ફરિયાદ માટે વોટ્સએપ હેલ્પલાઈન નંબર +૯૧ ૭૭૧૮૯૫૫૭૨૮ જાહેર કર્યો છે. ખેડૂતો આ નંબર પર મેસેજ મોકલીની સમસ્યા અથવા ફરિયાદ નોંધાવી શકે છે.

### રીડેવલપ કરવાની કામગીરી અમદાવાદ મહાનગરપાલિકા હાથ ધરશે

# ખારીકટ કેનાલ રીડેવલપમેન્ટ ફેઝ-રની કામગીરી માટે અંદાજે ૧૦૦૩ કરોડ રૂપિયાના કામો મંજૂરી

### ખારીકટ કેનાલ રીડેવલપમેન્ટના પ્રથમ તબક્કામાં ૧૨.૭૫ કિલો મીટરની લંબાઈમાં ૮૦ ટકા ડેવલપમેન્ટ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરપાલિકાને ખારીકટ કેનાલ રીડેવલપમેન્ટ ફેઝ-૨ની કામગીરી માટે અંદાજે ૧૦૦૩ કરોડ રૂપિયાના કામો મંજૂરી આપી છે. આ ફેઝ-૨ અંતર્ગત સ્ટ્રેચ-૧માં એસ.પી. રીંગ રોડથી નરોડા સ્મશાન ગૃહ, સ્ટ્રેચ-૨માં વિંઝોલ વહેળાથી ઘોડાસર (આવકાર હોલ), સ્ટ્રેચ-૩ અન્વયે ઘોડાસર (આવકાર હોલ)થી વટવા ગામ અને સ્ટ્રેચ-૪ તથા ૫માં વટવા ગામથી એસ.પી. રીંગ રોડ સુધીની હયાત કેનાલને રીડેવલપ કરવાની કામગીરી અમદાવાદ મહાનગર પાલિકા હાથ ધરશે. તદઅનુસાર, આર.સી.સી. સ્ટોર્મ વોટર બોક્સ સ્ટ્રક્ચર, રોડ, ફૂટપાથ ડેવલોપમેન્ટ, રિટેઈનિંગ વોલ, વોટર સપ્લાય પાઈપલાઈન, ઈરીગેશન સ્ટ્રક્ચર, સ્ટોર્મ વોટર એક્સટેન્શન, સિવર સિસ્ટમ વગેરે કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાંથી પસાર થતી સિંચાઈ વિભાગ દ્વારા નિર્મિત ખારીકટ કેનાલની કુલ લંબાઈમાંથી ફેઝ-૧માં સમાવિષ્ટ કામો બાદ બાકી રહેતી લંબાઈમાં એસ.પી. રીંગ રોડથી મુઠીયા ગામ થઈને નરોડા સ્મશાન ગૃહ સુધી તથા વિંઝોલ વહેળાથી ઘોડાસર આવકાર હોલ થઈ વટવા થઈને એસ.પી. રીંગ રોડ સુધીની હયાત ખારીકટ કેનાલ હાલ ખુલ્લામાં છે. એટલું જ નહીં, સમયાંતરે અમદાવાદ શહેરનો વ્યાપ વધતા કેનાલની બન્ને તરફ થયેલા વિકાસને કારણે કેનાલ બેડમાં ઘન કચરાનું મિશ્રણ થતાં કેનાલનું પાણી પ્રદૂષિત થવાને લીધે જાહેર આરોગ્યને પણ હાની પહોંચવાની સમસ્યા રહે છે. આ ઉપરાંત ખારીકટ કેનાલની બન્ને તરફના ટી.પી. વિસ્તારોને કનેક્ટિવિટીના પ્રશ્નો પણ ઊભા થતાં હોય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા આ સમસ્યાઓના ત્વરિત અને સુચારુ નિરાકરણ માટે ખારીકટ કેનાલ ડેવલોપમેન્ટની કામગીરી અમદાવાદ મહાનગરપાલિકાને સોંપવામાં આવેલી છે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આ ખારીકટ કેનાલની કુલ લંબાઈ પૈકી પ્રથમ તબક્કા ફેઝ-૧માં નરોડા સ્મશાનથી વિંઝોલ વહેળા સુધીની ૧૨.૭૫ કિલોમીટરની લંબાઈમાં કેનાલ ડેલવલપમેન્ટની કામગીરી અન્વયે ૮૦ ટકા કામ પૂર્ણ થયુ છે. આ હેતુસર ફેઝ-૧ માટે ફાળવવામાં આવેલા ૧૩૩૮ કરોડ રૂપિયામાંથી અત્યાર સુધીમાં રૂ.૭૦૦ કરોડથી વધુનો ખર્ચ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હવે, આ ખારીકટ કેનાલની ફેઝ-૧ સિવાયની બાકી રહેતી લંબાઈમાં ફેઝ-૨ અંતર્ગત વિવિધ પાંચ સ્ટ્રેચમાં હયાત કેનાલને રીડેવલપ કરવાની કામગીરીને મંજૂરી આપી છે.

### સિવિલ કિડની હોસ્પિટલમાં ભરતી કૌભાંડ

# જાહેરાત આપ્યા વગર જ છેલ્લા ૨૦ વર્ષમાં ૨૯૭ની ભરતી

### હોસ્પિટલમાં વર્ષ ૨૦૦૪ થી ૨૦૨૩ દરમિયાન ૨૯૭ લોકોની ભરતીમાં ગેરરીતિ આચરવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદના સિવિલ સંકુલમાં આવેલી IKDRC કિડની હોસ્પિટલમાં છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહેલા ભરતી કૌભાંડનો પર્દાફાશ સામે આવ્યો છે. કોંગ્રેસે CAGના અહેવાલને ટાંકીને આરોપ લગાવ્યો છે કે હોસ્પિટલમાં વર્ષ ૨૦૦૪ થી ૨૦૨૩ દરમિયાન ૨૯૭ લોકોની ભરતીમાં ગેરરીતિ આચરવામાં આવી છે. આ તમામ ભરતીઓ કોઈપણ જાહેરાત આપ્યા વગર જ ગુપચુપ રીતે કરવામાં આવી હતી. કોંગ્રેસે જણાવ્યું કે, CAGના અહેવાલમાં ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. સિવિલ કિડની હોસ્પિટલના ૫૮ ડોક્ટરો અને અધ્યાપકોમાંથી ૩૪ને કોઈપણ જાહેરાત વગર જ પાછલા બારણેથી નોકરી આપવામાં આવી. નિવૃત્ત અધિકારીઓને નોકરી પર રાખવા માટે સરકારની પૂર્વ મંજૂરી જરૂરી હોવા છતાં ૧૨ નિવૃત્ત અધિકારીઓને ઊંચા પગારે નોકરી પર રાખવામાં આવ્યા. કોંગ્રેસે RMO બાબતે આક્ષેપ કરતા કહ્યું કે, ૧૯૭૮માં MBBSમાં પ્રવેશ આપવામાં આવે છે. ૧૯૯૩માં તેને ફરજીયાત RMO કરવામાં આવે છે. ૨૦૦૨ થી ૨૦૦૩ રજા લઈને તેણે પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હતો. ૨૦ વર્ષ સુધી વીરેન ત્રિવેદી MBBSનો અભ્યાસ જ કર્યા કરે છે. ૨૪ કલાકમાં જ વીરેન ત્રિવેદીને ઈર્ં બનાવી દેવામાં આવ્યા હતા. ડો. વિરેન ત્રિવેદીને પ્રોફેસર ન હોવા છતાં રિસર્ચના નામે ૯ લાખ રૂપિયા આપવામાં આવ્યા. હોસ્પિટલના ડાયરેક્ટરના PA અને RMO ના સગા-સંબંધીઓને પણ નોકરી આપવામાં આવી. ડો. પ્રાંજલ મોદી સહિત અન્ય ડોક્ટરોને નેશનલ મેડિકલ કાઉન્સિલના નિયમો વિરુદ્ધ બઢતી આપવામાં આવી. ડો. ઉમંગ ઠક્કરને અનુસ્નાતક ડિગ્રી ન હોવા છતાં એસોસિયેટ પ્રોફેસર બનાવવામાં આવ્યા. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે હોસ્પિટલમાં લાગતા વળગતા લોકોને જ નોકરીઓ આપવામાં આવી છે, જ્યારે ગુજરાતના લાખો યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. કોંગ્રેસે આરોગ્યમંત્રી પાસેથી આ મામલે જવાબ માંગ્યો છે અને વિધાનસભામાં ચર્ચાની માંગ કરી છે. કોંગ્રેસે માંગ કરી છે કે આ ભરતી કૌભાંડમાં સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. આ કૌભાંડને કારણે ગુજરાતના રોષના માહોલ જોવા મળ્યો છે. અને ગુજરાતના નાગરિકો સરકાર પાસે પારદર્શક તપાસની માંગ કરી રહ્યા છે. આગામી સમયમાં આ મુદ્દો વિધાનસભા પહોંચે તો નવાઈ નહી હોય.

